કુમાર

સંસ્થાપક • સ્વ. રવિશંકર રાવળ


આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક · વર્ષ ૫૬મું · અંક ૭મો · માહે જુલાઇ · ઈ. ૧૯૭૯

તંત્રી·બચુભાઈ રાવત



પ્રતિબિંબ (ફોટો : ઘનસુખ પટેલ) દર્પણમાં પોતાનું (તથા કદાચ છબીકારનું પણ) પ્રતિબિંબ જોઈ ટીખળ પામતો બાળક આ છબી દ્વારા જાણે કે આપણી સાથે પણ હાકડાલી રમી લે છે. સામેથી તેમ જ બાજુમાંથી એ બે રીતે રજૂ થતો તેનો ચહેરો છબીમાં વધુકું આકર્ષણ ઉમેરે છે. તેના માથે ઊભી થએલી લટથી આરંભાઈને ડાબા હાથ સુધી ઊતરી ત્યાંથી વંકાઇને જમણા હાથની આંગળીઓ સુધી ખેંચાતી દૃષ્ટિરેખા છબી-સંયોજનમાં ભલે આકસ્મિક હશે, પણ ચિત્રવિષયના કેન્દ્રસ્થાને સ્થિર થઈ તેને ઉઠાવ આપે છે. આ આંતરરાષ્ટ્રીય બાલ-વર્ષ નિમિત્તે 'કૅમેરા પિક્ટોરીઆલિસ્ટ ઑવ બરોડા'એ યોજેલા બાળકોની જ છબીઓના એક પ્રદર્શનમાંની કેટલીક ચૂંટેલી કૃતિઓ તથા બાલવિષયક અન્ય લેખો સાથેની પુસ્તિકા 'શૈશવ'માંની આ છબી એમના સૌજન્યથી અહીં આપી છે. (જુઓ આ અંકની 'કલાવાર્તા')

સળંગ ૬૬૭મો અંક



મનની વાત — ચિત્રકાર - કૃષ્ણલાલ ભટ્ટ

હરીભરી નિસર્ગની વચ્ચે મુક્ત મને વિહરતાં સ્ત્રીપાત્રોનું સૌંદર્ય નહિ પણ એમનું સખ્ય એ આ ચિત્રનો વિષય છે. બંને સખીઓને એકબીજાની તદ્દન નજીક દર્શાવીને તેમનાં ઐક્ય તથા એમના હાથની ગૂંથણી દ્વારા એમના સખ્યની પ્રગાઢતાને ચિત્રકારે વ્યક્ત કરી છે. પશ્ચાદ્‌ભૂની નિસર્ગશ્રી ચિત્રમાં બંને સખીઓને ઉઠાવ આપવા સાથે એમની એકરાગતાની પણ દ્યોતક બની રહી છે.

કુમાર

જુલાઈ ૧૯૭૯ • અંક ૬૬૭

તંત્રી: બચુભાઈ રાવત — ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ જૂનો ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે હોતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત • મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ • વાર્ષિક લવાજમ : રૂ. ૨૪.૦૦; પરદેશ : રૂ. ૪૮ અથવા પાઉન્ડ ૩ અથવા ડૉ. ૬ ૦૦; છૂટક નકલ : રૂ. ૨.૫૦

વાચકો લખે છે...

નાથાલાલ મંડલી અને હરિહર ભટ્ટ

અંક ૬૬૨માં 'અદ્વિતીય અને અદ્ભુત ગણિતજ્ઞ રવુભા' એ 'માધુકરી' વિભાગમાંના શ્રી પ્રફુલ્લ રાવલના લેખમાં મિતાક્ષરથી રવુભાનો જે પરિચય આપ્યો છે તે ખરેખર સુંદર છે. એ લેખમાં પથુભા, નાથાલાલ મંડલી તથા હરિહર ભટ્ટનાં નામોનો ઉલ્લેખ છે. એમાંનાં છેલ્લાં બે નામો જ્યોતિષ અને ખગોળના ક્ષેત્રે જાણીતાં છે. તે બંને મહાનુભાવો આજે સદ્ગતિ પામ્યા છે. ઈ. ૧૯૭૬ના 'ઊર્મિ–નવરચના'ના અંકોમાં 'બીજ માર્ગ' તેમ જ 'ચમત્કારો' અંગે સદ્ગત નાથાલાલ મંડલીના લેખો વાંચેલા અને રવુભાના લેખમાં તેમનો નામોલ્લેખ થતાં તેમના જીવન વિષે પણ જાણવાની જિજ્ઞાસા થઈ. તેમના જીવન અને કાર્ય વિષે આવો જ પરિચયલેખ 'કુમાર'માં પ્રસિદ્ધ થશે તો આનંદ થશે. વેધશાળા તેમ જ 'સુગણિતમ્ ટ્રસ્ટ દ્વારા 'હરિહર નિબંધ સ્પર્ધા'નું આયોજન પ્રતિવર્ષ થાય છે. એમનો પણ પરિચય અધિકારી વ્યક્તિ દ્વારા જો 'કુમાર'માં આપવામાં આવશે તો જરૂર તે પ્રેરણાપ્રદ બની રહેશે.

(અમદાવાદ) —ભૂપેન્દ્ર એન. ધોળકિયા

સૂર્યપ્રતિમા

નવેમ્બર '૭૮ના અંકમાં રણજિતસિંહ ચાવડા ને કમલેશ વિસાણીએ સૂર્યમૂર્તિ હોવાની સંભાવના સાથે 'વાચકો લખે છે' વિભાગમાં મૂર્તિનો ફોટો આપ્યો હતો. મૂર્તિને ઠીક ઠીક ઘસારો લાગ્યો હોવાથી સૂર્યમૂર્તિમાં હોલબૂટ હોવા જોઈએ તે અહીં સ્પષ્ટ નથી. પરંતુ ઝાંખું ઝાંખું પ્રતીત થાય છે કે મૂર્તિને હોલબૂટ હશે. પગની લંબાઈ જોતાં આ પ્રતિમા સોલંકી કાળની હોય તેમ લાગે છે. કેડ સુધીનો ભાગ સ્પષ્ટ હોવાથી આ મૂર્તિ દ્વિભુજ હશે. પગ પાસેની સ્ત્રી-પ્રતિમા નિક્ષુભા ને રાજ્ઞી માની શકાય. પરંતુ પાસે જો બે પુરુષ પ્રતિમા હોત તો સૂર્યમૂર્તિ હોવાની સંભાવના સરળ બની હોત.

પગમાં હોલબૂટ હોવા એ ઈરાની શિલ્પશૈલીની અસર હોય એમ મનાય છે. આ અસર માત્ર પશ્ચિમ ભારત પૂરતી જ મર્યાદિત છે. દક્ષિણ ભારતની મૂર્તિઓમાં હોલબૂટ હોતા નથી, જે દક્ષિણ તરફની મૂર્તિઓ જોતાં સ્પષ્ટ જણાઈ આવશે. પશ્ચિમ ભારતમાં દરિયા કિનારાના ભાગમાં ઈરાન તરફથી અવારનવાર અનેક પ્રજાઓ આવી છે. એવી કોઈક પ્રજા સૂર્યમૂર્તિમાં હોલબૂટની પ્રથા લઈને આવી હશે જેની વ્યાપક અસર પશ્ચિમ ભારતની સૂર્યમૂર્તિઓમાં જોવા મળે છે. ઈ. સ.ની પહેલી સદીની આસપાસની જો કોઈ સૂર્યમૂર્તિ પશ્ચિમ ભારતમાંથી મળી આવે તો સંભવ છે કે આ ઈરાની અસર તેના પર ન પણ પડી હોય. અર્થાત્ ઈ. સ.ની પહેલી સદી પછીની સૂર્યમૂર્તિની શૈલીમાં ઈરાની અસર પ્રવેશી ચૂકી હશે. છતાંય મૂર્તિશાસ્ત્રના વિદ્વાનો આના પર વિશેષ કહી શકે.

(અમદાવાદ) —ભૂપેન્દ્ર એન. ધોળકિયા

શિવામ્બુ-સ્વમૂત્ર-નો ચમત્કાર

શિવામ્બુના ઉપચાર જિજ્ઞાસા પ્રેરે છે. તેની સચોટતા દર્શાવતો મારા મિત્રનો કિસ્સો રજૂ કરું છું.

ત્રીસ વર્ષની ઉંમરથી તેમના કાન પાકતા. પરુ દૂઝે અને સણકા પીડે. ઍલોપથીની દવાનાં ટીપાંથી રાહત રહે. વરસો વીતતાં કાનમાં ખણુજ ઊપડી. એક સ્નેહીના કહેવાથી સાઠ વર્ષની ઉંમરે તેમણે સ્વમૂત્રનાં ટીપાં કાનમાં નાખવાનું સ્વીકાર્યું. આશ્ચર્ય થયું. પરુ તો મટ્યું પણ ખણુજની પીડા યે ગઈ. આથી પ્રભાવિત થઈ તેમણે જમણા પગની ઘૂંટી ઉપર જાડી થએલી ચામડી ઉપર શિવામ્બુ ઘસવા માંડ્યું. પંદરેક દિવસે ચામડી અસલ જેવી મુલાયમ થઈ! અર્ધા માથા સુધી ટાલ હતી. કુતૂહલથી પ્રેરાઇને માથા ઉપર પણ પેશાબ ઘસવાનું શરૂ કર્યું. અને માનશો? ત્રણેક મહિના જતાં રોજ પાંચ મિનિટના ઉપચારથી ટાલ ઉપર વાળની રુવાંટી જણાઈ ને છ મહિના પછી તો અર્ધી ટાલ ઉપર વાળ ઊગ્યા! આજે અવારનવાર વાળ કપાવ્યા છતાં ય એકાદ ઇંચ લાંબા વાળ હવામાં લહેરાતા દેખાય છે. વળી, દાઢનો દુખાવો ઊપડ્યો શિવામ્બુ ઘસવાનું શરૂ કર્યું. દુખતી અને હાલતી દાઢ જડબાના પોલાણમાં દૃઢ બની ગઈ. શરદી-સળેખમના અવારનવારના ત્રાસમાંથી બચવા ઊંડા શ્વાસ સાથે નાક વાટે શિવામ્બૂ લેવા માંડ્યું. ગળામાં આવતાં એ એને થૂંકી નાખતા. શરદી મટી તો ગઈ પણ તે ફરી દેખા ન દે તે માટે હજી અવારનવાર નાકવાટે શિવામ્બુ લેવાનું તેમણે ચાલુ રાખ્યું છે.

આ જ રીતે ૧૯૭૫ના અરસામાં ધોતિયાની ઓટીની આંટીથી ગરમી, પરસેવાની ભીનાશ ને દબાણના કારણે કેડ ઉપર સોજા જેવું થઈ ત્યાં સતત ચેળ આવવા લાગી અને જાહેરમાં રુચિભંગ થાય એટલી હદે ખજવાળવું પડે એવી સ્થિતિ થઈ. એક વાર અતિ ખજવાળવાથી લોહી નીકળ્યું ને દવાખાને દોડવું પડ્યું. લોહી તો બંધ કર્યું પણ ડાક્તરે ચામડી ઉપર કૅન્સરની પૂર્વસ્થિતિની શંકા વ્યક્ત કરી. આના ઉપર સ્વમૂત્ર ઘસવાનો પ્રયોગ કરી જોયો અને અઠવાડિયામાં ચામડી ઉપર રૂઝ આવી. આજે ચાર વર્ષ પછી યે કેડની ચામડી સુંવાળી, સ્વચ્છ અને નીરોગી રહી છે.

સત્યાગ્રહની ચળવળમાં ભાગ લેનારા અને આજે યે ગાંધીયુગની યાદ આપે એવાં કપડાં પહેરતા શિવામ્બુના હિમાયતી બની ગએલા આ ભાઈનું નામ છે રતિલાલ જેઠાલાલ શાહ.

(ઉમરેઠ) —(ડૉ.) શિવપ્રસાદ ત્રિવેદી

વિનોદની નજરે

હું આમ તો 'કુમાર' વાંચતો ન હતો. પરંતુ જાન્યુઆરી '૭૯થી નિયમિત ગ્રાહક થયો છું. અને બધા વિભાગો વાંચવાનું ઘણું જ ગમે છે. તેમાં પણ ખાસ કરીને 'વિનોદની નજરે' વિભાગ મારો ખાસ પ્રિય છે. પરંતુ છેલ્લા બિત્રણ અંકો જોતાં એવું લાગે છે કે 'વિનોદ' પાસે સામગ્રી ઘટતી જાય છે ને અમને વાચકોને એવી ભીતિ લાગે છે કે કદાચ આ વિભાગ બંધ ન થઈ જાય. મારું સૂચન છે કે સાહિત્યકારોનાં રેખાચિત્રોની જેમ જ આપણા રાજકીય નેતાઓનાં (ખાસ કરીને ગુજરાતના) રેખા ચિત્રોની લેખમાળા વિનોદ રજૂ કરે તો ઘણું આવકારપાત્ર થઇ પડશે અને વાચકોને ગમશે.

(વિલે પારલે-મુંબાઇ) —કિશોર દેસાઈ

વિનોદની નજરે અને બીજું

આપનું 'કુમાર' ખૂબ જ સુંદર માસિક છે. તેમાં આવતી વિનોદ ભટ્ટની કૉલમ ખૂબ જ પ્રિય થઈ પડી છે. અને આ અંકમાં વિનોદ ભટ્ટ 'વિનોદ ભટ્ટની નજરે' આ લેખ તો ખૂબ જ ગમ્યો. કોઈ પણ વ્યક્તિ બીજી વ્યક્તિની ખામીઓ અને ખૂબીઓનું વર્ણન હળવી શૈલીમાં કરી શકે, પરંતુ પોતાના વ્યક્તિત્વનો પરિચય હળવી શૈલીમાં આપવો એ અઘરી વાત છે. તેમાં શ્રી વિનોદ ભટ્ટે ખૂબ જ સુંદર રીતે પોતાની ખામીઓનું વર્ણન કર્યું છે તે માટે તેઓને અભિનંદન. તેઓ આ લેખમાળા ચાલુ રાખે તેવી આશા વ્યક્ત કરું છું. અને જેમના વિષે તેઓ લખે છે તેઓનો ટૂંક પરિચય આપવામાં આવે તો તે વ્યક્તિ વિષે વધુ જાણવાનું મળશે. દા. ત. ફેબ્રુઆરીના અંકમાં શ્રી વસુબહેન વિષે લખવામાં આવ્યું છે, પરંતુ વસુબહેનનો પૂરા નામ સાથે થોડો પરિચય આપવો જરૂરી છે. સામાન્ય વાચક દરેક પ્રખ્યાત વ્યક્તિને ઓળખતો જ હોય એમ માની ન લેવાય.

બીજું શ્રી શંકરદેવ વિદ્યાલંકારની પરિચિત પુષ્પોની વિશેષ ઓળખ આપતી લેખમાળા પણ અભિનંદનને પાત્ર છે. માર્ચ અંકમાં આવેલી લઘુકથા 'દરવાજો' પણ ખૂબ સુંદર અને

ચોટદાર લાગી. લેખકે નાની વાતમાં આપણા સમાજમાં હજુ પણ ચાલુ રહેલી અસ્પૃશ્યતાનાં દર્શન વાચકને કરાવ્યાં છે. ઉપરાંત પં. દીનદયાળ ઉપાધ્યાયનું ચરિત્ર પણ ભાઈશ્રી વિષ્ણુ પંડયાએ ખૂબ જ સુંદર રીતે આલેખ્યું છે.

ખરે જ 'કુમાર' ભાવિ નાગરિકોનું ઘડતર કરતું ગુજરાતી ભાષાનું આગવું માસિક છે.

(કોડીનાર) —ઈલા જે. જાની

સ્વામી સહજાનંદ

'કુમાર' અંક ફેબ્રુ.-માર્ચ ૧૯૭૯ના બન્ને અંકોમાં સ્વામી સહજાનંદની જન્મ તારીખ વિષે વાત થએલી છે. શ્રી હીરાભાઈ રાઠોડ શ્રી સહજાનંદ સ્વામીનો જન્મ ચૈત્ર સુદ ૯, વિક્રમ સંવત ૧૮૩૭, તા. ૨-૪-૧૭૮૧ ને સોમવાર ગણાવે છે. જ્યારે સ્વામીનારાયણ સંપ્રદાય તરફથી હમણાં પ્રસિદ્ધ થએલી કવિશ્રી હરીન્દ્ર દવે લિખિત 'ભગવાન સ્વામીનારાયણ' નામની પુસ્તિકામાં પૃ. ૭ ઉપર ઈ. સ. ૧૭૮૧ અને એપ્રિલની ત્રીજી તારીખ ગણાવે છે આ બન્ને બાબતોનો વિચાર કરતાં શ્રી હરીન્દ્ર દવે યોગ્ય જણાતા નથી. શ્રી રાઠોડ બરાબર જણાય છે. પંચાંગ જોતાં ૧૭૮૧ના એપ્રિલની ત્રીજી તારીખે ચૈત્ર સુદ ૯ રામનવમી નથી. જ્યારે તા. ૨-૪-૧૭૮૧ને સોમવારે ચૈત્ર સુદ ૯ રામનવમી છે. આ હિસાબે સાંપ્રદાયિક પુસ્તિકા કરતાં 'કુમાર'ના વાચકો લખે છે તે સાચું છે.

આ નિમિત્તે સ્વામીનારાયણ સંપ્રદાયનો એક બીજો મુદ્દો પણ તપાસવા જેવો છે. ઉત્તરપ્રદેશમાંથી સહજાનંદ સૌરાષ્ટ્રના માંગરોળ બંદરે ઊતર્યા અને લોએજ ગામમાં સ્વામી રામાનંદને મળ્યા. આ રામાનંદ મૂળ કયા સંપ્રદાયના હતા તેની સ્પષ્ટતા થતી નથી. સ્વામીનારાયણ સંપ્રદાયવાળા રામાનંદને ઉદ્ધવમતના કહે છે અને વળી આ ઉદ્ધવમત પ્રવર્તક સ્વામી રામાનંદ ઉદ્ધવાવતાર મનાય છે, એટલે કે સંપ્રદાયના પ્રથમ પુરુષ રામાનંદ છે. આ વિષયે વધારે વિચાર કરતાં 'રામાનંદ' આવું નામ અને 'ઉદ્ધવ' એવો મત 'દશનામ દર્શન' સાથે જોડાએલો જણાય છે. બદ્રિકાશ્રમ અને ત્યાંના જ્યોતિર્મઠની પરંપરામાં 'આનંદ' બ્રહ્મચારી છે. એ બ્રહ્મચારી પરંપરા રામાનંદ ને સહજાનંદમાં ઊતરી છે. વળી ઉદ્ધવમત એવું નામ પણ શ્રીમદ્ શંકરાચાર્ય પ્રણીત મઠામ્નાયમાં પાંચમી આમ્નાય ઉદ્ધવામ્નાય છે એ જ ઉદ્ધવમત રામાનંદનો હોઈ શકે. સ્વામી સહજાનંદે બધા જ સંપ્રદાયોનો સમન્વય કરીને શૈવ, શાક્ત અને વૈષ્ણવને એક કરેલા છે તે આ બાબતમાં પણ જોઈ શકાય છે. શંકરાચાર્ય પણ શૈવ હોવા છતાં યે વૈષ્ણવ પરંપરાના છે આજે તેનો સામ્પ્રદાયિક પરિવાર દશનામ સાધુઓ પણ શૈવ હોવા છતાં નારાયણને દેવ માને છે, જે સ્વામી અને નારાયણ સાથે સામ્ય ધરાવે છે. ઇતિહાસ વિનાની દૃષ્ટિએ આ સંપ્રદાયો પરસ્પર મતભેદ ઊભા કરે છે અને એકબીજાને ઉચ્ચનીચ માને છે પરંતુ બધા સંપ્રદાયોનું મૂળ એક જ છે. ભારતીય ધાર્મિક પરંપરાનું આ રહસ્ય છે.

(પોરબંદર) —ગોસ્વામી મોહનપુરી

૨

સ્વ. કિશોરલાલ ઘનશ્યામલાલ મશરૂવાળા પોતાના પુસ્તક 'સહજાનંદ સ્વામી અથવા સ્વામીનારાયણ સંપ્રદાય' (બીજી આવૃત્તિ પુનર્મુદ્રણ, ડિસેમ્બર ૧૯૫૯, પૃષ્ઠ ૧૩-૧૪)માં જણાવે છે કે ઘનશ્યામ (સહજાનંદ સ્વામી)નો જન્મ છપૈયા મધ્યે સંવત ૧૮૩૭, ઈ. ૧૭૮૧ની રામનવમીને દિને રાત્રે દસ વાગ્યે થયો હતો. પિતાનું નામ હરિપ્રસાદ પાંડે (ધર્મ) ને માતાનું નામ પ્રેમવતી (ભક્તિ). આ બાબતમાં શ્રી વિષ્ણુ ભગત (ફેબ્રુઆરી ૧૯૭૯, પૃ. ૩૨) ને શ્રી હીરાભાઈ પી. રાઠોડ (માર્ચ ૧૯૭૯, પૃષ્ઠ ૯૫)નાં કથન યથાર્થ છે.

(મુંબાઇ) —વી. બી. ગણાત્રા

મુદ્રણદોષ / તાનાજી માલુસરે

'આ માસ (ફેબ્રુઆરી) ઇતિહાસ'માં તા. ૪/૧૬૦૦ને બદલે તા. ૪/૧૬૭૦ જોઇએ. આત્મબલિદાન આપીને તાનાજી માલુસરેએ સિંહગઢ પર વિજય મેળવ્યો. શિવાજીને એ 'ગઢ' મળ્યો, પણ એની સેનાનો 'સિંહ' ગયો. (Shivaji and His Times–Jadunath Sarkar, 1973, P. 164-6.)

(મુંબાઇ) —વી. બી. ગણાત્રા

શ્રવણનાં માતાપિતા

માર્ચ અંકમાં શ્રવણનાં માતાપિતાના નામની ચર્ચા શરૂ થઈ છે. કોઇએ પ્રમાણભૂત ગ્રંથનાં નામો આપ્યાં નથી.

શ્રી વાલ્મીકીય રામાયણ રામચરિત્ર માટે સૌથી પ્રાચીન અને પ્રમાણભૂત ગ્રંથ છે. તેમાં અયોધ્યા કાંડમાં ૬૩-૬૪ સર્ગમાં શ્રવણની કથા આવે છે. તેમાં 'શ્રવણ' નામ મળતું નથી. માત્ર તપસ્વી કે મુનિકુમાર તરીકે વર્ણન છે. તેનાં માતાપિતાનાં નામો પણ આપ્યાં નથી.

શક્ય છે કે બીજા કોઈ રામાયણમાં કે રામાયણની ટીકામાં તે નામો હોય, પણ તે કેટલે અંશે ઐતિહાસિક ગણી શકાય તે સમસ્યા છે.

'વિનોદની નજરે વિનોદ' વાંચવું ગમ્યું. હળવી શૈલીમાં શ્રી વિનોદ કેટલીક વ્યક્તિઓનાં રેખાચિત્રો આપે છે, પણ પોતે પોતાનો પરિચય આપવો અને પોતાની સારીનરસી બન્ને બાજુઓનું તટસ્થરીતે નિરૂપણ કરવું કઠિન છે. શ્રી વિનોદભાઈ એવું કરી શકયા લાગે છે. અભિનંદન.

(સિહોર) —એમ. બી. રાજ્યગુરુ

ઍટમ અને મોલેક્યુલ

'કુમાર' મારું પ્રિય માસિક છે. તેના અંકોની આતુરતાપૂર્વક રાહ જોઈ રહીએ છીએ. ખાસ કરીને બહાદુરશાહ પંડિતનો 'વિચારવિશેષ' વિભાગ, વિનોદ ભટ્ટનો 'વિનોદની નજરે' વિભાગ અને 'ચરિત્ર' ખૂબ જ ગમે છે.

ડૉ. પરંતપ પાઠક દ્વારા લખાએલો 'સર્વેક્ષણ ઉપગ્રહ' (ગયા વર્ષે) લેખ ઘણો સુંદર હતો. સળંગ અંક ૬૫૩, મે ૧૯૭૮ના પાના ૧૭૩ પરની માહિતી તરફ ધ્યાન દોરવા માગું છું. એમાં ડાબી બાજુના છેલ્લા ફકરામાંનું વાક્ય 'તેમાંના અણુ ને અણુસમૂહ (Atoms & Molecules)નાસતત...'માં ઍટમ માટે પરમાણુ અને મોલેક્યુલ માટે અણુ શબ્દ ગુજરાતીમાં વધુ પ્રચલિત છે એવું મારું માનવું છે.

વળી એ જ પાન પર નીચેની માહિતી ખોટી લાગે છે. 'પરંતુ સામાન્ય રીતે લગભગ ૩૦૦° ફે. (૨૭° સે.) જેટલા ઓછા' ૩૦૦° ફે.નું સેન્ટીગ્રેડમાં રૂપાંતર કરતાં ૧૪૮.૮° સે. થાય યા ૨૭° સે.નું ફેરનહીટમાં રૂપાંતર કરતાં ૮૦.૬° થાય.

'કુમાર' ઉત્તરોત્તર પ્રગતિ કરતું રહો.

(સ્ટૅમ્ફર્ડ-અમેરિકા) —નવનીત સી. શાહ

[ઍટમ માટે 'અણુ' શબ્દ ખોટો નથી, પણ 'પરમાણુ' શબ્દ પણ વપરાય છે. મોલેક્યુલ એ અણુ પરમાણુ અને અન્ય અતિ સૂક્ષ્મ કણો માટે વપરાય છે.

સેન્ટીગ્રેડ તાપમાનનું ફેરનહાઈટમાં રૂપાંતર કરવા માટે તેને ૯ વડે ગુણીને ૫ વડે ભાગી તેમાં ૩૨ ઉમેરવા, અથવા ફેરનહાઈટનું સેન્ટીગ્રેડમાં રૂપાંતર કરવા માટે તેમાંથી ૩૨ બાદ કરી બાકી રકમને ૫ વડે ગુણીને ૯ વડે ભાગવી.

આ રીતે ૧૦૦° સે.=૨૧૨° ફે. અથવા ૨૧૨° ફે=૧૦૦ સે. થાય. આપે દર્શાવેલું રૂપાંતર બરાબર છે.]

પં. દીનદયાળ

માર્ચ અંકમાં શ્રી વિષ્ણુ પંડયાની કલમે કમાલ કરી છે. શ્રી પં. દીનદયાળ ઉપાધ્યાય વિષે ટૂંકું છતાં આટલું સચોટ લખાણ લખવા બદલ હજારો ધન્યવાદ. સચોટ એટલા માટે કહું છું કે તેમણે સહૃદયી વાચકોને ખરેખર ચોટ મારી છે.—પ્રશ્ન થાય છે : હજુ કેટલા દધીચિઓની આહુતિ આ દેશને જોઈશે ?

(ભુજ-કચ્છ) —રમેશચંદ્ર વાઢેર-'સલિલ'

બિલાડી નહિ બિલાડો

માર્ચ અંકની સત્યજિતરાય લિખિત વાર્તા પ્રો. શંકુ અને મકાઉમાં (પાન. ૭૩ પહેલો પેરા) 'મારી બિલાડી ન્યૂટન'...એવો જે પ્રયોગ છે તેમાં વિશેષણ 'મારી' અને 'ન્યૂટન'

વચ્ચે મેળ નથી. ન્યૂટન નરજાતિનો શબ્દ (નામ) છે. અંગ્રેજીમાં સામાન્ય રીતે બિલાડા ને બિલાડી બંને માટે Cat શબ્દ વપરાય છે પરંતુ આપણી ભાષામાં તો He-cat (Tom-cat) ને She-cat જેવા શબ્દોને બદલે લિંગસૂચક સ્પષ્ટ શબ્દો છે; એટલે મને લાગે છે કે ન્યૂટન એ બિલાડો હોઈ એને માટે 'મારો બિલાડો... ધૂરકયો...ચૂપ થઈ ગયો...એમ જોઇએ.

(વડોદરા) —વિહંગ પાઠક

એક દોષ

માર્ચ અંકની લઘુકથા 'દરવાજો' ગમી. તેમાં એક દોષ દેખાયો છે. લેખક લખે છે: 'મારા માંદા છોકરા સારુ મેં નારીએળ વધેરવાની બાધા રાખી'તી.' અમારી બાજુ (ને કદાચ બીજે પણ) શંકર મંદિરમાં નારીએળ વધેરાતું નથી. પણ એમ જ આખું મૂકવામાં આવે છે.

'વિનોદની નજરે'માં 'વિનોદ'ને માણવાની મજા પડી.

(ખોરાસા–ગિર) —હર્ષકાન્ત પુરોહિત

તનસુખ ભટ્ટ

મેં અંકના ૧૩૨મા પાને છેલ્લા કૉલમને મથાળે ટાંકેલી કાવ્યપંક્તિ શ્રી તનસુખ ભટ્ટની છે. લેખમાં 'એક કવિ' એવો ઉલ્લેખ છે.

ચી. ન. વિદ્યાવિહારમાં અમને તેઓ સંસ્કૃત શીખવતા. તેમની વાગ્ધારામાંથી સરળ-નિર્મળ જ્ઞાન ગરતું હોય ને આખો વર્ગ તન્મય બની ગયો હોય. આવા શિક્ષકને નસીબ 'શાંત રહો' એમ કહેવાનો પ્રસંગ આવતો જ નથી. તેમની રજૂઆત હળવી, હૈયાસોંસરવી અને આપોઆપ વર્ગને પ્રસન્નચિત્ત રાખનારી.

કલાવાર્તામાં શ્રી જ. શાહનો પરિચય વાંચી આનંદ. તેમનું ચિત્ર ખરે જ મુગ્ધકર ને તેમના તેમ જ ચિત્રવસ્તુ પ્રત્યે અહોભાવ જન્માવનારું છે. ચિત્ર નીચેની પરિચયાત્મક પંક્તિઓ વાંચી ચિત્રનો વિશેષ આનંદ લઈ શકાયો.

(સુરેન્દ્રનગર) —લલિત શાહ

થોડી વાતો

અંક ૬૩૩માં નિવૃત્તિમાં કલાસર્જન અંગે શ્રી રતિલાલ નાયકનો સુંદર પરિચય કરાવ્યો છે. પણ એમનું સરનામું આપ્યું હોત તો ઉપયોગી થાત. વિનોદની નજરે લેખમાળા ખૂબ ગમે છે. અંક ઉઘાડી પ્રથમ નજરે આ જ લેખ પૂરો કરવાની લાલસા અધૂરી મૂકી શકાતી નથી. આ કટારમાં શ્રી બચુભાઈ રાવત વિષે લખાય તો સૌને ગમશે. આ લેખમાળા માટે શ્રી વિનોદ ભટ્ટને ખૂબ ખૂબ ધન્યવાદ. આંતર રાષ્ટ્રીય બાળવર્ષ નિમિત્તે 'કુમાર' કોઈ આગવી રીત-રસમ ન ઊભી કરી શકે? રાજ્ય લલિતકલા અકાદમી યોજિત રાજ્ય કલા પ્રદર્શન અંગે પ્રતિવારે નોંધ લેવાનું હવે કુમારે બંધ કર્યું હોય એમ લાગે છે. ચાલુ રાખવામાં આવે તો પ્રતિભાવ જાણવાનો મળે.

(કૃષ્ણપુર) —હરિભાઈ ટંડેલ

માનદ-માનાર્હ

માર્ચના કુમારમાં માનદ-માનદ્ જોડણીની સ્પષ્ટતા વાંચી આનંદ થયો છે, પરંતુ આપે નોંધમાં માનાર્હ શબ્દ સૂચવ્યો એ ચર્ચા માગી લે તેમ છે. માનાર્હ એટલે માનને યોગ્ય. માનદ્ એટલે અવેતન સેવા આપનાર (સંસ્થા કે વ્યક્તિ પરત્વે પોતાને માન ને લાગણી હોવાથી સેવા આપનાર) એ અર્થમાં વપરાય છે. જ્યારે માનાર્હમાં સેવા લેનાર કે અન્ય તેને માન આપવા યોગ્ય ગણે છે એવો ભાવ આવે છે એમ લાગે.

માનદ = Honarary,
માનાર્હ = Respectable.

(વલ્લભ વિદ્યાનગર) —હરિપ્રસાદ જોષી

વિચાર-વિશેષ

'વિચાર-વિશેષ' મથાળા હેઠળ શ્રી બહાદુરશાહ પંડિતના લેખો પ્રેરણાત્મક હોય છે. જીવનમાં સંસ્કાર-ઘડતર માટે, પ્રત્યેક વિચાર અને એથી આવતો આચાર, આ લેખો વાંચ્યા પછી આવકાર્ય છે. શ્રી પંડિતને જેટલાં અભિનંદન આપીએ એટલાં ઓછાં છે. તેઓશ્રીના 'કુમાર'માં પ્રગટ થતા લેખોનો સંગ્રહ બહાર પડયો છે કે કેમ? ન પડયો હોય તો એ સત્વરે બહાર પડવો જોઈએ.*

[*એવો એમનો વિચાર છે ખરો.]

(મુંબાઈ) —ચીમનલાલ જે. શાહ

છૂટક વેચાણ

તમારાં 'કુમાર' માસિક દર મહિને ખરીદું છું ને તે વાંચ્યા વિના ચેન પડતું નથી. વિનોદ ભટ્ટે સારો એવો રસ જગાડયો છે. તદુપરાંત 'પચ્ચીસ વરસ પહેલાં', 'આકાશદર્શન', 'શતરંજ' વિભાગ પણ સારા આવે છે.

'કુમાર' માટે અહીં પરામાંથી મુંબાઈ સુધી જવું પડે એ અસહ્ય છે. વળી, રૂ. ૨–૫૦ના અંક માટે લોકલ ભાડું ખર્ચતાં રૂ. ૫ થઈ જાય છે. તો પરા વિભાગમાં મલાડ કે બોરીવલી સેન્ટર જેવામાં વ્યવસ્થા કરો તો સુગમ પડે.* 'કુમાર' માટે અતિશય સ્નેહપ્રેમ છે એટલું લખી વિરમું છું.

(બોરીવલી-મુંબાઇ) —યશવંત પટણી

[*એ શકય નથી. પણ દર માસે રૂ. ૨–૫૦ પોસ્ટલઓર્ડરથી અમને મોકલી સાદી ટપાલથી 'કુમાર' મંગાવતાં સસ્તું પડશે.]

કેટલીક ભૂલો

માર્ચ અંકના છેલ્લા પાના ઉપરની કેટલીક ભૂલો તરફ આપનું ધ્યાન દોરું છું. આશા રાખું છું કે આપના તરફથી સાથ-સહકાર મળી રહેશે.

'તારીખ પરથી વાર જાણવાની રીત'માં કંઈક ભૂલ રહી ગઈ હોય તેમ લાગે છે. સમજૂતી આપતાં આપ લખો છો કે જો શેષ ૦ આવે તો રવિવાર, ૧ વધે તો સોમવાર...... ને એમ ૬ વધે તો શનિવાર.

હવે આપે રજૂ કરેલ ઉદાહરણમાં શેષ ૫ આવે છે. (૧૯૪÷૭=૫ શેષ.) છતાં આપ, તા. ૧૫-૩-૭૯ના રોજ ગુરુવાર જણાવો છો. જો કે ૧૫મી માર્ચે ગુરુવાર જ હતો. પરંતુ આપની સમજૂતી મુજબ ૫ શેષ આવે તો શુક્રવાર જ ગણાય ને? (૬ શેષ વધે તો શનિવાર!) અને છેલ્લે,... વર્ષની શરૂઆતથી ઇ૦૮ દિવસ સુધીના દિવસો ૧૯૪ છે તેને બદલે ૭૪ જોઇએ. કુલ સરવાળો ૧૯૪ થાય છે.

૨) 'આજથી ૭૫ વરસ પર ઈ. ૧૯૦૩ની ૧૭મી ડિસેમ્બરે વિલ્બર અને ઑલિવર રાઈટ નામના બંધુઓએ...' આ વિગતમાં ૭૫ વરસની જગ્યાએ ૭૬ વરસ જોઈએ. કારણ કે આપશ્રી આ હકીકત માર્ચ ૧૯૭૯ના અંકમાં રજૂ કરો છો એ ધ્યાનમાં લેવું જરૂરી છે. (૧૯૭૯-૧૯૦૩=૭૬)°

૩) આ જ પાના ઉપર આપે રજૂ કરેલ નુસખો: 'આઠ કળી લસણની ૦। શેર દૂધ સાથે ધૂંટીને લેવાથી લોહીના દબાણમાં ફાયદો થવા ઉપરાંત સંધિવા મટી જશે'. લસણ સાથે દૂધનો ઉપયોગ વિરુદ્ધ આહાર ગણાય અને તેથી તે આરોગ્યની દૃષ્ટિએ હિતકર નથી જ. આ પ્રકારના વિરુદ્ધ આહારથી કરોળિયાં વગેરે ચામડીના રોગ થાય છે એવું મેં કેટલેક સ્થળે વાંચ્યું પણ છે. આ પ્રકારના વિરુદ્ધ આહાર વિષેની સ્પષ્ટતા કોઈ અધિકારી વ્યક્તિ દ્વારા થાય તો સંતોષ થશે.*

(માણાવદર) —વલ્લભદાસ ગોકળદાસ

[*૭૬ વર્ષ તો ૧૭ ડિસેમ્બરે થાય. લસણના પ્રયોગ વિષે શ્રી શોભન વૈદ્ય જેવા અધિકારીનો ખુલાસાનો પત્ર મે અંકમાં પ્રસિદ્ધ થયો છે.]

જૂના અંકોનો અદલોબદલો

મારી પાસે 'કુમાર'ના જૂના અંકો નીચે મુજબના છે તે મારે વેચવા છે. જેની સામે બદલામાં મારે નીચેના અંકો જોઈએ. મારી પાસે ૫૦૬, ૬૦૭, ૬૦૮, ૬૨૩; ને મારે ૬૪૦, ૬૦૧. ૬૦૨, ૬૦૦, ૬૦૫, ૬૧૪, ૬૧૫, ૬૧૯, ૬૨૦, ૬૨૧, અને ૬૧૨ જોઇએ; ઉપરાંત 'કુમાર'ના ઘણા જૂના અંકો ૧ થી ૬૦૦ સુધી પૈકી મારી પાસે, ૫૨૮, ૫૪૦, ૫૫૦, ૫૬૬, ૫૬૮, ૫૮૪, ૫૮૮, ૫૯૭ અને ૫૯૭ છે. તો મને નીચેના સરનામે લખો અથવા મળો. શિરીષ એમ. પરીખ, ૪૦. આમ્રપાલી સોસાયટી, વૈશાલી સોસાયટી પાછળ, કારેલી બાગ, વડોદરા ૩૯૦૦૧૮, ફોન નં. ૬૩૨૬૫.

અષાઢની હેલી પછી/ઉશનસ

• મંદાક્રાન્તા સૉનેટ •

છુટ્ટાં ડોડીફૂલ ઉડવતું આભ આ ગાભલાનું,
બોદાએલું ખરખર ખરે છાજ આ છાપરાનું,
જે છિદ્રોથી નળિયું બજવે તેજ કેરી તતૂડી
ત્યાંથી હાવાં નભ નીતરતું ભેજ કેરી દદૂડી.

પૂંઠા-પોચી પલળી પલળી આશ છે, આસમાં છે;
લોચા જેવું લચપચ ભીંગી ભૂની માટીનું પૂંઠું;
કૂંડું કૂંડું કૂંપળ ઘરના મોભ–સ્તંભોનું ઠૂંઠું,
ફોગાએલી લદબદ સહીચૂસ જેવી હવા છે.

જે કૈં જ્યાં છે ત્યહીં ઊભુંઊભું મૂજતું નીતરે છે,
ઘર્રાટીથી પવનપીઠ બે બુંદ ઝાઝાં ગરે છે;
ટેલ્લે બીડચાં ભીની છતરીશાં પંખીઓ ઊલડે ના,
ભીનાં પક્ષ્મો–ઊડી ગરીગઈ અંખીઓ-ઊખડે ના.

ટીપું ટીપું પૃથિવીપચતું, આંખથી લુપ્ત ગુપ્ત
કો જાદૂથી કણુસલું ગૂંથે દૂધથી પૂર્ણ તૃપ્ત.

અષાઢી બીજે / નિરંજન યાજ્ઞિક

· શિખરિણી સૉનેટ ·

કૂણા બે હાથોમાં શ્રીફળ પકડાવ્યું, ટચુકડા
લલાટે બેબીના કુમકુમ હસ્યું, ગૌર વસનો
પહેરાવી, ભાલે લઘુક ટપકી કાજળ તણી
કરી, ઊભાં દ્વારે—શુકન પરખીને ઊપડવા!

અને ત્યાં તો મારાં ચરણ ઝરણું થૈ ગુમ થયાં
અને વર્ષોજૂનો કલરવ ફરી કાન પડતો,
ફરી જાણે માણું મધુર દિવસો બાલ્ય વયના
નવાં તોફાનોથી સભર! સહસા આંખ છલકી.

વહ્યાં વર્ષો પાછાં! અચરજ! ઊભો હું જ લઈને
કૂણા બે હાથોમાં શ્રીફળ, વસનો શુભ્ર ધરીને;
પિતાજીની સાથે—શુકન પરખીને ઊપડવા
નિશાળે! યાદ'વ્યું ફળિયું, ઘર ને ગામ – સઘળું!

અને 'આ...જે મમ્મી' કહી, નીકળતાં સ્હેજ અમથું
હસી જ્યાં બેબી, ત્યાં ડીબકું લઈને હું રડી પડચો!

હાઇકુ

મીનાક્ષી દોશી

વાદળી મથે
ઘડીક, વડલાને
છાંયો ધરવા.

*

ત્યજી દે વૃક્ષ
પર્ણ પીળાં: પવન
ઉપર આળ.

*

પ્રકટે જ્યોત
આંકી જાય છે કેડી
શિખર ભણી.

*

ખાળવા મથે
પૂર માટીનું ઢેફું:
જાય ઓગળી.

*

પાતાળ ભેદી
ઊગે અંકુર: હાથ
લંબાવે સૂર્ય.

પાગલને સંચાર/રાજેન્દ્ર શાહ

• ગાન •

વ્હાલનાં યે વેણ નવ તું લેતી મને!
શી ય તે હૃદય-જલન?–કે અવહેલના અકારણે!

ફાગણ-ફોરી સીમનો બાજે પાવો,
ઊડતે ગુલાલ
ઝાંઝર-ઝૂલી ચાલનો
ચપળ લીજિયે લ્હાવો
આવ, મેલી ઘર-તિમિર બહાર કૂજન-કેલી વને.

તીરથી સરી જાય રે નદીજલ;
ગઇ તે પાછી આવતી ના કોઈ પલ.
કુસુમ ચૂમી વાય રે મલય પવન,
પાગલને સંચાર ચરાચર
ખીલતું નિખિલ ભુવન.
મોરલીમાંનો સૂર વહે જવ આવતી અધર કને.

વિજન વાટે/રાજેન્દ્ર શાહ

• ગાન •

એકલ મારી વિજન વાટે કોઈ તો છે સંગાથે,
નીરખું નહીં, સમીર સમું અરવ અડકે માથે.

તલભૂમિનું ઝરણ
એની ખળખળંતી વાણી,
એણે સરલ મારે ચરણે,
નેપુર છટા આણી
અકળ એવે નાતે,
એકલ મારી વિજન વાટે કોઈ તો છે સંગાથે.

નહીંનું હોવું—પીડ કો મધુર જાણી,
નેણમાં આવી જાય છલોછલ પાણી.
ગગન જેવું ગગન
એને બ્હાર શું ને શું ભીતર!
જોઉં જે ધવલ કિરણ
એના રંગ આ નહીં ઇતર.
ધરતું કોમલ બાથે,
એકલ મારી વિજન વાટે કોઈ તો છે સંગાથે.

સમયસૂચકતા

બહાદુરશાહ પંડિત

સુભાષચન્દ્ર બોઝના મોટાભાઈ શરતચંદ્ર એક વાર ટ્રેનમાં મુસાફરી કરી રહ્યા હતા. સવારે ચાર વાગ્યે ઊઠીને એ બાથરૂમ ગયા ત્યાં હાથ ધોતાં એમનું કાંડા ઘડિયાળ સંડાસના બાકામાંથી નીચે પડી ગયું. એમણે તરત જ બહાર આવી સાંકળ ખેંચીને ગાડી ઊભી રખાવી. પણ ગાડી ઊભી રહેતાં રહેતાં એકાદ માઈલ તો ચાલી હશે. ગાર્ડ આવીને પૂછપરછ કરતાં શરતચંદ્રે કારણ બતાવ્યું, ગાર્ડે કહ્યું: 'આવી અંધારી રાતે, આવા જંગલમાં તમારી ઘડિયાળ જડવી મુશ્કેલ છે'. શરતચંદ્રે કહ્યું: 'ના, ઘડિયાળ જડશે. મેં ઘડિયાળની પાછળ જ સળગતી સિગારેટ નાખી છે. એ સળગતી સિગારેટ તો અંધારામાં પણ દેખાશે. એ પછી થોડા જ અંતરે ઘડિયાળ પડી હશે'. બે માણસોને દોડાવ્યા. ઘડિયાળ મળી ગઈ.

આનું નામ સમયસૂચકતા. ઓચિંતી આવી પડેલી મુશ્કેલી વખતે શું કરવું એ સૂઝી આવે એનું નામ સમયસૂચકતા. આ સૂઝ ભણવાથી આવે એવું નથી, એની કોઈ વિશિષ્ટ તાલીમી સંસ્થાઓ હોતી નથી. ચપળ મનની એ સામાન્ય નીપજ છે. ભલે એના માટે કોઈ ક્લાસ ચાલતા ના હોય, પણ માણસ ધારે તો આવી સમયસૂચકતા જાતે કેળવી શકે છે.

અકબર બીરબલની પેલી જાણીતી વાર્તા 'હાજર સો હથિયાર'માં ખરેખર તો બીરબલે સમયસૂચકતાનો જ ગુણ દર્શાવ્યો છે. એક વાર અકબરે દરબારમાં પૂછ્યું કે કયું હથિયાર સૌથી સારું ગણાય? કોઈએ કહ્યું 'તલવાર' તો કોઈએ કહ્યું 'ખંજર'. કોઈએ ભાલાને સારું હથિયાર ગણાવ્યું તો કોઇને વળી ધનુષબાણ વધારે સારાં હથિયાર લાગ્યાં. આખરે અકબરે બીરબલ સામે જોયું. એણે કહ્યું, 'કટોકટીના સમયે જે હાથવગું હોય એ સૌથી સારું હથિયાર.' બાદશાહે આ વિધાનની સાબિતી માગી બીરબલે પ્રસંગ આવ્યે તે આપવાનું જણાવ્યું.

એ પછી એક વાર બાદશાહ મહેલની અગાશીમાં બેઠા હતા ત્યારે એમણે બીરબલને દૂરથી આવતો જોયો. બરાબર એ જ સમયે સામેથી ગાંડો થએલો હાથી આવતો હતો. માર્ગ સાંકડો હતો. ભાગી જવાય એવી સ્થિતિ નહોતી, બીરબલે આસપાસ જોયું. બાજુમાં એક કૂતરુ મરેલું પડ્યું હતું. બીરબલે એના બે પગ પકડી દોડતા આવતા હાથીના કપાળમાં પછાડ્યુ. હાથી ગભરાઇને પાછો વળી ગયો અને એ દિશામાં ભાગવા લાગ્યો. બાદશાહે આ દૃશ્ય જોયું અને બીરબલની વાત સાચી હોવાની એને પ્રતીતિ થઈ. અહીં હાજર સો હથિયાર કરતાં સમયસૂચકતાનું મહત્ત્વ વધારે છે.

ઈટાલીના એક ચિત્રકારના નોકરે પણ આવી સમયસૂચકતા વાપરી ચિત્રકારને બચાવી લીધો હતો. એ ચિત્રકાર જંગલમાં પ્રકૃતિસૌન્દર્યનાં ચિત્રો દોરવા ગયો હતો, ત્યાં એક ટેકરી પર બેસીને એણે એક સરસ ચિત્ર તૈયાર કર્યું. ચિત્રને એ છેલ્લો ઓપ આપતાં પહેલાં બરાબર જોવા માટે પાછા પગલે પાછળ જવા લાગ્યો. એમ કરતાં ટેકરીનો છેડો આવી ગયો. હવે એ એક ડગલું પણ પાછળ ભરે તો નીચે ખીણમાં ગબડી પડે એવી સ્થિતિમાં હતો. એના ચાલાક નોકરે એ જોયું અને વિચાર્યું કે જો બૂમ પાડીશ તો શેઠ ગભરાઇને પાછળ ખીણમાં પડી જશે. એકાએક એને યુક્તિ સૂઝી આવી. એણે પાસ પડેલી ડોલ ભરેલું પાણી ચિત્ર પર નાખ્યુ.

ચિત્રકાર તો 'અરે, અરે, આ શું કર્યું?' કરતો ગુસ્સે થઇને દોડી આવ્યો. એના ત્રણચાર કલાકની મહેનત પર પાણી ફરી વળ્યુ એથી એ નોકર પર ખૂબ ગુસ્સે થયો. પણ નોકરે જ્યારે એને સાચી પરિસ્થિતિ સમજાવી ત્યારે એણે નોકરનો આભાર માની એને ઈનામ આપ્યુ. આવી રીતે તત્કાલ બચાવનો ઉપાય સૂઝી આવે એના માટે મનની શાંતિ અને મૌલિક સૂઝ જરૂરી છે, ઓચિંતી આફત આવે ત્યારે ગભરાઈ ન જતાં મનને સ્વસ્થ ને શાંત રાખવાથી એનો સામનો કરવાનો ઉપાય સૂઝી આવે છે.

સમયસૂચકતા માટે મહદ અંશે તો બુદ્ધિનું ચાપલ્ય જરૂરી છે. પરંતુ બુદ્ધિ સાથે કેટલીક માહિતી હોવી પણ આવશ્યક છે. ઉદાહરણ તરીકે અકસ્માતથી કપડાં સળગે ત્યારે આળોટવું, ડૂબતા હોઇએ ત્યારે બચાવવા આવનારને વળગી પડવાના બદલે એનો હાથ પકડી તરવાનો પ્રયત્ન કરવો, સામાન્ય માંદગી વખતે પ્રાથમિક સારવાર આપવી, ચેપી રોગો વખતે સાવચેતીઓ રાખવી. આ બધી બાબતોનું જ્ઞાન હોય તો આપણે અકસ્માત વખતે તરત જ એમાંથી બચવાનો ઉપાય કરી શકીએ છીએ.

સ્વ. રામનારાયણ પાઠકે એક પ્રશ્ન' નામે પોતાની વાર્તામાં એક કુટુંબનાં સભ્યો ઘરના નોકર ડાહ્યાની ભૂલ વખતે ઘરને આગમાંથી બચાવી લેવા કેવી સમયસૂચકતા વાપરે છે એનું રમૂજી આલેખન કર્યું છે. નોકર સ્ટવ સળગાવવા સ્પિરિટ નાખે છે. પછી દીવાસળી ચાંપ્યા બાદ એને લાગે છે કે સ્પિરિટ ઓછું પડશે, એટલે એ સળગતા સ્ટવમાં સ્પિરિટ નાખવા જાય છે. આ વખતે બૂમ પાડવાના બદલે નોકરના હાથમાંથી સ્પિરિટનો બાટલો ઝૂંટવી લેવો એ સમયસૂચકતા છે. બૂમ પાડવામાં આવે તો નોકર ગભરાટમાં બાટલો ઊંધો વાળી દે અને ભયંકર આગ લાગે.

આપણા સૌના જીવનમાં અનેક વાર આવા અકસ્માતો બને છે. એવે વખતે ચપળતાથી કામ લઇએ તો આપણે આવતી આફતમાંથી ઊગરી અને ઉગારી શકીએ છીએ. ગાફેલ રહીએ તો જીવનું જોખમ વહોરી લઇએ છીએ.

સમયસૂચકતા માટે ખૂબ આત્મબળ હોવું આવશ્યક છે. એ સાથે ધીરજ, માનસિક સ્વસ્થતા અને અપૂર્વ હિંમત પણ હોવાં જોઇએ.


ઇંગ્લૅંડમાં એક વાર એક સત્ય ઘટનામાં એક ગૃહસ્થે આવી સમયસૂચકતા બતાવી પોતાના આખા કુટુંબને મોતના મુખમાંથી બચાવી લીધું હતું. એ ગૃહસ્થ પોતાની કારમાં પત્ની અને બે બાળકો સાથે રજાઓ ગાળવા પરગામ જઈ રહ્યા હતા માર્ગમાં એક કઠેડા વિનાના પુલ પરથી પસાર થતાં એમની કાર નીચે વહેતા વહેળામાં જઈ પડી. કાર પડતાં જ પાણીમાં ડૂબી ગઈ. બાળકો ને પત્ની ગભરાઇને કારની બારીઓ ખોલવા જતાં હતાં ત્યાં એ ગૃહસ્થે એમને રોકીને કહ્યું: 'ગભરાશો નહિ, બારીઓ બંધ રાખો એટલે પાણી એકદમ ગાડીમાં ભરાશે નહિ અને ગાડીમાં છે એટલી હવાથી આપણે અરધો કલાક તો જીવી શકીશું દરમ્યાન આપણને બચાવનાર આવી પહોંચશે કારણ કે આપણી ગાડીને પડતી ઘણાએ જોઈ હતી.'

અને સાચે જ ૪૦ મિનિટ પછી એ આખી કારને ક્રેઈન વડે બહાર ખેંચી કાઢવામાં આવી ત્યારે ચારે જીવો અંદર સલામત હતા.

આવું જ ઉદાહરણ એક જાદુગરે પણ પૂરું પાડ્યું છે. જાદુના પ્રયોગો ચાલતા હતા એ દરમ્યાન જાદુગરે એક માણસને પોતાની પાસે બોલાવી કાનમાં કંઈક સૂચના આપી ને પછી પ્રેક્ષકોને કહ્યું: 'ભાઈઓ ને બહેનો, હવે મારે તમને છેલ્લો 'રોપ ટ્રિક'નો જાદુ બતાવવાનો છે. એ જાદુ આપણે બહાર મેદાનમાં કરવાનો છે, માટે તમે સૌ ઝડપથી બહાર જઈ મેદાનમાં બેસી જાઓ. લોકો બહાર પહોંચી ગયા એટલામાં એક બાજુ ફાયર બ્રિગેડનો બંબો આવ્યો અને બીજી બાજુ હૉલમાં આગના ભડકા ને ધુમાડા દેખાવા લાગ્યા. જાદુગરે, આગની વાસ આવતાં બૂમ પાડવાને બદલે સમયસૂચકતાથી બધાને બહાર મોકલી દઇને સૌના જાન બચાવી લીધા હતા.

અકસ્માતનો સંભવ હોય ત્યારે આવી તરતબુદ્ધિનો ઉપયોગ કરી બહુ મોટી આફતમાંથી ઘણા માણસોને બચાવી શકાય. □

હિંદી ભાષાના શીલભદ્ર સાહિત્યકાર આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદી



લેખક · શંકરદેવ વિદ્યાલંકાર

ઉત્તર પ્રદેશના બલિયા જિલ્લામાં આરત દુબે નામના એક વિદ્વાન જ્યોતિષી બ્રાહ્મણે એક ગામ વસાવેલું. નાનકડું પણ હર્યુંભર્યું એ ગામ એમના નામ પરથી આરત દુબે કા છપરા નામે ઓળખાતું. આ આરત દુબેની ૭મી પેઢીએ સન ૧૯૦૭ની ૧૯મી ઑગસ્ટે હિન્દી સાહિત્યના મૂર્ધન્ય વિદ્વાન આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદીનો જન્મ થએલો. સાહિત્યની લગભગ તમામ મુખ્ય શાખાઓ પરના પોતાના પ્રભુત્વ વડે એમણે હિન્દી ભાષાને એક અનોખો ઓપ આપવા સાથે વિકસાવી હતી. કુશળ સંશોધક, ઇતિહાસકાર, આલોચક, નિબંધકાર, ઉપન્યાસકાર અને સંપાદક તરીકે હિન્દી ભાષાક્ષેત્રમાં એમનું સ્થાન બહુ અગ્રગણ્ય હતું. ગયા મે માસની ૧૯મી તારીખે નવી દિલ્હીમાં ભારતીય આયુર્વિજ્ઞાન સંસ્થાનમાં અવસાન થયું.

એમના દાદા એગ્રવાલિયા રિયાસતમાં તહેસીલદાર હતા, પણ જ્યોતિષ એ આ દુબે (દ્વિવેદી) પરિવારની એક પારંપરિક વિદ્યા હતી અને સંસ્કૃત તો આ બ્રાહ્મણોને કોઠે હોય એ સ્વાભાવિક હતું. પિતા અનમોલ દ્વિવેદી પણ જ્યોતિષના જાણકાર હતા, પરંતુ કાળાનુક્રમે જ્યોતિષવિદ્યા એમના ખાનદાનમાંથી ઘસાતી ચાલી હતી, છતાં કુલસંસ્કારનો પ્રભાવ તો હતો જ. છેક બચપણથી રામાયણ–મહાભારતની કાવ્યમય પંક્તિઓ રોજ સાંભળવા મળતી એટલું જ નહિ, પિતા પોતાના બંને પુત્રો–હજારીપ્રસાદ ને એમના મોટા ભાઈને નવરાશના સમયમાં મોટેથી રામાયણ વાંચવા અને એનો અર્થ કરતા જવા બેસાડતા. એમના એક ગુરુ કેશવ પાંડેય પણ ભણાવવાને બદલે સબલસિંહ ચૌહાણનું મહાભારત મોટા સાદે ગાઈ સંભળાવતા. બીજા એક ગુરુ લક્ષ્મણ પાંડેય ઉર્દૂ ભણાવતા અને એટલે વિદ્યાર્થીઓ એમને 'મૌલવી સાહેબ' કહેતા. એમને રામાયણ પ્રિય હતું ને તેનો લાભ વિદ્યાર્થીઓને પણ મળતો. રામાયણના સુંદરકાંડ અને અયોધ્યાકાંડ તો હજારીપ્રસાદના ભણવામાં હતા. આમ ગામ, ઘર અને પાઠશાળામાંથી જ સાહિત્ય અને દર્શનનાં બીજ એમના જીવનમાં રોપાવા લાગ્યાં હતાં.

બાળક હજારીપ્રસાદને રામાયણ કરતાં મહાભારત વિશેષ ગમતું. બીજા વિષયો પણ ભણવાના તો હતા જ, પણ એમાં એમને બહુ રસ નહોતો. આગળ જતાં એમણે પોતે પણ કહ્યું છે કે ભૂગોળમાં મદ્રાસ પ્રાંતના જિલ્લાઓનાં નામ ન આવડવા બદલ શિક્ષકનો એમણે બહુ માર ખાધો હતો, પરંતુ એ જ્ઞાન એમને કદી કામમાં આવ્યું નહોતું. છતાં એ મારના કારણે એમને ભણવાની જે ચાનક ચડી હતી તેનાથી પોતાના રસના વિષયમાં એમણે ઘણી પ્રગતિ સાધી હતી અને ગામભરમાં સૌ પ્રથમ એમણે મિડલ સ્કૂલની પરીક્ષા પાસ કરી હતી. એ જમાનામાં આ પરીક્ષામાં પાસ થવું એ મોટો ગઢ જીતવા બરાબર ગણાતું અને એથી એમાં ઉત્તીર્ણ થનાર આ હજારીપ્રસાદને જોવા માટે લોકો એકઠા થતા. પરંતુ એમનું લક્ષ્ય તો હતું સંસ્કૃતના અભ્યાસનું. એમના જ કહેવા પ્રમાણે 'મિડલ'ની પરીક્ષામાં પાસ થવાનું તો એમને જાણે એક આડલાભ રૂપે મળી ગયું હતું.

આ પછી પિતાએ એમને વધુ અભ્યાસ માટે કાશી મોકલ્યા. ત્યાં એમણે સંસ્કૃતનો વધુ અભ્યાસ કરીને 'શાસ્ત્રી'ની ઉપાધિ મેળવી. એ જ રીતે ગણિતમાં પણ તેઓ પારંગત બન્યા અને આગળ જતાં ગણિત-જ્યોતિષના વિષયમાં પણ શાસ્ત્રાચાર્યની પદવી મેળવી જોકે જ્યોતિષના અચ્છા જ્ઞાતા હોવા છતાં એમણે કદી કુંડળીઓ માંડી નહોતી. એમનું જીવન તો અધ્યયન, અધ્યાપન અને વિદ્યાભ્યાસંગમાં જ વીત્યું હતું.

બનારસમાં તેઓ કાશી હિન્દુ વિશ્વ-વિદ્યાલયના બિરલા–બ્રોચા છાત્રાલયમાં રહેતા. માસિક પંદર રૂપિયાની બિરલા છાત્રવૃત્તિ પણ એમને મળતી. કાશીનિવાસ દરમિયાન એમણે એ પણ જોયું કે દુબેના છપરાની દુનિયા કરતાં બહારનું જગત ઘણું આગળ હતું અને તેમાં ભળવા કે તેની સાથે કદમ મિલાવવા માટે એમણે સંસ્કૃતના અભ્યાસ ઉપરાંત પણ બીજું ઘણું ઘણું શીખવું જરૂરી હતું. એમના જ ગામનો એક છાત્ર ત્યારે હાઈસ્કૂલની સમકક્ષ 'ઍડમિશન' પરીક્ષા માટે તૈયારી કરતો હતો. એને જોઈને હજારીજીએ પણ જાતે અભ્યાસ કરીને એ પરીક્ષા આપી અને એમાં પ્રથમ વર્ગમાં ઉત્તીર્ણ થયા.

સંસ્કૃતની 'શાસ્ત્રી'ની પરીક્ષા આપ્યા પછી તેઓ ઈન્ટરમીડિયેટમાં દાખલ થએલા. છાત્રવૃત્તિ તથા ટ્યૂશનમાંથી જે કંઈ મળતું તેમાંથી પોતાનો ખર્ચ કાઢવા ઉપરાંત એમને ઘેર પણ પૈસા મોકલવા પડતા, કારણ ઘરની આર્થિક સ્થિતિ પણ તદ્દન જર્જર થઈ ગઈ હતી. વચ્ચે ફી નહિ ભરી શકવા બદલ વર્ગમાંથી એમનું નામ કમી કરી નખાએલું. પોતાનો અભ્યાસ જારી એ માટે તેઓ પ્રિન્સિપલ ધ્રુવસાહેબને મળ્યા, પણ તેઓ નિયમ વિરુદ્ધ કંઈ કરી શક્યા નહિ. પરંતુ પં. કાશીપ્રસાદ મિશ્રએ એમન સહાય કરી. તેઓ હજારીપ્રસાદને પં. મદનમોહન માલવીયજી પાસે લઈ ગયા. પંડિતજી પોતાના અધિકારની રૂએ આર્થિક મુશ્કેલી અનુભવતા યોગ્ય વિદ્યાર્થીની એક વર્ષ માટે ફી માફ કરી દેતા. પંડિતજીએ જ્યારે જાણ્યું કે પોતાનો ખર્ચ કાઢવા ઉપરાંત હજારીપ્રસાદને પોતાના ઘેર પણ પૈસા મોકલવા પડે છે ત્યારે તેમણે તેમની ફી માફ કરવા ઉપરાંત, યુનિવર્સિટીના પ્રેસમાં કામ કરવાની પણ સગવડ કરી આપી. આ વધારાનું કામ મળતાં એક બીજો પણ લાભ થયો. પ્રેસમાં ત્યારે માલવીયજીનું 'સનાતન ધર્મ પ્રદીપ' પુસ્તક છપાતું હતું. એ અંગેનું કામ કરવામાં એમને એના વાચનની પણ તક મળી જેનો એમના જીવન પર ઊંડો પ્રભાવ રહ્યો હતો.

આમ, અનેક કષ્ટો વેઠીને ઈન્ટરની સાથોસાથ સંસ્કૃતમાં 'આચાર્ય'ની પરીક્ષા પણ એમણે પાસ કરી. પણ હવે આજીવિકા માટે શું કરવું એ મોટો પ્રશ્ન હતો. સંસ્કૃતના જ્ઞાન વડે કથાવાચનાદિ કરવામાંથી જે પ્રાપ્તિ થાય એ તો પર્યાપ્ત નહોતી જ. હજારીપ્રસાદે એ સમયના ઇન્સ્પેક્ટર ઑવ સ્કૂલ્સ શ્રી વાંચૂને આ અંગે મળવા વિચાર્યું. પ્રિન્સિપલ પ્રમથનાથ તર્કભૂષણે એ માટે ભલામણપત્ર આપતાં એમાં લખેલું કે: 'હી નેવર સ્ટૂડ સેકંડ ઈન એની એક્ઝામિનેશન.'. શ્રી વાંચૂએ એમને ગાઝીપુરમાં સંસ્કૃતના અધ્યાપકની એક ખાલી પડેલી જગ્યા માટે ત્યાં પહોંચી જવા સલાહ આપી. પોતાની વીંટી વેચીને ગાડીભાડું કાઢી જ્યારે તેઓ ગાઝીપુર પહોંચ્યા તો ખબર પડી કે એ સ્થાન પુરાઈ ગયું હતું! આર્થિક મુશ્કેલી તો હતી જ, એમાં આ પરમધક્કો થતાં તેઓ હતાશ થઈ ગયા, પણ હિંમત હાર્યા નહિ. આવાં આંધીતોફાનો પછી જીવનમાં નવપ્રભાતની ટશરો પ્રકટે જ છે એવી એમને શ્રદ્ધા હતી. અને એથી જ આવી અનેક વિટંબણાઓ વચ્ચે યે હજારીપ્રસાદનો સાહિત્યવ્યાસંગ પણ ચાલુ જ રહ્યો હતો. હિંદી સાહિત્યમાં ત્યારે છાયાવાદનો પ્રતાપ ફેલાઈ રહ્યો હતો. 'નિરાલાજી', સુમિત્રાનંદન પંત, મહાદેવી વર્મા વગેરેએ જૂની સાહિત્ય પરંપરામાં હલચલ પેદા કરી દીધી હતી. પં. સોહનલાલ દ્વિવેદીની અધ્યક્ષતામાં 'સુકવિ સમાજ' નામે એક સાહિત્યસંસ્થા સ્થપાઈ હતી અને હજારીપ્રસાદ તેના મંત્રી બન્યા હતા. છાયાવાદના નવોદિત કવિઓની રચનાઓનો તેઓ સંસ્કૃતમાં અનુવાદ કરતા, જે 'સૂર્ય' દૈનિક તથા 'વીણા' નામક એક પત્રિકા વગેરેમાં પ્રકટ થતા.

ગાઝીપુરથી બનારસ પાછા ફર્યા બાદ એક દક્ષિણ ભારતીય ગૃહસ્થને હિંદી શીખવવાનું કામ એમને મળી ગએલું. આ ગૃહસ્થને ત્યાં શાંતિનિકેતનનાં એક પ્રાધ્યાપિકા શ્રીમતી આશાદેવીને હજારીપ્રસાદ અને તેમની હિંદી સાહિત્ય વિષયક ક્ષમતાનો પરિચય થયો, ને એમની શક્તિથી પ્રભાવિત આશાદેવીએ એમને હિંદીના અધ્યાપક તરીકે શાંતિનિકેતન લઈ જવા ઇચ્છા કરી. અને જોગાનુજોગ ત્યાં પણ એ સ્થાન પૂરવાની જરૂર ઊભી થઈ. દ્વિવેદીજીને આ બાબતની જાણ થતાં તેઓ આશાદેવીને મળ્યા. પણ એ પદ મેળવવા માટે હિંદીના પ્રમાણપત્રની જરૂર હતી, જ્યારે હજારીપ્રસાદ તો સંસ્કૃતના 'આચાર્ય' હતા. મનમાં થોડી નિરાશા તો પ્રકટી, પણ એમણે પ્રયાસ જારી રાખ્યો. વિશ્વવિદ્યાલયની સંસ્કૃત કૉલેજના હિંદીના પ્રાધ્યાપક અને હિંદી ભાષાના એક ખ્યાતનામ કવિ અયોધ્યાસિંહ ઉપાધ્યાય-'હરિઔધ'ને સાથે લઇને તેઓ ફરી આશાદેવીને મળ્યા. ઉપાધ્યાયજી દ્વિવેદીજીની હિંદી સાહિત્ય અંગેની યોગ્યતાથી સુપરિચિત હતા. તેમણે 'હિન્દી સાહિત્યના આ ઉદીયમાન સૂર્યને શાંતિનિકેતનમાં સ્થાપિત કરવા' આગ્રહભરી ભલામણ કરી. પછી તો માલવીયજીએ પણ ગુરુદેવ રવીન્દ્રનાથ પર આ સંદર્ભમાં એક પત્ર લખ્યો. ને પરિણામે ઈ. ૧૯૩૦ની ૮મી નવેમ્બરે હજારીપ્રસાદ શાંતિનિકેતન પહોંચી ગયા. શાંતિનિકેતનમાં એ પ્રવેશની તિથિને તેઓ પોતાના નવજન્મની તિથિ ગણાવતા. એમના જીવનોત્કર્ષનો એ ઉદય હતો.

શાંતિનિકેતન–વિશ્વભારતીના વાતાવરણમાં એમના ગ્રહણશીલ મન ઉપર સંસ્કૃત વિદ્યાઓના પ્રકાંડ પંડિત વિધુશેખર ભટ્ટાચાર્ય, મધ્યયુગીન સંત સાહિત્યના પારગામી અધ્યેતા ક્ષિતિમોહન સેન, અભિજાત કલાકાર નંદલાલ બસુ, હિંદીના કુશળ પત્રકાર બનારસીદાસ ચતુર્વેદી જેવા ઉદાત્ત માનવીઓ અને સંસ્કારસ્વામીઓનો પ્રભાવ પડ્યો. પરિણામે એમની બહુવિધ સર્જક પ્રતિભાનો સુભગ વિકાસ થવા લાગ્યો. સૌથી મોટી ઉપલબ્ધિ તો એમની ચેતનામાં કવિ સાર્વભૌમ રવીન્દ્રનાથના અભિનવ માનવતાવાદની પ્રતિષ્ઠાની હતી. વિશ્વભારતીમાં દ્વિવેદીજી બી.એ.ના છાત્રોને સંસ્કૃત સાહિત્ય અને હિંદી સાહિત્ય ભણાવતા. અવકાશના સમયમાં પ્રવીણ નવલકથાકાર બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની નવલકથાઓ વાંચતા. બંગ ભાષા ઉપર પણ એમણે પ્રભુત્વ પ્રાપ્ત કર્યું હતું. ત્યાં હિંદી ભવનના અધ્યક્ષ હોવા ઉપરાંત તેઓ હિંદી ત્રૈમાસિક 'વિશ્વભારતી પત્રિકા' અને 'અભિનવ ભારતી ગ્રંથમાળા'નું સંપાદન પણ કરતા. બંને પ્રકાશનોનું હિંદી જગતમાં ખૂબ સન્માન થતું હતું. અહીં સંત કવિ કબીરદાસજીના જીવન અને કવન ઉપર એમણે શોધપૂર્ણ મહાનિબંધ પણ લખ્યો. કબીર વિષે એના જેવો તલસ્પર્શી અધ્યયન અને શોધનો ગ્રંથ હિંદીમાં આજ સુધી લખાયો નથી. આ જ રીતે નાથ સંપ્રદાય વિષે પણ એવો જ સત્વશાળી ગ્રંથ એમણે લખ્યો છે.

ઈ. ૧૯૫૦માં આચાર્ય નરેન્દ્રદેવે દ્વિવેદીજીને શાંતિનિકેતનથી બોલાવીને કાશી હિન્દુ વિશ્વવિદ્યાલયના હિંદી વિભાગના અધ્યક્ષ બનાવ્યા હતા. એ જ અરસામાં વિશ્રુત હિંદી સંસ્થા 'કાશી નાગરી પ્રચારિણી સભા'એ એમને પોતાના અધ્યક્ષ બનાવ્યા. આ સભા દ્વારા દ્વિવેદીજીએ 'હિન્દી શબ્દસાગર'ના ચાર ખડ અને બાર ખંડમાં વિસ્તૃત 'હિન્દી વિશ્વકોશ'નાં પ્રકાશનની વ્યવસ્થા કરી હતી.

આચાર્ય રાજશેખરે નવમી સદીમાં પોતાની 'કાવ્યમીમાંસા'માં કારયિત્રી અને ભાવયિત્રી નામની બે પ્રતિભાઓ વર્ણવી છે. હજારીપ્રસાદ આ બંને પ્રતિભાના અપ્રતિમ પ્રતીક હતા. 'બાણભટ્ટ કી આત્મકથા', 'ચારુ ચન્દ્રલેખ', 'પુનર્નવા' તથા 'અનામદાસ કા પોથા' નામની એમની નવલકથાઓના કર્તા રૂપે એમની કારયિત્રી પ્રતિભાનાં દર્શન થાય છે. 'હિન્દી સાહિત્ય કી ભૂમિકા', 'કબીર', 'હિન્દી સાહિત્ય કા આદિ કાલ', 'હિન્દી સાહિત્ય' આદિ એમના વિવેચન ગ્રંથોમાં એમની ભાવયિત્રી પ્રતિભા તથા 'અશોક કે ફૂલ', 'કલ્પલતા', 'મૃત્યુંજય રવીન્દ્રનાથ', 'આલોક પર્વ', 'વિચારપ્રવાહ' વગેરે ગ્રંથોમાં સંચિત એમના સુચિંતિત નિબંધોમાં એમની કારયિત્રી ને ભાવયિત્રી પ્રતિભાનો સંગમ જોવા મળે છે. એના આસ્વાદથી વાચકનું મન 'સત્વોદ્રેકાત્ અખણ્ડઃ'ની સ્થિતિમાં પહોંચી જાય છે. એમની કેટલીક કૃતિઓ ગુજરાતીમાં પણ અનુવાદિત થઈ છે.

પોતાની વિદ્યા–માતૃ–સંસ્થામાં અધીત વિષયની દૃષ્ટિએ તેઓ જ્યોતિષાચાર્ય હતા, પણ સહજવૃત્તિ ને વ્યવસાયથી તેઓ સાહિત્યાચાર્ય બની ગયા, પરંતુ એ આચાર્યત્વનો ભાર એમનામાં કદી વરતાયો નહોતો. તેઓ સદા નિર્દ્વન્દ્વ, સદા પ્રસન્ન અને સહજ-સરળ રહેતા. એમનાં અટ્ટહાસ્યો પ્રેમચંદજીનાં મુક્ત હાસ્યોની યાદ અપાવતાં.

ગુરુદેવ રવીન્દ્રનાથની સંસ્થામાં જે વ્યક્તિએ અધ્યાપકના રૂપમાં પોતાની જીવનસાધના આરંભી હતી તેના ઉપર ત્યાંના વાતાવરણની છાપ પડે એ સ્વાભાવિક હતું. ગુરુદેવની જેમ દ્વિવેદીજી કદી પણ કોઈ વાદમાં જોડાયા નહોતા. એમના સાહિત્યઝરણને સૂકવી દે એવા કોઈ પણ વિવાદ કે બખેડામાં તેઓ પડતા જ નહિ. એમની કોઈ પણ કૃતિ–કથા, વિવેચન કે નિબંધ ઇત્યાદિ સર્વમાં એમની માનવીયતા, તલસ્પર્શિતા, ગંભીરતા અને જીવંતતાનાં દર્શન થાય છે.

લેખિની જેટલી જ સબળ એમની વાણી પણ પ્રભાવશાળી હતી. બધા જ વિદ્વાનો લેખક નથી હોતા, અને બધા જ લેખકો વક્તા નથી હોતા પરંતુ દ્વિવેદીજીમાં આ ત્રણેય ગુણો પ્રચુર પ્રમાણમાં હતા. મધ્યયુગીન ભારતીય સાહિત્યના તેઓ અજોડ વિદ્વાન હતા. સંસ્કૃત, પ્રાકૃત, પાલિ, અપભ્રંશ, બંગલા અને ગુજરાતી આદિ અનેક ભાષાઓના તેઓ જ્ઞાતા હતા. પરંતુ એ પાંડિત્યના ભારણથી પોતાના વ્યક્તિત્વને વિરૂપ કે ઝાંખુ પડવા દીધું નહોતું. જીવનનાં અંતિમ વર્ષોમાં તો તેઓ ખરેખર કબીરદાસના સહજ જીવનની સ્થિતિમાં પહોંચી ગયા હતા. ઉત્તમ નવલકથાકાર, નિબંધ-લેખક અને વિવેચક દ્વિવેદીજીના સમસ્ત ચિંતનની આધારભૂમિ ભારતીય સંસ્કૃતિ અને માનવતાવાદની હતી.

હિંદી જગતમાં વિદ્વત્તા ને પાંડિત્યમાં એમની સામે આંખો મિલાવવાનું સાહસ કોઈમાં હતું નહિ, પરંતુ એમની વિદ્વત્તા (અનુ. પૃ. ૨૧૪)

સત્યજિત રાય સર્જિત વૈજ્ઞાનિક પાત્ર

પ્રો. શંકુને શનિની દશા

—ની આ અંકમાં પૂરી થતી રહસ્યકથા

અનુવાદક • સુકન્યા ઝવેરી

મારા ઓરડામાં જો કે બે પલંગ તો છે જ, પણ રૂમ ખૂબ નાનો હોઈ સમરવિલ માટે મેં બાજુના રૂમમાં બંદોબસ્ત કરવા વિચાર્યું હતું. જ્યારે ગ્રોપિયસને ત્યાંથી પાછો કર્યો ત્યારે પણ એ ખંડ ખાલી હતો. હોટેલના માલિકને એ રૂમ માટે કહેવા હું રૂમની બહાર નીકળ્યો તો એ ખંડમાં મેં બત્તી બળતી જોઈ અને એના અધખુલ્લા બારણા-માંથી ચિરૂટની કડક વાસ આવતી લાગી પછી તપાસ કરી તો ખબર પડી કે હવે બીજો કોઈ રૂમ પણ ખાલી રહ્યો નહોતો. ખેર, સમરવિલને હવે મારા જ રૂમમાં રહેવું પડશે.

અર્ધા કલાકમાં તો સમરવિલ આવી પહોંચ્યો. દરમિયાન ક્યારે વરસાદ શરૂ થઈ ગએલો એનો મને ખયાલ જ નહોતો. મારું ધ્યાન તો ત્યારે ગયું જ્યારે સમરવિલ પોતાનો ભીનો રેઈનકોટ કાઢતાં બોલ્યો 'કૉફી મંગાવ, પછી બધી વાત કરીએ.'

પણ પછી એ ગ્રોપિયસની જેમ પૂરી એક મિનિટ સુધી મારી સામે તાકી જ રહ્યો. આ નજરથી હવે હું ટેવાઈ ગયો હતો. અલબત્ત, સમરવિલની પ્રતિક્રિયા જુદી જ જાતની હતી.

'તારી નજરમાં, આંખમાં તો હું કોઈ ફેરફાર જોતો નથી, શંકુ મને ખાતરી છે કે તું સંપૂર્ણ સ્વસ્થ છે.'

આ સાંભળી આટલા દિવસ પછી આજે મેં નિરાંતનો શ્વાસ લીધો. કૉફી પીધા પછી મેં સમરવિલને આજની આખા દિવસની ઘટનાઓ કહી સંભળાવી. બધું સાંભળી લઈ એણે કહ્યું : 'છેલ્લા કેટલાક સમયનાં જૂનાં જર્મન સાયન્સ મૅગેઝિનો ઉથલાવી જઈ મેં ગ્રોપિયસના લેખો-નિબંધોની તપાસ કરી છે. છેલ્લાં દસેક વર્ષમાં એણે એક પણ લેખ લખ્યો જણાતો નથી. એ અગાઉ લખ્યા છે ખરા '

'એણે શાના વિષે લખ્યું છે ?'

'પોતાની વ્યર્થતા–નિષ્ફળતા વિષે '

'કઈ જાતની ? શાની નિષ્ફળતા ?'

એના ઉત્તરમાં સમરવિલે જે વાત કરી એ સાંભળીને હું કેવળ આશ્ચર્ય જ નહોતો પામ્યો, એના પરિણામે એક જુદું જ ચિત્ર મારી સામે પેશ થવા લાગ્યું હતું. સમરવિલે કહ્યું : 'તારો બનાવેલો ઓમનીસ્કોપ, તારું ધન્વંતરી ઔષધ મિરાક્યુલર, તારો લિંગ્વીઓગ્રાફ, તારી એર-કંડિશનિંગ પિલ્સ—આ દરેક શોધ ગ્રોપિયસના મગજમાં પણ આવી હતી, પણ એ દરેકની શોધમાં એની પહેલાં તું એ બધું શોધીને પેટન્ટ કરાવી લેતો હતો. એટલે કે પ્રતિભાની દોડમાં પ્રત્યેક વાર એ તારાથી જરા માટે પાછળ પડી ગયો હતો. દસેક વર્ષ પહેલાંના પોતાના છેલ્લા પ્રબંધમાં આક્ષેપ કરતાં એણે લખ્યું છે કે કોઈ પણ વૈજ્ઞાનિક શોધ માટે ખ્યાતિ મેળવવી બિલકુલ આકસ્મિક છે. પ્રાચીન ગ્રંથો ઊથલાવી એણે એનાં ઉદાહરણો પણ ટાંક્યાં છે. જેમ કે ગુરુત્વાકર્ષણ માટે ન્યૂટનને ખ્યાતિ મળી, પણ તેની યે પહેલાં ત્રીસ વર્ષ અગાઉ ઈટાલીના વિજ્ઞાની ફ્રાતેલ્લીએ આ ગુરુત્વાકર્ષણ વિષે લખ્યું હતું.'

'હા, આ જ રીતે વાયરલેસની શોધનું માન અમારા જગદીશચંદ્ર બોઝ પાસેથી માર્કોનીએ છીનવી લીધું હતું.' મેં પૂર્તિ કરતાં કહ્યું.

'હા, એમ જ.' સમરવિલે કહ્યું, અને પછી ઉમેર્યું : 'કદાચ એથી જ ગ્રોપિયસ તારો વિરોધી બની રહે તો એમાં આશ્ચર્ય પામવા જેવું નથી.'

'એ તો સમજ્યો. પણ આ બીજા શંકુનું રહસ્ય શી રીતે ઉકેલે છે ?'

સવાલ સાંભળી સમરવિલ ગંભીર થઈ ગયો. 'છેલ્લે તું સાતેક વર્ષ પહેલાં બગદાદમાં ગ્રોપિયસને મળેલો. એ પછી તેણે એક પણ વિજ્ઞાન-સંમેલનમાં ભાગ લીધો નથી. આ પહેલી જ વાર ગયા મે માસમાં એણે જ આ સંમેલન યોજ્યું અને તેમાં એણે હાજરી આપી તથા...'

સમરવિલને વચ્ચે જ અટકાવતાં મેં કહ્યું: 'પણ મને આ સંમેલનમાં આવવા માટે કોઈ આમંત્રણપત્ર પણ મળ્યો નહોતો.'

'શાનો મળે ? છતાં ગ્રોપિયસે તને જરૂર કહ્યું હશે કે એણે તને બોલાવ્યો હતો. એ તો ઠીક, પણ એણે તારી સહી સાથે તારો ઉત્તર પણ ફાઈલમાં રાખ્યો હશે.' મારે કહેવું જ પડ્યું કે એ પત્ર હું મારી સગી આંખે આજે એને ત્યાં જોઈ આવ્યો છું.

'અગાઉ એની જોડે ત્યારે પત્રવ્યવહાર થયો હતો ખરો ?'

'હા બગદાદમાં ઓળખાણ થયા પછી મેં એને બેએક વાર પત્રો લખ્યા હતા. અને તે પછી પાંચેક વર્ષ સુધી દરેક નવા વર્ષે અભિનંદનનાં કાર્ડ પણ હું મોકલતો રહેલો.'

ગંભીર બની માથું ધુણાવતાં સમરવિલ બોલ્યો, 'તારા દેખાવ અને મળતા ચહેરાનો કોઈ માણસ એણે ચોક્કસ ક્યાંકથી શોધી કાઢ્યો હશે. જે કંઈ થોડો ઘણો તફાવત હશે તે મેકઅપથી પૂરો કરી લીધો હશે. અહીં અપાએલું ભાષણ પણ બરાબર ગોખાવી લીધું હશે. પૈસાના લોભે ઘણા જણ આ કામ કરવા તૈયાર થઈ શકે. બીજા શંકુની બીજી તો કોઈ જવાબદારી નથી. એ તો કહ્યા પ્રમાણે કરીને પૈસા લઈ છૂટી ગયો. આ બાજુ અસલ શંકુનું જે સત્યાનાશ કરવાનું હતું તે થઈ ગયું, અને ગ્રોપિયસને ય બદલો લેવાઈ ગયો. અને હા, તારા કોઈ ભાષણનું રેકૉર્ડિંગ પણ એની પાસે હોવું જોઈએ.' આ સાંભળતાં મને યાદ આવ્યું કે બગદાદમાં ગ્રોપિયસને મેં એક નાનું ટેપ રેકૉર્ડર સાથે લઈ ફરતો જોયો હતો. મેં કહ્યું : 'એ પણ તદ્દન શક્ય છે. એટલું જ નહિ, મારો એક મજાનો રંગીન ફોટો પણ એની પાસે મેં આજે જોયો છે. સમરવિલે ચિંતિત અવાજે કહ્યું: 'મુશ્કેલી શી છે એ ખબર છે ? જેને એણે શંકુ બનાવ્યો હતો એને શોધી શકવાની સંભાવના બહુ જ ઓછી છે. અને ગ્રોપિયસ-ની આ શેતાની પુરવાર કરવા માટે એ બનાવટી શંકુ ખૂબ જરૂરી છે.'

આ હોટેલના ઓરડામાં ટેલિફોન નથી. પહેલા માળના ત્રણ રૂમ વચ્ચે પૅસેજમાં એક ફોન છે. જો એક નંબરની રૂમ માટે ફોન હોય તો એક ઘંટડી વાગે બીજા માટે બે અને ત્રીજા માટે ત્રણ એવી વ્યવસ્થા છે. અમે વાત કરતા હતા ત્યાં બે ઘંટડી વાગતી સંભળાઈ એટલે લાગ્યું કે મારો જ ફોન છે. બારણું ખોલી બહાર આવીને મેં ફોન લીધો.

'હલો'. 'કોણ ? પ્રોફેસર શંકુ બોલે છે ?'

'હા જી, હું જ, શંકુ.' 'હું ક્રિન્કેલસ્ટાઈન બોલું છું.'

આડીઅવળી વાતોમાં સમય ન બગાડતાં મેં તુરત અસલ વાત શરૂ કરી દીધી. 'ગયા મે માસમાં અહીં વિજ્ઞાનીઓની એક સભામાં આપે હાજરી આપી હતી. છાપામાં મેં એના એક ફોટામાં આપને જોયા છે.'

ક્રિન્કેલસ્ટાઇને પણ મારી વાતનો દોર પકડી લીધો; 'હા, હું એ સભામાં હાજર હતો.' અને પછી એકાએક જ પૂછ્યું: 'પ્રો. શંકુ, એ સભામાં આપનાં ચશ્માં ખોવાયાં હતાં કે ?'

એમના આવા અણધાર્યા પ્રશ્નનો શો ઉત્તર આપવો એ હું વિચારું ત્યાં તો એમણે બીજો સવાલ પૂછ્યો: 'આપનાં ચશ્માંના કાચ કેવા હતા ?

સ્વચ્છ શ્વેત કે ધૂમ્રવર્ણી ?' મેં કહ્યું : 'હું સ્વચ્છ શ્વેત ચશ્માં જ પહેરું છું. અને મારાં ચશ્માં ક્યારેય ખોવાયાં નથી.'

'મને પણ એમ જ લાગે છે. ખેર, સભામાં જે શંકુએ ભાષણ કર્યું હતું એ જ્યારે સભાખંડમાંથી બહાર નીકળતા હતા ત્યારે એમનાં ચશ્માં પડી ગયાં હતાં. મેં એ ઉપાડી લીધેલાં. અત્યારે એ મારી પાસે છે. અને એની સાથે બીજી પણ એક ચીજ હતી તે પણ મારી પાસે છે.'

'કઈ ચીજ છે એ ?'

'એ તો આપ મારે ત્યાં આવીને જાતે જ જોજો. જો એ ચીજ મને ન મળી હોત તો હું પણ વક્તાને અસલ શંકુ જ માની બેસત.'

એમનું આ છેલ્લું કથન સાંભળી મારા હૃદયના ધબકારા વધી ગયા. લાગલું જ મેં પૂછ્યું : 'હું આપને મળવા ક્યારે આવી શકું ?'

'અત્યારે તો રાત પડી ગઈ છે. સવારે સાડા આઠ વાગ્યે આવો. બહુ વહેલું તો નહિ પડે ને ?'

'ના જી, બરાબર સાડા આઠે આવી જઈશ. મારી સાથે મારા અંગ્રેજ મિત્ર સમરવિલને પણ લેતો આવીશ.'

'ભલે, એમને પણ લાવજો. વારુ, તો હવે રૂબરૂ જ મળીશું. ઘણી વાતો કરવાની છે.' અને એમણે ફોન મૂકી દીધો. સમરવિલ મારી પાસે જ ઊભો હતો. અમે બંને અમારા ઓરડામાં પાછા ગયા. બારણું વાસી દઈ સમરવિલે પૂછ્યું : 'ત્રણ નંબરમાં જે રહે છે એને તું ઓળખે છે?'

'કેમ પૂછે છે ? એ આજે સાંજે જ આવ્યો છે.'

'એનામાં કુતૂહલવૃત્તિ જરા વધુપડતી લાગી. ચીરૂટની વાસ આવતાં મેં પાછા વળી જોયું તો પોતાના બારણાને એકાદ ઈંચ ખુલ્લું રાખી એ ત્યાં ઊભો હતો. તારી ફોન પરની વાત સાંભળવાની એને આટલી ઉત્કંઠા શા માટે હશે ?' સમરવિલના આ પ્રશ્નનો ઉત્તર મારી પાસે નહોતો. એ માણસ કોણ હશે એની પણ મને ખબર નથી. આશા છે કે કાલે ક્રિન્કેલસ્ટાઈનની સાથે વાત કર્યા પછી ઘણો બધો રહસ્યભેદ ખૂલી જશે. અત્યારે રાતના અગિયાર થયા છે. બહાર વરસાદ પડે છે. સમરવિલ ઊંઘી ગયો છે. હું પણ હવે લંબાવું.

૯મી જુલાઈ

કાલે ડાયરી લખી ન શક્યો. લખવા જેવી મારી મનઃસ્થિતિ પણ નહોતી. પેલા જ્યોતિષીનું કથન અંતે ખરું પડ્યું. એક વાત તો માનવી જ રહી. શયતાનીમાં સાધારણ માણસ માટે વૈજ્ઞાનિક સામે ટક્કર લેવી શક્ય નથી. ખેર, અત્યારે તો ગઈ કાલની અસામાન્ય ઘટના જ નોંધું.

સવારે સાડા આઠ વાગ્યે ક્રિન્કેલસ્ટાઈન સાથે ઍપૉઈન્ટમેન્ટ હતી. ટેલિફોન ડિરેક્ટરીમાં એમનું સરનામું જોઈ સમરવિલે કહ્યું : 'ચાલીને જઈ શકાશે. ખાસ દૂર નથી. અર્ધા કલાકમાં પહોંચી જઈશું.' સમરવિલે ઈન્સબ્રુક જોએલું છે. વળી, મને ટૅક્સીમાં લઈ જવાની સુસીબતની પણ એને ખબર હતી.

આઠ વાગ્યે અમે નીકળ્યા. જૂના શહેરની વચ્ચે થઈને જવાનું હતું. મેં જોયું કે અહીંની ગલીકૂંચીઓમાં થઇને જવાના ટૂંકા માર્ગની પણ સમરવિલને ખબર હતી. એક ગલી પાર કરીને અમે ખુલ્લામાં આવ્યા કે જમણી તરફ ચિત્ર જેવી સુંદર સીલ નદી વહેતી દેખાઈ. આ નદીને તીરેતીરે થોડે દૂર જઈ, ડાબી બાજુ વળી એક નિર્જન માર્ગ પર આવ્યા. આ જ રૅાઝેનબામ આલે, એટલે કે ક્રિન્કેલસ્ટાઈના ઘરનો રસ્તો. અગિયાર નંબર શોધતાં જરા ય અગવડ પડી નહિ.

નાનકડો પણ ચિત્રવત્ સુંદર બંગલો હતો. આગળ બગીચામાં રંગબેરંગી સુંદર ફૂલોની ક્યારીઓ હતી. ઝાંપાની જમણી બાજુ પ્રહરીની જેમ ઍપલનું એક ઝાડ ઊભું હતું. આગળ વધીને અમે બારણે પહોંચી બેલ વગાડ્યો. એક પ્રૌઢ નોકરે દ્વાર ખોલ્યું. મને જોઇને તેના મોં પર પ્રકટેલું હાસ્ય, શી ખબર કેમ, પણ મને કંઈક અસ્વાભાવિક લાગ્યું.

'આવો, અંદર આવો...આપ અહીં કંઈ ભૂલી ગયા છો ?'

નોકરનો આ પ્રશ્ન સાંભળી મારા હૃદય પર જાણે ઘણ વાગ્યો.

'પ્રોફેસર ક્રિન્કેલસ્ટાઈન છે ?' સમરવિલે શંકિત સ્વરે પૂછ્યું.

'શેઠ સાહેબ તો હજી એમના રૂમમાં જ છે.' 'કયા રૂમમાં ?'

'ઉપર ચડો કે જમણી તરફના રૂમમાં.' અને પછી મારા તરફ ઈશારો કરતાં ઉમેર્યું : 'આ સાહેબ તો હજી હમણાં થોડી વાર પહેલાં જ...'

પણ એનું કહેવું ન સાંભળતાં સમરવિલ એકદમ બબ્બે પગથિયાં એકસાથે ચડી ઉપર ગયો. જમણી તરફના ખંડનાં બારણાં ખુલ્લાં જ હતાં. સમરવિલ એ તરફ દોડ્યો ને બારણાં પાસે પહોંચતાં જ 'માઈ ગૉડ' બોલતો ત્યાં જ ખમચીને ઊભો રહી ગયો.

ક્રિન્કેલસ્ટાઈનનો આ સ્ટડી રૂમ. મૅહોગનીના ટેબલ સામે પોતાના માથાને અદ્ભુત રીતે પાછળ ઢાળી ક્રિન્કેલસ્ટાઈન ખુરશી પર બેઠા હતા. એમના બંને હાથ ખુરશીની બાજુમાં લટકતા હતા.

આગળ વધી જોયું. અનુમાન સાચું હતું. ક્રિન્કેલસ્ટાઈનના મોં ભણી જોઈ શકાય તેમ નહોતું. ગળું દૂંપીને એમની કોઇએ હત્યા કરી લાગતી હતી. એમની ગરદન પર શ્વાસનળીની બંને બાજુ મારનારનાં આંગળાંની છાપ તાજી જ હતી. અમારી પાછળ જ ઉપર આવેલા નોકરે આ દૃશ્ય જોઇને જે કર્યું એ પણ ભુલાય તેમ નથી. એક અસ્પષ્ટ ચીસ પાડી, મારી તરફ ડોળા ફાડી એણે તુરત ટેબલ ઉપર પડેલો ટેલિફોન ઉપાડ્યો. એનો ઉદ્દેશ સ્પષ્ટ હતો. જરૂર એ પોલીસને ખબર દેવા ઇચ્છતો હતો.

પણ આ જોઈ સમરવિલે જે કર્યું એ ચોક્કસ એની શીઘ્ર બુદ્ધિના પરિચય સમ હતું. એના એક જ મુક્કાએ નોકરને ધરાશાયી કરી દીધો. જોયું તો નોકર બેશુદ્ધ થઈ ગયો હતો.

'તું હવે બરાબર ફસાઈ ગયો, શંકુ !' અધ્ધર શ્વાસે સમરવિલે મને કહ્યું. 'મગજ ઠંડું રાખીને હવે કામ લેવું પડશે.' અને એણે ચોપાસ નજર ફેરવવા માંડી. અને ટેબલ પર કંઈ જોતાં જ બોલી ઊઠ્યો : 'જો તો, આ ટેબલ પર શું છે ?'

મારી નજર ટેબલ પર રાખેલા એક પૅડ પર પડી. નજીક જઈ જોતાં તેના પાના પર લાલ પેનસિલથી લખેલો એક જ શબ્દ વંચાયો—'એર્સ્ટે', એટલે કે ફર્સ્ટ—પ્રથમ. આગળ પણ કંઈ લખવા ધાર્યું હશે એમ એ શબ્દ પછી પણ પેનસિલના ઘસરકાથી સમજાતું હતું. ટેબલ પાસે જ નીચે લાલ પેનસિલ પણ પડી હતી.

એર્સ્ટે લખીને ક્રિન્કેલસ્ટાઈન શું કહેવા માગતા હતા ? પહેલું, બીજું, ત્રીજું—આ રીતે સમજાવવા જેવું અહીં શું હતું ? પુસ્તકોની અભરાઈ કહેવી હશે ? લાગતું તો નહોતું. હું સમજી ગયો કે તેઓ કોઈ વસ્તુનું સ્થાન જણાવવા ઇચ્છતા હતા. ફોનમાં એમણે મારાં ચશ્માંનો ઉલ્લેખ કરેલો. એ ક્યાં છે એ તો નહિ સૂચવતા હોય ? જે કરવાનું હતું તે બહુ જ જલ્દીથી પતાવવાની જરૂર હતી. અમે શોધ આદરી દીધી અને એમના ટેબલના ઉપરના પહેલા ખાનામાંથી એ ચીજ મળી ગઈ. બીજી કેટલીક પરચૂરણ ચીજો સાથે પૂઠાનું એક ખોખું તેમાં હતું. તેના ઉપર જર્મન ભાષામાં લખ્યું હતું. 'પ્રો. શંકુનાં ચશ્માં અને વાળ.' એ ખોખું ઉઠાવી લઈ અમે બંને ત્યાંથી નાઠા. નોકર હજી બેભાન જ હતો.

દાદર ઊતરતાં કોઈના બૂટની છાપ નજરે પડી. ઉપર આવતી વેળા ઉતાવળમાં એ અમારી નજરે ચડી નહોતી. બહાર પણ એ જ પગલાં જોયાં. બહાર નીકળી ઝાંપો વટાવી રસ્તા ઉપર આવતાં પણ એ જોયાં. અંદર જતાં અને બહાર જતાં, બંને વખતની સ્પષ્ટ છાપ હતી. કાલે રાતે વરસાદ પડેલો એના લીધે પગલાંની સ્પષ્ટ છાપ પડી હતી. એને અનુસરતાં થોડે દૂર સુધી જઈ અમે જોયું કે એ છાપ અદૃશ્ય થઈ ગઈ હતી. દસેક મિનિટ આમતેમ શોધવા છતાં બીજા શંકુનાં કોઈ નિશાન ન મળ્યાં. અંતે ન છૂટકે અમે અમારી હોટેલ પર પાછા ફર્યા. હોટેલના

માલિકે મને કહ્યું: 'તમારા માટે ડૉક્ટર ગ્રોપિયસનો ફોન આવ્યો હતો. તમને આવીને તુરત એમને ફોન કરવા કહ્યું છે.'

ઉપર પહોંચી અમે જોયું કે પેલો ત્રણ નંબરનો રૂમ ફરી ખાલી થઈ ગયો હતો. અમારા રૂમમાં પહોંચી બારણું વાસી અમે પલંગ પર બેઠા, અને ક્રિન્કેલસ્ટાઈનને ત્યાંથી આણેલું પેલું ખોખું ખોલ્યું. તેમાં ચશ્માં ઉપરાંત એક કવર પણ હતું. ચશ્માં બરાબર મારાં જેવાં જ હતાં, પણ તેના કાચ શ્વેત નહિ પણ સહેજ ભૂખરા રંગના હતા. કવર ખોલ્યું તો તેમાંથી એક ચબરખી નીકળી. તેમાં લખ્યું હતું: 'લાઈવનિત્સ હૉલની વિજ્ઞાનસભામાં ભારતીય વિજ્ઞાની પ્રો. શંકુની આંખ પરથી નીકળી પડેલાં ચશ્માં અને સાથે નાઇલોનનો વાળ.'

નાઇલોનનો વાળ ?! કવરમાં એ વાળ પણ હતો જ. માથાના સફેદ વાળ જેવો જ એ લાગતો હતો, પણ એ બનાવટી હતો. ખરો વાળ નહિ, નાઇલૉનનો હતો. આ વાળ પરથી જ ક્રિન્કેલસ્ટાઈન સમજી ગયા હશે કે ભાષણ આપનાર શંકુ અસલ શંકુ નહોતો.

પણ મારા પર આવી પડેલા સંકટમાં ક્રિન્કેલસ્ટાઈનની સહાય મળવાની હવે કોઈ શક્યતા રહી નહોતી.

એવામાં એકાએક બારણા પર ટકોરા પડતાં અમે બંને ચમકી ગયા. કોણ આવ્યું હશે અત્યારે? બારણું ખોલીને જોયું તો ગ્રોપિયસ!

સમરવિલ સાથે ઓળખાણ કરાવીને મેં ગ્રોપિયસને બેસવા કહ્યું. પણ એ બેઠો નહિ. બારણા પાસે ઊભાઊભા જ એણે કહ્યું: 'આજે તમને લઈ જવાનું કહ્યું હતું, પણ આજે વેવરને કંઈક કામ છે. વળી, મારે ઘેર પણ એક દુર્ઘટના બની ગઈ છે. મારો એક નોકર ક્રાન્તસે એકાએક થ્રોમ્બોસિસથી મરી ગયો છે. એની અંતિમ ક્રિયામાં મારે પણ જવું પડશે.'

એના ઉત્તરમાં મારે તો કંઈ કહેવા જેવું હતું જ નહિ. થોડી વાર પછી ગ્રોપિયસ જ બોલ્યો: 'તમને ખબર છે ક્રિન્કેલસ્ટાઈન મરી ગયો?'

મેં ક્રિન્કેલસ્ટાઈનને મળવા માટે ઍપૉઇન્ટમેન્ટ લીધી હતી એ પેલા ત્રણ નંબરની રૂમમાં ઊતરેલા પેલા આદમીએ સાંભળ્યું હતું એ મને યાદ આવ્યું. એ જો ગ્રોપિયસનો જ માણસ હોય તો અમારી મુલાકાતની જાણ ગ્રોપિયસને પણ હોવી જ જોઇએ. છતાં મેં અજાણ બની વિસ્મિત થવાનો ડોળ કરતાં પૂછ્યું: 'શું કહો છો? ક્રિન્કેલસ્ટાઈન ક્યારે ગુજરી ગયા?'

'આજે સવારે.' ઍકેડેમી ઑવ સાયન્સમાંથી થોડી વાર પહેલાં જ ફોન આવ્યો હતો. એના નોકર અન્ટને પહેલાં પોલીસને ખબર આપ્યા અને પછી ઍકેડેમીના પ્રેસિડેન્ટ ઑસમૅનને ફોન કર્યો હતો.'

આ સાંભળી અમે બંને મૌન રહ્યા. ગ્રોપિયસે એક પગલું આગળ આવી ઉમેર્યું: 'અન્ટને એક માણસની વાત કરી છે—શરીરે શામળો, માથે ટાલ; દાઢી અને ચશ્માંવાળા આદમીનું વર્ણન એણે પોલીસને આપ્યું છે. આજે સવારે જ આ આદમી ક્રિન્કેલસ્ટાઈનને ઘેર ગયો હતો. અન્ટને એ માણસનું નામ પણ આપ્યું છે.'

'દેખાવનું વર્ણન જો મને મળતું છે તો પછી નામ પણ મળતું જ હશે. કારણ સવારે હું ખરેખર એમને મળવા ગયો હતો. સાથે સમરવિલ પણ હતા. જઇને જોયું તો ક્રિન્કેલસ્ટાઈન મરેલા પડ્યા હતા. ગળું દબાવીને નિર્દય રીતે એમને મારી નાખવામાં આવ્યા હતા.'

'પ્રોફેસર શંકુ!' ગ્રોપિયસનો અવાજ હવે લોહી થીજવી દે તેવો બની ગયો હતો, 'ભાષણમાં ભાષાની મદદથી વિજ્ઞાનીઓ પર આક્રમણ કરવું અને ખરેખર આક્રમણ કરીને મારી નાખવું એ બંને અલગ બાબત છે. તમે જ્યારે કહો છો કે તમારું મગજ બિલકુલ સ્વસ્થ છે, તો પછી આ ગુના માટે તમને શી સજા થઈ શકે તેનો પણ તમને ખયાલ હશે જ.'

આ વખતે સમરવિલે જવાબ આપ્યો. એનો અવાજ તદ્દન સ્વાભાવિક હતો: 'ડૉક્ટર ગ્રોપિયસ, તમે જ્યારે ભાષણના દિવસે મંચ પરથી શંકુને લઇને ચાલ્યા જતા હતા ત્યારે એનાં ચશ્માં નીકળી પડેલાં. ભૂખરા રંગના સન ગ્લાસિઝવાળાં ગૉગલ્સ જેવાં એ ચશ્માં ક્રિન્કેલસ્ટાઇને ઉપાડી લીધાં હતાં. એ ચશ્માની દાંડી પર એક વાળ ચોંટેલો હતો. એ વાળ નાઇલોનનો હતો, મતલબ કે બનાવટી હતો. આજે ક્રિન્કેલસ્ટાઈનના નોકરના કહેવા પરથી લાગ્યું કે શંકુ જેવા જ દેખાવનો કોઈ બીજો જ એક માણસ અમારાથી અર્ધા કલાક પહેલાં ક્રિન્કેલસ્ટાઈનને મળવા આવ્યો હતો. દાદર ઉપર અમે એનાં પગલાંનાં નિશાન પણ જોયાં હતાં. ઘરમાંથી બહાર અને પછી રસ્તા ઉપર પણ એ હતાં. એ માણસના ત્યાં ગયા પછી થોડી જ વારે ખૂન થયું હતું. ખૂનીએ હાથમોજાં પહેર્યાં નહોતાં. તેનાં આંગળાંની સ્પષ્ટ છાપ ક્રિન્કેલસ્ટાઈનના ગળા પર હતી. આ બનાવટી શંકુએ જ ખૂન કર્યું છે અને તમે એનો આરોપ અસલ શંકુ પર શા માટે લાદો છો?'

અસ્વાભાવિક હિંસ્રતાથી ખડખડાટ હસતા ગ્રોપિયસે કહ્યું: 'લાદીશ જ. શી રીતે એ તમે જોશો. કાલે આ શંકુએ મારા ઘરે આવીને મારે ત્યાંના કપમાં હૉટ ચૉકલેટ પીધી હતી. મારા ફોટો-આલ્બમનાં પાનાં ફેરવ્યાં હતાં. એ બધાં પર આંગળાંની છાપ નહિ પડી હોય? એવી છાપ પરથી કૃત્રિમ છાપ પણ તૈયાર કરી શકાય છે, પ્રો. સમરવિલ! હૅન્સ ગ્રોપિયસની એ એક શોધ છે. અત્યાર સુધીમાં ત્રણ શ્રેષ્ઠ ક્રિમિનલ્સને મેં એનો ઉપયોગ શીખવાડયો છે.' આટલી વાર સુધી મારું ધ્યાન નહોતું ગયું કે ગ્રોપિયસની સાથે આવેલો બીજો પણ એક માણસ ખિસ્સામાં હાથ રાખી બારણા બહાર ઊભો હતો. નજર પડતાં જ હું જાણી ગયો કે આ જ માણસ કાલે બાજુની રૂમમાંથી છાનોમાનો ક્રિન્કેલસ્ટાઈન સાથેની મારી વાત સાંભળતો હતો.

'અત્યંત દુ:ખની વાત છે કે તમારો આ અંજામ આવશે.' ગ્રોપિયસે મારી સામે જોઈ કહ્યું: 'આ સ્થિતિમાં તમારું મગજ ખરેખર ખરાબ થઈ જાય તો પછી વેવરનું ક્લિનિક તો છે જ. ત્યાં મારી શોધેલી પદ્ધતિથી બ્રેઈન-સપ્લાન્ટનું કામ શરૂ કર્યું છે. લાગે છે કે આ વખતે તમે મને ટક્કર નહિ મારી શકો. વેલ, ગુડ ડે, પ્રો. શંકુ! ગુડ ડે પ્રો. સમરવિલ.'

અને ગ્રોપિયસ તથા એનો નોકર ધડધડ દાદર ઊતરી ગયા. હું પલંગ પર બેસી પડયો. ચિંતાતુર સમરવિલે આંટા મારવા માંડયા. બે વાર મેં એને બોલતો સાંભળ્યો: 'કેટલો બદમાશ!' 'કેવો શયતાન!'

હું સમજી ગયો હતો કે મને બધી બાજુથી જાળમાં ફસાવી દેવામાં આવ્યો હતો. આંગળાંની છાપ પણ જો મારી જ હોવાનું સાબિત થાય તો પછી મારા છુટકારાનો કોઈ જ ઉપાય નહોતો. જો પેલા બનાવટી શંકુને શોધી કાઢીને પોલીસ સમક્ષ રજૂ કરી શકાય!

'જ્યારે બરાબર ફસાયા જ છીએ,' આંટા મારવા બંધ કરી સમરવિલ બોલ્યો: 'તો પછી આનો અંત પણ જોઈ લઇએ. મરવાનું હોય તો લડત આપીને જ મરવું સારું, હારી જઇને નહિ.'

મને લાગ્યું કે મારી આપત્તિને પોતાને માથે લઈ લેતાં સમરવિલ સહેજ પણ દ્વિધા અનુભવતો નહોતો. પોતાની સૂટકેસ ખોલી એમાંથી રીવૉલ્વર બહાર કાઢીને એણે ખિસ્સામાં મૂકી. વિજ્ઞાની હોવા સાથે એ બહુ જ અચ્છો શિકારી પણ હતો એની મને વેનેઝુએલાનાં જંગલોમાં અનેકવાર સાબિતી મળી હતી. એને જોઇને મેં પણ મારી એનાઇહિલિન ગન–અર્થાત્ નિશ્ચિહ્ન અસ્ત્ર કાઢ્યું. માત્ર ચારેક ઇંચ લાંબું મારું આ નિશ્ચિહ્ન હથિયાર ન છૂટકે જ વાપરું છું.

ઓરડો વાસી અમે નીચે હોટેલની બહાર આવ્યા. થોડુ ચાલતાં એક ટૅક્સી જતી જોઈ, એને હાથ કરી થંભાવી. પણ મારા પર નજર પડતાં જ 'નાઈન, નાઈન'–નહિ, નહિ કરી ડ્રાઈવરે નકારમાં માથું ધુણાવ્યું. પણ ત્યાં તો સમરવિલે તુરત જ એના હાથમાં એક સો ગ્રોશેનની નોટ સરકાવતાં 'નાઈન, નાઈન'નું 'યા-યા' થઈ ગયું. આ દરમિયાન

સાયરનનો અવાજ સંભળાવા લાગ્યો હતો, અને અમારી ટૅક્સી સ્ટાર્ટ થઈ ત્યારે એક પોલીસવાન અમારી હોટેલ તરફ જતી દેખાઈ. પણ અમારી ટૅક્સી પર નજર પડતાં જ એણે બ્રેક મારી.

સમરવિલે વળી ડ્રાઈવરના હાથમાં બીજા બસો ગ્રોશેન મૂકતાં કહ્યું : 'ખૂબ જલ્દી ભગાવ અને ગ્રુનેવાલ્ડ સ્ટ્રાસ તરફ લઈ લે'.

સૂરજ નીકળ્યો હતો, પણ પશ્ચિમ તરફનાં વાદળોએ આકાશને છાઈ દીધું હતું. તેનાથી તાપમાન બહુ ઓછું થઈ ગયું હતું. અમારી મર્સિડીસ ટૅક્સી ટ્રાફિક બચાવતી વંટોળિયાની જેમ ભાગવા લાગી.

દસેક મિનિટ પછી ફરી પાછળથી સાયરનનો અવાજ સંભળાવા લાગ્યો. સમરવિલે ડ્રાઈવરના ખભા પર હાથ મૂકી જરા દબાવ્યો. અમારી ગાડીની ઝડપ ઓર વધી ગઈ. સ્પીડોમીટરનો કાંટો સો કિલોમીટર પર પહોંચી ગયો. ડ્રાઈવરે બાહોશીથી અમને વીસેક મિનિટમાં તો ગ્રુનેવાલ્ડ સ્ટ્રાસ પહોંચાડી દીધા. પણ સામે જ એક શબયાત્રા પસાર થતી જોઈ ન છૂટકે અમારે ઝડપ ઓછી કરવી પડી. દસબાર જણ એક કૉફિન સાથે ડાબી તરફ કબ્રસ્તાનના ગેટમાં દાખલ થતા દેખાયા. તેમાંના બે ઓળખાયા. એક કાલે જેણે મને હૉટ ચૅાકલેટ આપી હતી એ નોકર હતો, અને બીજો હતો ગ્રોપિયસ પોતે.

અમારી ગાડી કબ્રસ્તાનનો ગેટ વટાવી આગળ નીકળી ગઈ પણ એકદમ સમરવિલે બૂમ પાડી: 'સ્ટૉપ ધ કાર! ગાડીને બૅક કર–પાછળ લે'. બક્ષિસ પામેલા ડ્રાઈવરે એ જ ઘડીએ ગાડી રોકી ને તુરત પાછી લીધી. કબ્રસ્તાનના દરવાજા પાસે એકદમ અમે નીચે ઊતરી પડયા, પણ ત્યાં તો કબ્રસ્તાનની નીરવતાને ચીરતો સાયરનનો અવાજ ગાજી ઊઠયો. ટૅકસીની પાછળ જ પોલીસવાનની બ્રેકના ચીં ઇં... અવાજે એમાં પૂર્તિ કરી.

કબ્રસ્તાનમાં તાજા જ ખોદાએલા ખાડા પાસે કૉફિન મૂકવામાં આવ્યું હતું. ડાઘુઓ બધા અમારી દિશામાં જોઈ રહ્યા. ગ્રોપિયસ પણ ફાટી આંખે અમારી તરફ તાકી રહ્યો હતો. પોલીસવાનમાંથી એક ઈન્સ્પેક્ટર ને બે બીજા જણ સાથે ફ્રિન્કેલસ્ટાઈનનો નોકર અન્ટન પણ ઊતર્યો.

મને જોતાં જ એણે આંગળી ચીંધી બૂમ પાડી કહ્યું : 'આ જ છે પેલો માણસ!' અને પોલીસ ઑફિસર મારી તરફ આગળ વધ્યો. પેલી બાજુ પાદરીએ અંતિમ વિધિનો પ્રારંભ કરી દીધો હતો. નજીક આવી ઈન્સ્પેક્ટર બોલ્યો : 'પ્રોફેસર શંકુ? મારું નામ ઈન્સ્પેક્ટર ડીટ્રીથ. તમારી સાથે મારે જરા......'

'દ્રુમ-દ્રુમ–દ્રુમ'. સમરવિલની રિવૉલ્વર ત્રણ ચાર વાર ગર્જી ઊઠી, અને સાથોસાથ ત્રણ વાર લાકડું ફાટવાનો અવાજ પણ સંભળાયો.

'પકડો એને, એ નાસી જાય છે'. સમરવિલની બૂમ સંભળાઈ, કારણ ગ્રોપિયસે કબ્રસ્તાનની પાછલી દિશા ભણી દોડવા માંડયું હતું. પોલીસના એક માણસે રિવૉલ્વર કાઢી તીર વેગે તેની પાછળ દોડવા માંડયું. ઈન્સ્પેક્ટર ડીટ્રીથે બૂમ પાડી : 'જે કોઈ ભાગશે તેને ઠાર કરવામાં આવશે'.

આ બાજુ મારી વિસ્ફારિત નજર કૉફિન ભણી વળી, સમરવિલના ગોળીબારે કૉફિનના ઢાંકણને છૂટું પાડી નાખ્યું હતું. અંદર વિશાળ નિષ્પલક ચળકતી આંખોવાળો જે સૂતો હતો તે હતો મારો ડુપ્લિકેટ શંકુ નંબર ૨! સૌ કૉફિનને વીંટળાઈ વળી આશ્ચર્યથી તાકી રહ્યા હતા.

પછી એકાએક જે બન્યું એ જોઈ ડીટ્રીથના હાથમાંની રિવૉલ્વર પણ પડી ગઈ! પોલીસે પકડી આણેલો ગ્રોપિયસ પણ લગભગ બેભાન બની ગયો. કૉફિનમાં સૂતેલો શંકુ ધીરેધીરે બેઠો થઈ ગયો. કૉફિનનું પાટિયું વીંધી એના શરીરમાં પેસી ગએલી સમરવિલની ગોળીએ એના છાતીમાં પેસી જઈને અંદરની યાંત્રિક રચનામાં ગરબડ કરી નાખી હતી. ગ્રોપિયસે સર્જેલા એ યાંત્રિક શંકુના શરીરમાં ગોઠવેલું ટેપ રેકૉર્ડર ચાલુ થઈ ગયુ અને બનાવટી શંકુનું ભાષણ શરૂ થયું :

'સજ્જનો! આજે હું જે વાતો કરવા આ સભામાં ઉપસ્થિત થયો છું એ બધી આપને પસંદ પડશે એમ હું માનતો નથી, પણ છતાં યે...'

મેં મારી એનાઇહિલીનની બંદૂક ખિસ્સામાંથી બહાર કાઢી. મારા આ પૈશાચિક ડુપ્લીકેટનો નાશ કર્યા સિવાય મારી આપત્તિ ટળે તેમ નહોતી જ. પેલા જ્યોતિષીએ પણ આમ જ કહેલું ને? □

ટિકિટ-સંગ્રહ






આ માસ જુલાઈની ૨જી તારીખે ભારતની બે ખાસ ટપાલ-ટિકિટો બહાર પડી. પહેલી ૫૦ પૈસાની ટિકિટ પોસ્ટકાર્ડની શતાબ્દી નિમિત્તની છે જેના પર ઈ. ૧૮૭૯ની ૧લી જુલાઇએ બહાર પડેલા ૧ પૈસાની કિંમતના (૧ પૈસો = ૧/૬૪ રૂ.) તથા આજના ૧૫ પૈસા (જૂના મૂલ્ય પ્રમાણે ૧૦ પૈસા)ની કિંમતના પોસ્ટકાર્ડની રજૂઆત છે. બીજી ૩૦ પૈસાની બેરંગી ટિકિટ આવતા વર્ષના આરંભમાં નવી દિલ્હીમાં યોજાનારા એશિયાભરમાં પ્રથમ એવા આંતરરાષ્ટ્રીય ટિકિટપ્રદર્શન 'ભારત–૮૦'ની જાહેરાત નિમિત્તની છે. ભારતના રાષ્ટ્રીય પુષ્પ કમળના આલેખનવાળા એ પ્રદર્શનના સંજ્ઞાચિત્રને આ ટિકિટના ડિઝાઈનમાં સમાવી લેવામાં આવ્યું છે. (પ્રેષક : જગદીશ બિનિવાલે - અમદાવાદ)

દસ આદિવાસી આશ્રમશાળાઓને 'કુમાર' ભેટ

મોકલવા માટે અમેરિકાના એક સંસ્કારપ્રિય સજ્જન તરફથી અમને દસ લવાજમોની રકમ મળી છે. જે આદિવાસી આશ્રમશાળાઓને આનો લાભ લેવો હોય તેમણે પોતાનાં નામસરનામાં અમને તાકીદે મોકલવાં. 'વહેલો તે પહેલો'ની પદ્ધતિએ અમને પહોંચતાં પ્રથમ દસ નામને લાભ મળશે. બાકીનાઓએ નિરર્થક પત્રવ્યવહારમાં ઊતરવું નહિ.

પશ્ચિમ સૌરાષ્ટ્રનાં જૂનાં માતૃકામંદિરો અને શિવમંદિરો

લેખક • મણિભાઈ વોરા



▷ પાસ્તર ગામમાં નવમી સદીના અંત ભાગનાં સૈન્ધવ શૈલીનાં પંચાયતન દહેરાં

(ફોટો : મણિભાઈ વોરા)


વલભીપુરની જાહોજલાલીના યુગમાં ઘણાં મંદિરો બંધાયાં હશે. પણ તેમા આજે તો પશ્ચિમ સૌરાષ્ટ્રના ભાગમાં એ મૈત્રક મંદિરોના અવશેષ વિશેષ જોવા મળે છે. સૂર્યમંદિરો સાથે શિવ, શક્તિ, વિષ્ણુ. ગણેશ અને વરાહ ભગવાનનાં મંદિરો પણ છે. એમાંથી અનન્ય કહી શકાય એવાં કેટલાંક માતૃકા (શક્તિ)નાં અને શિવનાં મંદિરોની અહીં વાત કરીએ :


(૧) **માતૃકામંદિર-ખીમેશ્વર**: પોરબંદરની વાયવ્યે કુછડી ગામ પાસે ખીમેશ્વરનાં સાત દહેરાં છે, તેમાં દ્રાવિડ શિખર ધરાવતાં અગત્યનાં શિવમંદિરો છે. આ મંદિરસમૂહમાં વલભીશિખર ધરાવતું ઉત્તરમુખે એક અનન્ય માતૃકામંદિર છે. ગજપીઠ પ્રકારનું આવું મંદિર બીજે કોઈ સ્થળે જોવામાં આવ્યું નથી. લંબચોરસ ગર્ભગૃહ અને તેની આગળ વિશાળ ચોરસ ગૂઢમંડપવાળા આ મંદિરની સાદી ભીંત ઉપર લુપાવલિ (પીંઢિયાના છેડા જેવું શિલ્પ) અને કપોત થર છે. મંદિરની બહાર પછીતે ચાપડા રૂપે મોટો ચૈત્ય બારીનો સુરસેનક છે. મંડપમાં ગર્ભદ્વારની બેઉ બાજુ પણ મોટા ચૈત્ય બારીના સુરસેનકો છે. ગર્ભગૃહ ઉપર વલભીશિખરના પૂર્વ અને પશ્ચિમ ભાગે ચૈત્ય કમાનનાં મોટાં શિલ્પ છે. મંદિરની મૂળ માતૃકાઓ પૈકીની બે ચાર મૂર્તિઓ હાલ સામેના ઓટલા પર મૂકી છે. આ દ્વિભુજ મૂર્તિઓ છે, ને મંદિરમાં આજે નવદુર્ગા રૂપે સિંદૂર અર્ચિત અણઘડ નાની પ્રતિમાઓ પૂજાય છે. મહાબલિપુરમના રથની યાદ આપે એવું નક્કર શિલા જેવું દેખાતું આ મંદિર સાતમી સદીનું હોય એમ લાગે છે.

(૨) **શિવમંદિર-ભાણસરા**: ઘેડ માધવપુરની ઉત્તરે સાત માઈલ અને બળેજની દક્ષિણે એક માઈલ પર ભાણસરાનાં મૈત્રક મંદિરોનો સમૂહ છે. એમાંના એક શિવમંદિરને પાછળથી જોતાં સાદી ભીંત ઉપર લુપાવલિ અને કપોત-થરની વેદિ ઉપર દ્રાવિડ શિખર શરૂ થાય છે. શિખરને ત્રણ ભૂમિ છે. ભૂમિ ઉપર ત્રણ, બે અને એક ચૈત્ય બારીનાં શિલ્પ છે. પહેલી ભૂમિના કર્ણ ઉપર કર્ણકૂટ છે. અને શિખર ઉપર અષ્ટકોણ સ્તૂપિકા છે. આ મંદિર પણ મહાબલિપુરમનાં મહાન મંદિરો જેવું નક્કર વિમાન લાગે છે. સૌરાષ્ટ્રનાં કળસાર, બિલેશ્વર, ખીમેશ્વરનાં શિવાલયોનું આ સહોદર દીસે છે. ગર્ભગૃહને ફરતી સાંકડી ભમતી છે અને આગળ સમતલ છતવાળો લંબચોરસ ગૂઢમંડપ છે. ગર્ભગૃહમાં પાછલી પછીતે ચોરસ જલાધારીમાં શિવલિંગ છે. પશ્ચિમ સૌરાષ્ટ્રમાં પશ્ચિમાભિમુખ ઘણાં શિવાલયો છે જેમાંનું આ પણ એક છે. જલાધારીના શિવનિર્માલ્ય જળને જવાનો માર્ગ તો હમેશાં ઉત્તર તરફ જ હોય છે.

▽ ડાબી બાજુ : ખીમેશ્વરના મંદિરસમૂહમાંના સાતમી સદીના માતૃકામંદિરનો પૃષ્ઠ ભાગ.

જમણી બાજુ : ભાણસરાના મંદિરસમૂહમાંના સાતમી સદીના શિવમંદિરનો પૃષ્ઠભાગ. ▽








આ મંદિર પણ સાતમી સદીનું છે.


(૩) **માતૃકા સ્થાનક–બોરીચા:** પોરબંદરથી ઈશાને આઠ માઈલ દૂર બોરીચા ગામે પ્રાચીન મંદિરો અને વાપિ છે. અહીંનાં માતૃકા મંદિરમાં સપ્તમાતૃકા—બ્રાહ્મી, માહેશ્વરી, વૈષ્ણવી, વારાહી, કૌમારી, ઈન્દ્રાણી, અને ચામુંડા બિરાજે છે. સિંદૂર નીચે મૂર્તિકલાના સરસ નમૂના દેખાય છે. ચતુર્ભુજ દેવીઓ ખોળામાં બાળક લઇને બેઠેલી છે. કોઈ કોઈ સ્થાને ગણેશ અને મહિષાસુરમર્દિની સાથે પૂરી નવ મૂર્તિઓ કરી નવદુર્ગાને નામે લોકો પૂજે છે. જોકે સિંદૂરના લેપથી ઢંકાએલાં માતાજીને ઓળખવાં મુશ્કેલ છે. બે ભુજવાળી દેવીઓ સાથે ચાર ભુજવાળી દેવીઓ પણ ભળી ગએલી હોય છે. છત વગરના આ લંબચોરસ સ્થાનકમાં વિશાળ પીપળો ઊગી ગયો છે. ઉત્તર તરફ વચ્ચે વેદિકા અને તેની બેઉ બાજુ રૂચક સ્તંભ. અને આટલાં સ્થાપત્યની બે બાજુ ખુલ્લાં દ્વાર આ પેઢાને છે. વેદિકા અને સ્તંભ ઉપરનાં શિલ્પ મૈત્રક યુગનાં છે. આ સ્થાનક આઠમી સદીનું કહી શકાય.

(૪) **પંચાયતન દહેરાં–પાસ્તર:** બરડા ડુંગરની વાયવ્ય તળેટીમાં પાસ્તર ગામે ઘણા પુરાવશેષો પ્રાપ્ત છે, તેમાં ગામની ઉત્તરે આજે પંચાયતન દહેરાં છે. તેમાં વચ્ચેના મુખ્ય શિવાલયના દ્વાર ઉપર નવગ્રહ પટ્ટિકા છે. પાંચે મંદિરનાં શિખર સૈન્ધવ સમયનાં લતીન પ્રકારનાં છે. પૂર્વાભિમુખ પંચાયતનનાં આગળનાં બે મંદિરોનાં દ્વાર સામસામે ઉત્તર-દક્ષિણ છે, જે ખજુરાહોના લક્ષ્મણ મંદિરના નકશાની યાદ આપે છે. મિયાણી પાસેનાં પાંચ દહેરાં પણ આ ઢબનાં જ છે. પણ તેનાં શિખર વધારે જૂનાં અને તૂટેલાં છે. પાસ્તરનાં આ પાંચ મંદિરોની પાસે એક વધારે હાલનું મંદિર છે તેમાં ગણપતિ અને મહિષમર્દિનીની સુંદર પ્રતિમાઓ છે. પંચાયતનના વાયવ્ય ખૂણાની દહેરીને શીતલાનું મંદિર કહે છે જેમાં શીતલાને સ્થાને શિવ પાર્વતીની યુગલ પ્રતિમા છે। એકાદ કિલોમીટર પશ્ચિમે એક જૂનું સૂર્યમંદિર અને બહાર ખેતરની વંડીમાં સપ્ત માતૃકા બેઠી છે. દક્ષિણે બે કિલોમીટર દૂર રાણપુર ગામે ધીંગેશ્વરની જગ્યાની ભીંતમાં સુંદર વિષ્ણુમૂર્તિ જડેલી છે જે પંચાયતનની પ્રતિમા હોઈ શકે. પાસ્તરનાં આ મંદિરો નવમી સદીનાં હોઈ શકે.

(૫) **માતૃકા મંદિર–નંદેશ્વર:** પોરબંદરથી ઈશાને ચાર માઈલ પર નંદેશ્વરનાં દહેરાં છે. શિખર-સ્થાપત્ય ને તેના વિકાસનો ઇતિહાસ સમજાવતા વિવિધ નમૂના આ સમૂહમાં જોવામાં આવે છે. મુખ્ય મંદિર તો નંદેશ્વર મહાદેવનું છે. તેની જમણી બાજુ ઉત્તરાભિમુખ પંચાંડક નાગર શિખર ધરાવતું એક માતૃકા-મંદિર છે. એ રીતે એ અનન્ય બને છે. આ નિરંધાર મંદિરને મંડપ નથી. માત્ર ગર્ભમંદિરમાં દ્વિભુજ તેમ જ ચતુર્ભુજ માતાજીઓ બિરાજે છે. આ મંદિરની જગતીના કપોત ઉપર તેમ જ મંડોવરના કંઠ અને કપોત ઉપર ભદ્ર ભાગે ચૈત્ય કમાનનાં શિલ્પ છે. શિખરની મધ્યલતા આમલક સુધી ખેંચી છે અને તેના ઉપર એક ઉરુશિખર દરેક બાજુ મૂક્યું છે. કર્ણ પર શિખરની નાની પ્રતિકૃતિ જેવાં કર્ણકૂટ મૂક્યાં છે. આ મંદિર પણ નવમી સદીનું લાગે છે.

(૬) **ફૂલનાથ–સડોદર:** હાલારમાં સડોદર ગામની પૂર્વમાં ફૂલઝર નદીના મૂળ પહાડી ભાગમાં ફૂલનાથ મહાદેવની એક પ્રખ્યાત જગ્યા છે. ખડકની કરાડ કોતરીને આ ગુફામંદિર કર્યું હશે એમ અનુમાન થાય છે. આગળ જતાં તેની આસપાસ સુધારાવધારા થયા હશે. મંદિરના ગર્ભગૃહની ગુફા ઉપર ફાંસાકાર સાદી ચાર ભૂમિવાળું શિખર મૂક્યું છે. ઝરણને કુંડમાં વાળી સુંદર સ્થાન બનાવ્યું છે. આ શિવસ્થાન સોલંકી યુગ પૂર્વેનું છે. □





△ ડાબી બાજુ મથાળે
બોરીચામાં આઠમી સદીનું માતૃકાસ્થાનક
(ફોટો : હરજીવનદાસ પંડિત)

◁ ડાબી બાજુ છેડે :
નંદેશ્વરના મંદિરસમૂહમાં
નવમી સદીનું માતૃકામંદિર
(ફોટો : હરજીવનદાસ પંડિત)

◁ ડાબી બાજુ :
હાલારમાં સડોદર પાસે
આઠમીનવમી સદીનું ફૂલનાથ મહાદેવનું મંદિર
(ફોટો : મણિભાઈ વોરા)

પુષ્પમાળા-૬

ચંપક-પરિવાર

લેખક - શંકરદેવ વિદ્યાલંકાર

ભગવાન શંકરે પોતાનું ત્રીજું નેત્ર ખોલીને પોતાને તપોભંગ કરનાર કામદેવને ભસ્મ કર્યો ત્યારે તેના ધનુષના ટુકડા થઇને તે જ્યાં જ્યાં પડયા ત્યાં ત્યાં એકએક પુષ્પવૃક્ષ ઊગી નીકળ્યું. આમ એ ધનુષની મૂઠ જ્યાં પડી ત્યાં ચંપકવૃક્ષ પ્રકટ થયું એવી એક કલ્પના છે.

પ્રાચીન તેમ જ મધ્યયુગીન સાહિત્યમાં આ ચંપક વૃક્ષ અને તેનાં સુગંધી ફૂલોનાં અનેક વર્ણનો મળે છે. આચાર્ય ધન્વન્તરી ને આચાર્ય ભાવમિશ્ર વગેરેએ પણ ચંપક વૃક્ષની લાક્ષણિકતાઓ વર્ણવી છે. વાલ્મીકિના રામાયણમાં, કાલિદાસના ઋતુસંહારમાં અને અન્ય સંસ્કૃત સાહિત્યમાં ચંપકનાં સુંદર વર્ણનો છે. બૌદ્ધ અને હિંદુ મંદિરોનાં પ્રાંગણોમાં ચંપાનાં વૃક્ષ ઉગાડાતાં રહ્યાં છે એ જોઇને અંગ્રેજોએ તેને 'પૅગોડા ટ્રી' અને 'ટેમ્પલ ટ્રી' નામ આપ્યું છે. મુસ્લિમ કબ્રસ્તાનોમાં પણ ચંપો ઉગાડાય છે, જેથી આસપાસમાં એનાં પુષ્પોનો મધુર પમરાટ ફેલાતો રહે અને છાયા કરવા સાથે એનાં ફૂલ પણ કબર ઉપર વરસતાં રહે. ઘર આંગણામાં પણ ચંપો રોપાય છે. બંગાળીઓ ચંપાને 'દાલાન ચંપક' કહે છે તેમાં દાલાનનો અર્થ આંગણું છે.

વનસ્પતિઓના શાસ્ત્રીય વર્ગીકરણમાં ચંપક-પરિવારની ગણના મૅગ્નોલીએસી કુળની વનસ્પતિમાં થાય છે. વૃક્ષો કરતાં નાના કદની અને જેની શાખાઓ જમીનની નજીકથી જ ચોપાસ ફેલાતી હોય તેવી વનસ્પતિને 'શ્રબ' (Shrub) કહે છે. આ શ્રબ વર્ગની વનસ્પતિઓમાં મૅગ્નોલિયા રાજા સમાન છે અને ચંપક એમાંનું એક છે. (પણ આ વર્ગીકરણ કદાચ ચંપાના બધા પ્રકાર માટે નથી.) ચંપક વૃક્ષને આપણે ચંપો પણ કહીએ છીએ. શ્વેત ચંપો, લાલ ચંપો, સોનચંપો, લીલો કે નાગચંપો અને ચીનાઈ ચંપો એ પાંચેક એની વધુ જાણીતી જાત છે. દક્ષિણ ભારતના સમુદ્રતટવર્તી પ્રદેશોમાં ચંપો પ્રચુર પ્રમાણમાં ઊગે છે. પુણે અને કોંકણ તરફ ગુલાબી ઝાંયવાળા ચંપાની એક જાત થાય છે તો કેરળમાં શ્વેત થડવાળા ચંપાનો એક પ્રકાર જોવા મળે છે.



▷ સોનચંપાનાં ફૂલ અને પાન

સોનચંપો

'સુવર્ણ ચંપક' નામે સંસ્કૃત સાહિત્યમાં જેનાં અનેક વર્ણનો મળે છે તે આ સોનચંપાનાં જ હશે એમ લાગે છે. એને પીળો ચંપો પણ કહે છે. મરાઠીમાં એ 'સોનચાફા' ને 'પીળવા ચાફા' નામે અને અંગ્રેજીમાં 'ગોલ્ડન ચંપક' તથા 'હિલ ચંપક' નામે ઓળખાય છે. ચંપક પરિવારમાં ખરો ચંપો તે આ જ. 'મિચેલીઆ ચંપક' (Michelia Champaca-Linn.) એ એનું શાસ્ત્રીય નામ. ફ્લૉરેન્સના વનસ્પતિશાસ્ત્રી પી. એ. મિચેલ (કે માઇકેલ)નું નામ તેમાં સંકળાએલું છે.

નેપાળથી પૂર્વ તરફના હિમાલયનાં સમશીતોષ્ણ જંગલો, આસામ, બ્રહ્મદેશ, જાવા, મલાયા અને દક્ષિણ ભારતમાં નીલગિરિ ને ત્રાવણકોર સુધીમાં આ એક બહુ પરિચિત અને લોકપ્રિય પુષ્પવૃક્ષ છે. બહુ ઊંચે સુધી વધતા આ સદાબહાર વૃક્ષની સુંદરતા અને એનાં ફૂલની તીવ્ર માદક સુગંધે અનેક કવિ-કલ્પનાઓને ઉત્તેજી છે. સંસ્કૃત અને હિંદીમાં આ ચંપા ઉપર અનેક સુંદર કવિતાઓ રચાઈ છે.

અધાપિતાં કનક-ચંપક-દામ ગૌરીમ્

કહીને 'ચૌરપંચાશિકા'ના કવિએ ચંપાના ખૂલતા પીળા રંગને અને ગૌર સુંદરીના દેહવર્ણને સરખાવ્યા છે. ચંપાની સુગંધ અંગ્રેજી સાહિત્ય સુધી પણ પ્રસરી છે. કવિ શેલીએ ગાયું છે કે—

The Champaca odours fail
Like sweet thoughts in a deam.

અને ચંપા વિષેની આ ઉક્તિઓ તો બહુ જાણીતી છે:

રૂપ-સૌરભ સમૃદ્ધિ સમેત ચમ્પકં પ્રતિ યયુઃ ન મિલિન્દા:

તથા 'ચંપા તુઝમેં તીન ગુન, રૂપ રંગ ઔર બાસ
અવગુણ તુઝમેં એક હૈ ભંવર ન આવે પાસ.'

ચંપાની ઉગ્ર સુવાસથી ભમરો તેની પાસે ઢૂકતો નથી એ મતલબની આ ઉક્તિઓનાં વિરોધી પ્રમાણો પણ મળે છે. પ્રાચીન સાહિત્યમાં ચંપા માટે 'ભૃંગમોહી' અને 'ભ્રમરાતિથિ' જેવાં વિશેષણો પણ મળે છે. આયુર્વેદના વિખ્યાત શબ્દકોશ 'ધન્વન્તરિ નિઘંટુ'માં ચંપો ભ્રમરને પ્રિય હોવાનું કહ્યું છે. અમરકોશના ટીકાકારે પણ લખ્યું છે—

સ્વર્ણેમ-સુપર્ણ્યો નાગકેસર: ષટ્પદ પ્રિય:

દસમી સદીના કવિ રાજશેખરે પોતાની કાવ્યમીમાંસામાં 'ભ્રમરોના સમૂહથી ઘેરાએલા પેલા ચંપક વૃક્ષથી આંખ બચાવીને એક પથિક ચાલ્યો જાય છે.' એવું એક વર્ણન આપ્યું છે. આમ, કલ્પનાવિહાર અને યથાર્થ દષ્ટિ સમાનાન્તર ચાલતી રહી છે.

ગમે તેમ પણ આ ચંપકવૃક્ષ એના સદાબહાર દેખાવ અને એનાં પુષ્પોની સુવાસથી અત્યંત લોકપ્રિય રહ્યું છે. એની શાખાઓ ઊર્ધ્વગામી અને ચોપાસ વિસ્તરેલી હોય છે. એની છાલ ભૂખરી હોય છે અને એનાં પાન આંતરે ઊગેલાં, એકાદ ઇંચ લાંબી દાંડીવાળાં, દસેક ઇંચ લાંબાં ને ચારેક ઇંચ પહોળાં, ટોચે અણિયાળાં તથા ઉપરની બાજુએ ચળકતાં ને નીચેની તરફ ફિક્કા રંગનાં હોય છે.

એપ્રિલથી ઑગસ્ટ દરમિયાન શાખાઓ પર સહેજ જાડી નાની દાંડી ઉપર એકેક કરીને ફૂલો ઊગે છે. આરંભમાં કળી ખીલતી હોય ત્યારે તેના ઉપર આવરણ રૂપે ભૂખરી પીળી પાંખડીઓ હોય છે જે થોડા સમયમાં ખરી પડીને પછી અંદરથી ઘટ્ટ પીળાં કે નારંગી ઝાંયવાળાં સુંદર ફૂલો પ્રકટ થાય છે. રૂપ જેટલી જ સરસ એની ઉગ્ર માદક સુગંધ હવામાં ચોમેર પ્રસરી રહે છે ત્યારે આ વૃક્ષની આસપાસનું વાતાવરણ આહ્લાદક બની જાય છે. રૂપ રંગ અને સુગંધના આવા ત્રિવિધ સુયોગના


કારણે જ 'પુષ્પેષુ ચંપક'—ફૂલોમાં ફૂલ ચંપાનું ગણીને આ ચંપાને 'રાય ચંપો' કહ્યો હશે. દેવપૂજાથી માંડી હારસિંગાર ને સ્ત્રીઓની વેણીમાં આ મુગ્ધકર ફૂલોનો ઉપયોગ થાય છે. મલાયામાં તો લોકો એનાં સૂકાં ફૂલોને કાયમી સુગંધ માટે કપડાંની વચ્ચે રાખે છે. ચંપાનાં ફૂલોમાંથી અત્તર પણ બની શકે છે. એનાં ફૂલોને ઉકાળીને મેળવાતો પીળો રંગ રંગાટી કામમાં વપરાય છે.

સોનચંપાનું ફળ લીલા બોર જેવડું અને નાનાંનાનાં સફેદ છાંટણાં-વાળું ઘેરા ભૂખરા રંગનું હોય છે. તેની અંદર બારેક જેટલાં લીસાં ને લાલચટક બીજ હોય છે જે પાછળથી ભૂખરાં બની જાય છે. શિયાળામાં આ બીજ પાકયા પછી ઝાડ પરથી ઉતારી લઈ થોડા જ દિવસોમાં વાવવા-માં ન આવે તો તેની ઊગવાની શક્તિ નાશ પામે છે. ઊગવા માટે એને મધ્યમ પ્રકાશ, ભીની હવા અને ભેજવાળી ઊંડી જમીન માફક આવે છે.

આ ચંપાનાં ફૂલ, પાન, બી તેમ જ છાલ બધાંમાં ઔષધીય ગુણો પણ છે. એનું કાષ્ઠ આછી બદામી ઝાંયવાળા ભૂખરા રંગનું અને ટકાઉ હોઈ ફર્નિચર તેમ જ બાંધકામમાં ઉપયોગી થઈ શકે તેવું છે, પરંતુ પવિત્ર ગણાવાના કારણે આ વૃક્ષને ભાગ્યે જ કોઈ કાપે છે. શ્રીલંકામાં દેવળો-માં પધરાવવા માટે ચંદનકાષ્ઠની જેમ ચંપકકાષ્ઠની બૌદ્ધ મૂર્તિઓ પણ બનાવવામાં આવે છે.

શ્વેત ચંપક-ધોળો ચંપો

સોનેરી ઝાંયવાળા સુંદર શ્વેત પુષ્પોથી શોભિત આ ચંપક વૃક્ષને સંસ્કૃતમાં 'ક્ષીરચંપક' નામ અપાયું છે. આ ઝાડના કોઈ પણ ભાગમાં



છેદ પાડવાથી દૂધ જેવો શ્વેત ચીકણો રસ ઝરે છે. એ પરથી ક્ષીર (દૂધ) ચંપક નામ અપાયું હશે. આપણે એને 'ખેર ચંપો' કે 'ખડચંપો' પણ કહીએ છીએ તે કદાચ ક્ષીરના અપભ્રંશ રૂપ ઉપરથી હશે. દેવપૂજા માટે વરસના મોટા ભાગ દરમિયાન એનાં પુષ્પ મળતાં હોઈ એ મંદિરની ફૂલવાડી કે પ્રાંગણમાં ઉગાડેલું જોવા મળે છે એ પરથી જ અંગ્રેજીમાં એને 'ટેમ્પલ ટ્રી' કહ્યું છે. આનું શાસ્ત્રીય નામ 'પ્લુમેરીઆ ઍકયુટિ-ફોલિયા' (Plumeria Acutifolia) સત્તરમી સદીના એક ફ્રેંચ વન-સ્પતિશાસ્ત્રી ચાર્લ્સ પ્લુમીએરના નામ પરથી પડેલું છે.

મૂળ તો આ વૃક્ષનું વતન મેક્સિકો અને ગ્વાટેમાલાનું મનાય છે. મધ્યયુગના સાગરયાત્રીઓ એને ત્યાંથી ચીનમા લાવ્યા અને ત્યાંથી બ્રહ્મદેશ-મલાયા થઈને એ ભારતમાં આવ્યાનું કહેવાય છે. રામાયણ અને કાલિદાસની કૃતિઓમાં તેનાં વર્ણનો તથા મથુરાનાં કુશાનકાલીન શિલ્પોમાં પણ તેનું અંકન જોતાં લાગે છે કે બહુ જૂના કાળથી આ વૃક્ષ ભારતમાં પરિચિત હશે.

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૧૭૨

પત

પતને આયુર્વેદમાં વાતરક્ત અને સાંપ્રત વિજ્ઞાનમાં 'લેપ્રસી' કહે છે. લોકભાષામાં તેને 'રગતપિત' પણ કહે છે.

આ રોગ ખૂબ ચેપી છે અને વારસાગત છે. ચામડીના રો-ગમાં આ રોગ સૌથી વધુ ખરાબ છે, તેથી તેની ખાસ કાળજી રાખવી. આ રોગ વાત-પિત્તજ છે. ખૂબ જ મોટા પ્રમાણમાં વાત-પિત્ત-પ્રકોપકારક આહાર-વિહારનું આ પરિણામ છે,

લક્ષણો : ૧) ચહેરો સિંહના મોં જેવો અસ્વાભાવિક લાગે છે; ૨) કાનની બૂટ, હાથપગનાં આંગળાંનાં ટેરવાં, નાકનું ટેરવું વગેરે છેવાડાના ઉપાંગોમાં રતાશ, સોજો, પાક, પરુ, દુખાવો વ-ગેરે થાય છે અને તે વાંકાં વળી જાય છે કે ખરી પડે છે; ૩) હાથ પગનાં આંગળાં કરડાઈ જતાં; ૪) રોગી તેના વડે પ્રા-કૃતિક કાર્યો કરી શકતો નથી.

ઉપચાર ૧) આહારમાં એકમાત્ર મીઠા વગરની મગની દાળ અને ચોખાની ખીચડી. મીઠું, મરચું, ખાટું, ગળ્યું કે બીજો કોઈ પણ રસ ન લેવો. ૨) અરડૂસીનાં પાન ચાવીને ખવાય તે-ટલાં ખાવાં. ૩) લીલી કે સૂકી ગળોને કૂટી, રાત્રે પાણીમાં પલાળી સવારે તેને ચોળી-ગાળીને એ પાણી પી જવું. ૪) સવારસાંજ બે બે તોલા મહાપંચતિક્ત ઘૃત ગુગ્ગુલુ લેવું. ખૂબ સંયમપૂર્વક આહારમાં કાળજી રાખી લાંબો સમય ઔષધ-સેવન કરવાથી લાભ થાય છે.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

ધોળા ચંપાનું વૃક્ષ પંદર વીસ ફૂટ સુધી ઊંચું વધે છે અને તેની શાખાઓ વિસ્તારથી ચોપાસ છૂટીછૂટી ફેલાએલી હોય છે. તે ઘણી ભંગુર એટલે કે બટકણી હોય છે. એની છાલ ખરબચડી ને રાખોડી રંગની હોય છે. આ ચંપાનાં પાન એક દોઢ ફૂટ લાંબાં ને ત્રણેક ઈંચ પહોળાં તથા છેડે ગોળાઈ લેતાં હોય છે. નવેમ્બર ડિસેમ્બરના અરસા-માં તે ખરી ગયા પછી છેક વર્ષાઋતુના આરંભ સુધી નવાં પાન દેખાતાં નથી. છતાં આ અરસામાં પર્ણહીન વૃક્ષની શાખાઓને છેડે ખીલતાં વીસ-બાવીસ ફૂલોનાં ઝૂમખાંઓથી તે શોભીતું લાગે છે. આમ તો આખું વર્ષ આ ફૂલો ખીલતાં રહે છે, પણ ફેબ્રુઆરીથી ઑક્ટોબર દર-મિયાન એનું પ્રમાણ વિશેષ રહે છે. વળી, વૃક્ષ પાકટ ન હોય તો એનાં પાન પણ બારે માસ રહેતાં હોઈ એ સુંદર દેખાય છે, જ્યારે ઓછાં ફૂલ અને પાન વિનાનું ઉઘાડું પાકટ વૃક્ષ જોવામાં કદરૂપું લાગે છે.

ધોળા ચંપાનું ફૂલ ગળણી જેવા આકારનું ને સફેદ હોય છે, પણ તેનો મધ્ય ભાગ પીળો તથા બહારના ભાગે આછી ગુલાબી ઝાંયવાળો હોય છે. ખાસ કરીને પાછલી રાતે એની સુવાસથી વાતાવરણ મહેકી ઊઠે છે.

ધોળો ચંપો કરમદાના વર્ગનું વૃક્ષ છે. એનું ફળ પાંચેક ઈંચ લાંબી શીંગ જેવું હોય છે, પણ ભારતમાં તેનાં બીજ ભાગ્યે જ થતાં હોઈ અહીં તેની કાપેલી ડાળ રોપવાથી એ ઊગે છે. છેદ કરવાથી જે વૃક્ષ-વેલીમાંથી દૂધ ઝરે એ વનસ્પતિની કાપેલી ડાળ રોપવાથી પણ ઊગી નીકળે છે, પણ આ ચંપાની ડાળ તો કાપ્યા પછી પંદરવીસ દિવસ પડી રહી હોય તોપણ ઊગી શકે છે. નબળી જમીનમાં પણ એ પોતાનો વિકાસ સાધી શકતું હોવાથી એના ઉછેર માટે વિશેષ પ્રયત્નની જરૂર પડતી નથી.

ધોળા ચંપાનાં થડ-ડાળમાંથી નીકળતા રસમાં કપૂર અને સુખડનું તેલ મેળવીને ચોપડવાથી ખસ-ખુજલી મટે છે. એની છાલનો ઉકાળો રેચક મનાય છે અને એનાં પાનની પોટીસ કરી બાંધવાથી સોજો ઊતરે છે.

(ચાલુ)

પંજાબ રેજિમેન્ટ

ભારતીય ભૂમિસેનાના પાયદળનું સૌથી જૂનું એકમ
તેના ઇતિહાસ અને પરાક્રમોની ઝાંખી

ભારતના ભૂમિદળની જુદી જુદી રેજિમેન્ટોની વિકાસકથા જે વિવિધ સૈનિકદળોનાં સંગઠનોમાંથી એ રચાઈ છે તેના ઇતિહાસની સાથે સંકળાએલી છે. અંગ્રેજોએ રાજસત્તા હાથ કરવા માંડ્યા પછી સૌ પહેલી હિંદી સૈનિક ટુકડી ઇસ્ટ ઇંડિયા કંપનીએ પોતાનાં થાણાંની રખેવાળી માટે રાખેલા ચોકિયાતોમાંથી ઊભી થઈ હતી. જેમ જેમ કંપનીની પ્રવૃત્તિઓ વિકસતી ગઈ તેમ તેમ એનાં સૈનિકદળોની જવાબદારી વધતી જઇને તેમાંથી મુંબાઈ, મદ્રાસ અને બંગાળનાં પ્રાંતીય સૈન્યો ઊભાં થયાં. ઓછાવત્તા અંશે આ સૈન્યો એ સમયની પ્રાદેશિક જરૂરતો અને આસપાસના વિસ્તાર સાથેના તેના સંપર્કો ને વ્યવહારની સ્થિતિ પ્રમાણે એકબીજાથી અલગ જ હતાં, પણ ઈ. ૧૭૪૮થી એ બધાં એક 'કમાન્ડર ઈન ચીફ'ના હાથ નીચે મુકાયાં. આમ, હિંદી લશ્કરના પ્રથમ સેનાધિપતિ હતા મેજર સ્ટ્રિંગર લૉરેન્સ.

એ પછી ઈ. ૧૭૫૭માં બંગાળમાં ક્લાઇવે સિપાઇઓની બૅટલિયનો રચીને બ્રિટિશ અફસરોની સત્તા નીચે એમને યુરોપીય ઢબે તાલીમ આપીને કેળવી, એને હથિયારબંધ બનાવી અને એને ખાસ ગણવેશ પણ આપ્યો. આ પહેલાં કંપનીના હિંદી સૈનિકો પોતપોતાને ફાવતાં હથિયારો વાપરતા અને પોતાનો સ્થાનિક પોશાક પહેરતા. એમના ઉપરી તરીકે પણ એમનામાંના જ એક જણાની નિયુક્તિ થતી. ઈ. સ. ૧૭૫૯માં મદ્રાસની પ્રાંતીય કંપની સરકારે ક્લાઈવની પદ્ધતિએ છ બૅટલિયનો રચી અને ઈ. ૧૭૬૭માં મુંબાઈની સરકારે પણ એ પદ્ધતિનું અનુકરણ કર્યું

ઈ. ૧૭૯૬ થી ૧૮૦૪ દરમિયાન બબ્બે બૅટલિયનોની એક એક રેજિમેન્ટ રચવાની પદ્ધતિ દાખલ થએલી, પણ તે યોજના બહુ કારગત નીવડી નહિ સૈદ્ધાંતિક રીતે એક રેજિમેન્ટની બંને બૅટલિયનો એકબીજી સાથે સંકળાએલી ગણાતી, પરંતુ હકીકતે એ અરસપરસ કોઈ આધાર રાખતી નહિ અને એમની વચ્ચે ઐકયની સામાન્ય ભાવના પણ જળવાતી નહોતી. રેજિમેન્ટના કમાન્ડરનું બૅટલિયનો પર અતિ વધુકું વર્ચસ્વ રહેતું હોઈ એથી અનેક પ્રશ્નો ઊભા થતા. વળી, બૅટલિયન દીઠ બાવીસ જેટલા બ્રિટિશ અફસરોનું પ્રમાણ પણ વધુપડતું હોઈ અફસરોની સત્તા ને ગૌરવ નહિવત્ બની રહેતાં હતાં. ઈ. ૧૮૫૭માં બ્રિટિશોના હિંદી સૈન્યોએ જે બળવો કર્યો તેના મૂળમાં આ પણ એક કારણ હતું. પણ એ બળવા પછી ઇસ્ટ ઇંડિયા કંપની પાસેથી હિંદનો રાજવહીવટ બ્રિટિશ સરકારે પોતાને હસ્તક લઈ લીધો અને ત્યાર બાદ અનેક વાર જુદાજુદા ફેરફારો થતા રહીને સ્વાતંત્ર્ય પૂર્વેના હિન્દુસ્તાની સૈન્યનો વિકાસ વિસ્તાર થયો. દેશમાં તેમ જ પરદેશમાં અનેક નાનીમોટી લડાઇઓ અને બબ્બે વિશ્વયુદ્ધમાં એના હિન્દી જવાનોએ પોતાના શૌર્ય અને યુદ્ધકૌશલના પરચા પણ બતાવી આપ્યા.

આજે ભારતની સંરક્ષણ વ્યવસ્થામાં ત્રણ મુખ્ય દળ છે. એ ખુશ્કી, તરી અને હવાઈ સેનાઓમાં એનું ખુશ્કી એટલે કે ભૂમિદળ સૌથી વધુ જૂનું અને વિશાળ છે. હાથમાં બંદૂક લઈ લડવા ઊતરતા જવાનોની આ પાયદળ સેનાને 'ઈન્ફન્ટ્રી' કહે છે. અને ભારતીય ભૂમિદળની લડાયક સેનાનો એ સૌથી મોટો ભાગ છે. બ્રિટિશ શાસનકાળની રેજિમેન્ટો ને ભૂતપૂર્વ હિન્દી રિયાસતોના સેનાઓની શૌર્યપરંપરાને એ ગર્વપૂર્વક નિભાવી રહી છે.

અઢારમી સદીના મધ્યમાં ઈસ્ટ ઇંડિયા કંપનીએ પોતાની સેનાઓનું પુનર્ગઠન કર્યું ત્યારથી આપણી આજની પાયદળ સેનાનો આરંભ થયો અને એ સમયે જે બૅટલિયનોની રચના થએલી તેમાંથી આજે તો માત્ર અમુક જ હજી સુધી ટકી રહી છે. આ હજી યે ટકી રહેલાં પ્રતિનિધિ પાયદળ એકમોમાં સૌથી જૂનું દળ છે પંજાબ રેજિમેન્ટનું.



સ્વાતંત્ર્ય પછી પંજાબ રેજિમેન્ટના ચોથા પુનર્ગઠન પ્રસંગે ગઈ ૨૦મી ફેબ્રુઆરીએ બહાર પડેલી ખાસ ટપાલટિકિટ ▷

આ પંજાબ રેજિમેન્ટે પણ પોતાની સુદીર્ઘ કારકિર્દીમાં સંગઠન, વર્ગ સંરચના અને નામકરણ સંબંધી અનેક પરિવર્તનો જોયાં છે. ઈ. ૧૭૬૧ થી ૧૭૭૬ દરમિયાન એની ચાર વરિષ્ઠ બૅટલિયનો ઊભી કરવામાં આવી હતી. હિન્દી ફોજના સૈનિકોમાં પંજાબીઓની બહુમતી હોઈ હિન્દી પાયદળના આ વરિષ્ઠ દળને એનું પ્રાદેશિક નામ અપાયું એ યોગ્ય હતું. પણ એક હકીકત ન ભુલાવી જોઇએ કે એની શૌર્યપરંપરાની સ્થાપનામાં ને ૧૭મી-૧૯મી સદીના યુદ્ધ સમ્માનો મેળવવામાં પંજાબીઓની પહેલાં મદ્રાસ પ્રાંતના સૈનિકો મુખ્ય હતા. દક્ષિણ ભારતના સાગરતટીય સિપાહીઓથી આરંભ કરીને કર્ણાટક બૅટલિયન, મદ્રાસ બૅટલિયન, મદ્રાસ નેટિવ ઈન્ફન્ટ્રી, મદ્રાસ ઈન્ફન્ટ્રી, પંજાબ અને દ્વિતીય પંજાબ રેજિમેન્ટ રૂપે પરિવર્તનો પામતા રહ્યા બાદ છેવટ એ પંજાબ રેજિમેન્ટ રૂપે એનું સ્વરૂપ ઘડાયું છે. આમ, અસલમાં તો આ રેજિમેન્ટમાં દક્ષિણ હિન્દી સૈનિકો હતા, પણ આજે તેમાં અર્ધા ઉપરાંતના જવાનો શીખ છે અને બાકીના ડોગરા છે. આમ, બે સદીઓની કારકિર્દીમાં કન્યાકુમારીથી માંડીને હિમાલય સુધીના પ્રદેશના જવાનોની તેમાં ભરતી થતી રહેલી છે.

દેશના સ્વાતંત્ર્ય પછી આ રેજિમેન્ટમાં જિંદ, નાભા અને પતિયાળા રિયાસતોની અનુભવી પાયદળ સેનાઓને પણ સમાવી લેવામાં આવી છે અને આ જ રેજિમેન્ટે પોતાની બે વરિષ્ઠ બૅટલિયનો બનાવીને પૅરેશ્યૂટ રેજિમેન્ટ તથા ગાર્ડ્સ બ્રિગેડને એ સોંપી છે છેલ્લી પચ્ચીસી દરમિયાન ભૂમિદળની વૃદ્ધિની સાથોસાથ આ રેજિમેન્ટનો પણ ઠીક ઠીક વિસ્તાર થયો છે.

સ્વાતંત્ર્ય પૂર્વે પોતાના અસ્તિત્વનાં ૧૮૬ વર્ષોમાં આ રેજિમેન્ટે હિન્દુસ્તાન તેમજ વિદેશોમાં અનેક લડાઇઓમાં વીરતાપૂર્વક ભાગ લીધો હતો અને વિક્ટોરિયા ક્રૉસ સહિત અનેક યુદ્ધ સમ્માનો તથા સંખ્યાબંધ શૌર્યપદકો પ્રાપ્ત કર્યા હતાં.

આઝાદી પછી ભારતીય ભૂમિસેના દ્વારા લડાએલી મોટી લડાઇઓમાં આ રેજિમેન્ટે પોતાનાં પરંપરાગત દૃઢ સંકલ્પ અને પરાક્રમોનો અચ્છો પરિચય કરાવ્યો છે. જેમાં ૧૫મી બૅટલિયન (ફર્સ્ટ પતિયાળા)એ ૧૯૪૮ના ઑક્ટોબરમાં ઝોજીલા પર અધિકાર મેળવવા જે ભૂમિકા નિભાવી તે એક અસાધારણ ઘટના છે. આ એકમે ૧૪૦૦૦ ફૂટની ઊંચાઇએ પોતાની છાવણીની મેખ મારી હતી. એમાંના એક સ્થાને નાયક ચેતસિંહ અને અન્ય તેર જવાનો હતા. શત્રુઓએ મૉર્ટારો અને મશિનગનો દ્વારા એમના પર હુમલો કર્યો ને તેમાં આઠ જવાનો ઘાયલ થયા. પરંતુ નાયક ચેતસિંહ અને એના બાકીના જવાનોએ સાત કલાક સુધી દૃઢતાપૂર્વક શત્રુઓ સામે જે ઝિંક લીધી અને જે યુદ્ધકૌશલ બતાવ્યું

લઘુકથા

ઘરેણાં

મૂળ લેખક: મનોજ વસુ
અનુવાદક: સુકન્યા ઝવેરી

'દહીં અને લીંબુ લાવી રાખ્યાં છે બજારમાંથી. જરા પી લો. શરીરમાં ટાઢક વળશે. જી! કેવું મોં કરી આવ્યા છો! જોઈને રડવું આવે. માથું ફાડી નાખે એવો તડકો—ઘરે બેઠાં શી ખબર પડે? માથું ફાટયું નથી, એ જ નવાઈની વાત છે. તડકામાં રખડો મા, કહું છું.'

અખિલને આવાં બેહિસાબ જિદ્દી વેણ સાંભળી હસવું આવ્યું; 'રખડો મા! —તો શું ઘરમાં બેઠાં કોઈ નોકરી આપી જશે?'

'પણ રખડવાથી યે કંઈ વળતું નથી તો! ચોમાસું આવવા દો, ધરતી જરાક ટાઢી પડે ત્યારે નોકરી શોધજો. એક પેટી ભરીને તો ઘરેણાં છે મારાં! હવે એટલી શી ફિકર?' અખિલ ધૂજી ઊઠયો: 'તારાં ઘરેણાં વેચીને કંઈ પેટ ભરવાનું? એ ન બને.'

'વેળા-કવેળા કામ આવે એટલા માટે તો દાગીના છે ને? જો ખરે વખતે કામ ન લાગે તો સોનાનો ભાર વેંઢારવો શા માટે?'

અખિલ ઉત્તેજિત થઈ બોલ્યો: 'ભલે જાન જાય એ પોસાય, પણ તારાં ઘરેણાં હું નહિ લઈ શકું.'

અને પછી એક ઘૂંટડામાં છાશ પી જઈ થાકયો હોવાથી સૂતો.

આંખો બંધ કરી અર્ધો કલાક એમ જ પડી રહ્યો. એ પછી ઊઠીને બેઠો અને વિચારમગ્ન મોંએ બીડી પેટાવી. સુરમા આયના સામે ઊભી રહીને ઊડતા વાળ સમા કરી રહી હતી. શોખીન સ્ત્રી—સદા સર્વદા અપ-ટુ-ડેઈટ રહેવું ગમે. મૃદુ હસી સુરમા બોલી: 'આજે તો ઉપરવાળાં લીલી'દી સાથે એકદમ ખાસ્સો ઝગડો જ થઈ ગયો. લોકો ય કેવા ઓલ્યા ભવના દુશ્મન છે ને! કહે કે એના વરે તમને રેસના મેદાનમાં જોયા હતા આજે.'

અખિલ બોલ્યો: 'ના, મેદાનમાં નહિ—મેદાન પાસે વડલા હેઠે. ખિદિરપુરમાં એક કામ છે એમ સાંભળી લાલદીઘીથી પાછા વળતાં થોડીક વાર આરામ કરવા બેઠો હતો.'

'હા' મેં પણ લીલી'દીને એમ જ કહ્યું: તારો વર રેસમાં જાય છે. એમ જ સાબિત થયું આનાથી તો! નહિ તો જોત જ શી રીતે? કહીને ચિડાઈને હું પાછી આવી ગઈ. આડીઅવળી વાતો સાંભળવા હવે હું કયારે ય ઉપર જવાની નથી.' અખિલ નિસાસો મૂકી બોલ્યો: 'બપોરનો તડકો માથે લઈ મેદાન વળોટી લાલદીઘીથી ખિદિરપુર. બે પૈસાની બીડી જ મારું ભાથું. ધુમાડા સિવાય કંઈ પેટમાં ય પડયું નથી. તેં જે શરબત કરી દીધું એ અમૃત તુલ્ય લાગ્યું.'

રડવા જેવી થઈ સુરમા બોલી: 'જુઓ—તો પછી એ ઘરેણાંમાં આગ મૂકવી છે તે મને સાચવવા કહો છો?' પણ અખિલ કેમે ય માન્યો જ નહિ: 'પ્રાણ જાય તો ય નહિ ને. મારાં બટન વીંટી છે. એને જ ઘરેણે મૂકીશ. નોકરી મળ્યે છોડાવી લાવીશ.'

સુરમા યે એવી જ જિદ્દી: 'મારો જાન જાય પણ તમારા શૉખની વસ્તુને હાથ નહિ લગાડવા દઉં. મારાં આટલાં બધાં તો ઘરેણાં છે ને.'

ચાટુજ્જે દંપતી બાજુની ઓરડીમાં ભાડૂત. આજ શનિવારે ચાટુજ્જે મહાશય વહેલા પાછા આવ્યા છે. આ દંપતીના આ મનોહર કલહની મજા માણતા હતા તેમના બારણાની પેલી કોરથી.

ચાટુજ્જે-ગૃહિણી બોલ્યાં: 'સાંભળ્યું? સાંભળીને શીખો જરા. મારા કાનનાં ફૂલ જોડી તમે વેચી નાખ્યાં. લગ્નનું વર્ષ ન વીતવા દીધું.'

ચાટુજ્જે બોલ્યા: 'પણ એ નાનકડી વહુ શું કહે છે, જરા કાન માંડી સાંભળો. બુઢ્ઢાં થયાં, પણ એ ફૂલજોડીનો શોક આજે ય નથી ભૂલ્યાં.'

અખિલના ઊંઘી ગયા પછી સુરમા દોડી ઉપર લીલી અર્થાત્ લીલાવતી પાસે. અવાજ સાંભળતાં લીલી બહાર આવી:' આટલી રાત્રે?'

'આજ ફરી વીંટી-બટનની જિદ પકડી છે. બધું તો ગયું—શનિની દૃષ્ટિથી હવે એ ય રહેશે નહિ. તું રાખી લે બાઈ. શી ખબર તાળું ખોલી ચોરીછૂપીથી એય કાઢી લે તો? ટેવ પડી ગઈ છે તો.'

બે આંખમાંથી આંસુની ધાર વહેતી હતી. લીલીએ પોતાના પાલવથી આંસુ લૂછયાં. સુરમા બોલી: 'બીજી એક વાત. તારા વરને કહીને ગિલિટનાં વીંટી-બટન એના જેવાં જ ઘડાવી દે બાપુ! મારું સર્વસ્વ લૂંટી એમણે જેમ ગિલિટના દાગીનાથી પેટી ભરી દીધી છે—બરાબર તેમ જ.' □

તેના પરિણામે પોતાના છત્રીસ સૈનિકોની લાશો છોડીને હુમલાખોરોને નાસી જવું પડેલું એક પંજાબી કંપનીએ (સૈનિક ટુકડીએ) શત્રુઓની તોપેનું સ્થાન ખોળી કાઢી તેના પર માત્ર સંગીન વડે આક્રમણ કરીને બધા શત્રુ તથા તોપચીઓનો ઘાણ કાઢી નાખી ૩·૭ ઈંચની પહાડી તોપ હાથ કરેલી. કેવળ આ એક જ મોરચાના પરાક્રમમાં આ બૅટલિયનને છ મહાવીરચક્ર અને તેર વીરચક્રોનો પુરસ્કાર મળેલો જે આ મોરચા પર એમને દાખવી આપેલી વીરતાનો દ્યોતક છે. આ જ રેજિમેન્ટે હૈદરાબાદ પરની પોલીસ કારવાઈમાં, ૧૯૬૨માં ચીની આક્રમણ વખતે અને ૧૯૬૫ તથા ૧૯૭૧ની પાકિસ્તાન સાથેની લડાઈઓમાં પણ પોતાની કમાલ બતાવી આપી હતી. ૧૯૬૫માં વિકટ એવી ઈચ્છોગિલ નહેર પર બે વિભિન્ન સેકટરોમાં કબજો મેળવવાનું શ્રેય પણ આ રેજિમેન્ટના જવાનોને પ્રાપ્ત થયું હતું. ૧૯૭૧માં પાકિસ્તાન સાથેના સંઘર્ષ વખતે આ રેજિમેન્ટે સર્જેલી અન્ય શૌર્ય ગાથાઓમાં, એની પંજાબી કંપનીએ લોંગેવાલા ક્ષેત્રમાં પાકિસ્તાનના એક જબરદસ્ત ટૅંકદળને રોકી રાખવામાં જે યુદ્ધકૌશલ બતાવેલું તે તો કદી ન ભુલાય તેવું છે.

એના રેજિમેન્ટલ કેસ્ટનો ઇતિહાસે ય છેક ૧૮૯૬થી આરંભાએલો છે. એ કાળે આપણે ત્યાં સાગરયાત્રા નિષિદ્ધ ગણાતી હતી છતાં એને ઉલ્લંઘીને આ રેજિમેન્ટની બીજી બૅટલિયન વિદેશમાં લડવા ગઈ હતી. ૧૭૯૬ થી ૧૮૨૪ દરમિયાન એ આઠ વખત પરદેશ ગએલી. જયાં જરૂર પડે ત્યાં પોતાની યુદ્ધસેવા આપવાની એની તત્પરતાને બિરદાવવા એના બેજમાં સઢ અને હલેસાંવાળા યુદ્ધજહાજ—ગૅલીની સંજ્ઞા આપવામાં આવી હતી અને તેની સાથે 'ખુશ્કી વ તરી' એવા શબ્દોનું ધ્યાનસૂત્ર પણ હતું. સ્વાભાવિક રીતે જ એ સંજ્ઞા એના કેસ્ટ માટે પણ અપનાવાઈ અને પેલા સૂત્રને સ્થાને હવે હિંદમાં 'સ્થલ વ જલ' શબ્દો મુકાય છે.

આવાં શૌર્ય અને કૌશલભરી કારકિર્દી ઘડવામાં સ્વસ્થ ને સ્ફૂર્તિલી શારીરિક ક્ષમતાવાળા જવાનો પાસેથી આશા રાખી શકાય તેમ રમતગમતના ક્ષેત્રમાં પણ—ખાસ કરીને હૉકી અને ઍથલેટિક્સમાં—આ રેજિમેન્ટ સક્ષમ પુરવાર થઈ છે. હૉકીના જાદુગર મેજર ધ્યાનચંદ માટે તેમ જ સૂબેદાર ધન્નાસિંહ, સૂબેદાર હરનેકસિંહ, નાયક સૂબેદાર સરદાર સિંહ તથા કૅપ્ટન જે. એસ. સન્ધુ જેવા ઉચ્ચ કોટિના ખેલાડીઓ પર આ રેજિમેન્ટ ગર્વ લઈ શકે તેમ છે.

આમ, આપણી પાયદળ સેનાની આ સૌથી પ્રાચીન સદસ્ય પંજાબ રેજિમેન્ટના સ્વાતંત્ર્ય પછીના ચોથા પુનર્ગઠનના અવસર પર ૨૦મી ફેબ્રુઆરીએ ભારતના ટપાલખાતાએ ખાસ ટપાલટિકિટ બહાર પાડીને તેને બિરદાવવામાં પોતાનો સાથ આપ્યો છે. □

દાક્તરી તપાસ

લોહી, ગળફા, મળ-મૂત્ર વગેરેની લૅબોરેટરી તપાસ

——— લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી ———

દર્દીની ફરિયાદ અંગેની પૃચ્છા તથા તેના દર્દનો જો હોય તો પાછલો ઇતિહાસ વગેરે જાણવા સાથે દર્દીનો વર્ણ, આંખ, નખ, જીભ, ટેમ્પરેચર, પેટની સ્થિતિ, નાડીના ધબકાર વગેરેની પ્રાથમિક તપાસ દરમિયાન જ મોટા ભાગે તો તેના દર્દનું નિદાન દાક્તર કરી લે છે. પણ આ પછી કેટલીક બીમારીમાં વધુ ચોકસાઈ માટે દાક્તર લૅબોરેટરી ટેસ્ટ કરાવવાની સલાહ આપે છે. લોહી, મૂત્ર, મળ, ગળફો વગેરેની તપાસનો આમાં સમાવેશ થાય છે. જેમ કે કોઈ ચેપ, એનિમિયા કે રક્તશર્કરા વગેરેની ખાતરી માટે લોહીની તપાસ કરાવાય છે; ડાયાબિટિસ ને કિડની વગેરેના રોગ માટે મૂત્રની તપાસ; મરડાના ચેપ કે કૃમિ વગેરેની જાણ માટે મળની તપાસ અને સ્ત્રીઓમાં ગર્ભાશયના કૅન્સરની ખાતરી કરવા પેપટેસ્ટ કરાવવા કહે છે. બેભાનાવસ્થાનું કારણ નિશ્ચિત કરવા કરોડરજ્જુની આસપાસ રહેતા પ્રવાહી—સી. એસ. ફ્લ્યુઈડની તપાસ થાય છે. આ ઉપરાંત પણ બીજા અનેક લૅબ-ટેસ્ટ છે, પણ એ તો દાક્તરે ધારેલી રોગસ્થિતિને સમર્થન આપવા માટે છે. પ્રથમ શારીરિક તપાસ થયા વિના લૅબ-ટેસ્ટનો કોઈ વિશેષ ઉપયોગ નથી. પરંતુ લૅબટેસ્ટથી રોગ અંગે મહત્ત્વની અને કવચિત્ દર્દીની જિંદગી બચાવી શકાય તેવી માહિતી મળે છે, એટલે એની પાછળ થતો ખર્ચ એળે જતો નથી.

લોહીની તપાસ

લક્ષણો દ્વારા દાક્તર રોગ તો પારખે છે, પણ એ સંબંધી સંદેહ હોય તો અથવા શારીરિક તપાસમાં સરખી જણાતી બે સ્થિતિઓમાંથી એકને ચોક્કસ ઓળખવામાં લોહીની તપાસ મહત્ત્વની બની રહે છે. લોહી ઉપરાંત શરીરના બધા સ્રાવોની સાઈટોલૉજિકલ તપાસ પણ થાય છે.

હાથની આંગળીમાં કે નાના બાળકની પગની પાનીમાં સોય ભોંકીને તપાસ માટે લોહી લેવાય છે. કેટલાક કિસ્સામાં વધુ લોહી લેવું જરૂરી હોય તો તે હાથમાંની શિરામાંથી તે ખેંચવામાં આવે છે. આ રીતે લીધેલું લોહી ખાસ દવાના લેપવાળી નાની બાટલી (વાયલ)માં એકઠું કરાય છે જેથી તે જામી ન જાય. નરી આંખે માત્ર લાલચટક ટીપા જેવા દેખાતા લોહીમાં લાલ કણો, સફેદ કણો, પ્લેટલેટ્સ, રક્તરસ વગેરે હોય છે જે માત્ર અતિ શક્તિશાળી સૂક્ષ્મદર્શક દ્વારા જ જોઈ શકાય છે.

લોહીના લાલ કણોને રંગ આપનાર હિમોગ્લોબિનનું પ્રમાણ ઘટ્યું હોય તો રક્તક્ષય—એનિમિયાની સ્થિતિ સમજાય છે. સામાન્યતઃ એક સો ઘન સેન્ટીમીટર લોહીમાં ૧૪–૧૫ ગ્રામ જેટલું હિમોગ્લોબિનનું પ્રમાણ હોય છે.

સફેદ કણો (લ્યુકોસાઈટ્સ)ને જાત અને કદ પ્રમાણે વિવિધ નામ અપાએલાં છે. આ કણોનું કામ શરીરમાં ફેલાતા ચેપ સામે લડવાનું છે. કોઈ પણ ચેપ વખતે આ કણોની જાત, સંખ્યા ને પકવતા એ શરીરની પ્રતિકારશક્તિની સૂચક છે. ન્યૂમોનિયા, ગૂમડાં વગેરે જેવા ચેપી રોગોમાં લ્યુકોસાઈટોસિસ નામક શ્વેત કણોની સંખ્યા વધે છે, તો ટાઈફૉઈડ કે કાલાઝાર જેવા તાવમાં લ્યુકોમેનિયા નામક શ્વેત કણોની સંખ્યા ઘટેલી જોવા મળે છે. લોહીના કૅન્સર—લ્યુકેમિયામાં અપકવ શ્વેત કણોની સંખ્યા ઘણી વધેલી જણાય છે, તો દમ, શીળસ, હાથીપગું વગેરે રોગમાં ઈઓસિનોફિલ નામના સફેદકણોની સંખ્યા વધેલી જોવા મળે છે. ઈઓસિનોફિલના વધુ પ્રમાણવાળી સ્થિતિને ઈઓસિનોફિલીઆ કહે છે.

પ્લેટલેટ કણો લોહીને જમાવવાનું કામ કરે છે. લોહીમાં એનું પ્રમાણ ઘટવાથી લોહીસ્રાવ બંધ થતો નથી. લોહીસ્રાવ ન અટકી શકે તો ક્યારેક જોખમી બની રહે છે. આટલા સારુ જ શસ્ત્રક્રિયા કરવા પહેલાં દર્દીના લોહીનો જામી જવાનો સમય દાક્તર તપાસી લે છે.

હાઈ બ્લડપ્રેશર, એન્જાઈના નામનો હૃદયરોગ, ડાયાબિટિસ વગેરેમાં દર્દીના લોહીમાં રહેલા કૉલેસ્ટેરોલના પ્રમાણની ચકાસણી કરવામાં આવે છે. લોહીમાં કૉલેસ્ટેરોલનું પ્રમાણ ખોરાકમાંના કૉલેસ્ટેરોલના પ્રમાણ પર આધારિત છે. ખોરાકમાં વધુ પ્રમાણમાં ખાંડ હોય ત્યારે પણ લોહીમાં કૉલેસ્ટેરોલનું પ્રમાણ વધે છે એવું જણાયું છે. આ કૉલેસ્ટેરોલ ધમનીઓની અંદર વધુ પ્રમાણમાં જમા થાય તો તેનાથી ધમનીઓમાં વહેતા લોહીમાં ગઠ્ઠો જામે છે. હૃદયમાં આવો ગઠ્ઠો જામે તો 'કોરોનરી થ્રોમ્બોસિસ' અને મગજમાં જામે તો 'સ્ટ્રોક'ની જીવલેણ સ્થિતિ ઊભી થાય છે. કૉલેસ્ટેરોલનું પ્રમાણ વધતાં જીવનપ્રદ લોહીનું વહન કરનારી ધમનીઓ કઠણ બનતી જઈ એની કામગીરી બગડે છે અને માનવીને નાની ઉમરે ઘડપણ વરતાવા લાગે છે.

કેટલીક વાર દર્દીને લોહી આપવાની જરૂર ઊભી થાય છે. આ માટે 'બ્લડ ટ્રાન્સફ્યુઝન' તો થઈ શકે છે, પણ એક માણસનું લોહી બીજાને આપવા પહેલાં દર્દી તથા રક્તદાતાના લોહીનો મેળ બેસશે કે નહિ તે જાણી લેવું અત્યંત જરૂરી છે. આ માટે લોહીનાં 'એ', 'બી', 'એબી' અને 'ઓ' એમ ચાર ગ્રૂપ નિશ્ચિત થએલાં છે. આમાં 'એ' અને 'બી' ગ્રૂપના લોહીવાળાને એકબીજાનું લોહી માફક આવતું નથી. 'એબી' ગ્રૂપવાળાને ચારેય પ્રકારનું લોહી આપી શકાય છે તો 'ઓ' ગ્રૂપનું લોહી કોઈ પણ ગ્રૂપના લોહીવાળા માટે અનુકૂળ છે.

રક્તરસમાં પેદા થતા વિશિષ્ટ પ્રતિકણો (એન્ટીબૉડીઝ)ના આધારે પણ રોગનું નિદાન થાય છે. ટાઇફૉઈડના નિદાન માટે 'વિડાલ' અને સિફિલિસ માટે 'વાઝરમૅન રીઍક્શન', 'કાહન ટેસ્ટ' અને 'વી. ડી. આર. એલ. ટેસ્ટ' જેવાં લોહીનાં ખાસ પરીક્ષણો છે.

વિવિધ રોગોમાં લોહીના રક્તજળના રાસાયણિક ઘટકોમાં ફેરફાર થાય છે, જેનું બાયૉકેમિકલ રીતથી મૂલ્યાંકન કરી રોગનું નિદાન કરાય છે. ડાયાબિટિસમાં તેમાં ગ્લુકોઝનું પ્રમાણ વધે છે તો ગાઉટમાં યુરિક ઍસિડનું. કિડનીના રોગોમાં યુરિયાનું તો કમળામાં પિત્તરંજકોનું પ્રમાણ વધે છે. યકૃતના રોગમાં પણ યુરિયાનું વધુકું પ્રમાણ હોઈ શકે છે.

કાચની સ્લાઈડ ઉપર લીધેલા લોહીની સૂક્ષ્મદર્શક દ્વારા કરાતી તપાસમાં લોહીમાં ભળેલા મૅલેરિયા, હાથીપગું, ઊંદર કરડવાથી આવેલા તાવ વગેરે કેટલાક રોગોના જીવાણુઓ પકડાય છે. લોહીની કલ્ચરલ તપાસ દ્વારા ટાઇફૉઈડના જીવાણુઓને અલગ પાડી રોગની ચોકસાઈ કરાય છે.

હાર્ટ ઍટૅકની ચોકસાઈ માટે 'એસ. જી. ઓ. ટી.' નામક લોહીની એક ખાસ તપાસ થાય છે. 'ઇરિથ્રોસાઈટ સેડિમેન્ટેશન રેઈટ' (ટૂંકમાં ઈ. એસ. આર. અથવા સેડ રેઈટ) નામની લોહીની તપાસથી શરીરમાં ખરેખર કોઈ ચેપી રોગ હોવાની કે રોગનાં વળતાં પાણી થયાની જાણ થાય છે. એક લાંબી સાંકડી કાચની નળીમાં ભરેલા લોહીમાં એક કલાકના ગાળે લાલ કણો જે ગતિથી તળિયે બેસે અને રક્તજળ જેટલું રહે તેનો તફાવત મિલિમીટરમાં મપાય છે. તંદુરસ્તીમાં એક કલાકમાં ચારથી પંદર વીસ મિલિમીટર જેટલા કણો તળિયે જામે છે. પણ એથી વધારે જેટલી ઝડપથી લાલ કણો નીચે બેસે તેટલું રોગનું જોર વધારે ગણાય છે. ક્ષય, રૂમેટોઈડ આર્થ્રાઈટિસ, મૂત્ર અને શ્વસનમાર્ગના ચેપી રોગો વગેરેમાં લાલ કણો ઝડપથી નીચે જામી જઈ ઈ. એસ. આર. ટેસ્ટનો આંક ઊંચો આવે છે. આવા રોગોમાં સેડ રેઈટ સંતોષકારક બને ત્યાં સુધી દર્દીને પથારીવશ રહી આરામ કરવાની સલાહ સાથે એના ઉપચારો ગોઠવાય છે. આમ આ ટેસ્ટ રોગનું જોર વધ્યાઘટ્યાની સ્થિતિ બતાવે છે, જે તેના ઉપચારમાં જરૂરી ફેરફાર કરવામાં સહાયક બની શકે છે.

ઝાડા, ગળફા અને પરુની તપાસ

ઝાડા ને ગળફાની તપાસ ગંદી લાગે, પણ એના દ્વારા કૃમિ, મરડો, કૉલેરા વગેરેના જીવાણુઓ, તેમાં પડતા લોહીથી, સંગ્રહણી, કોલાઇટિસ અને કૅન્સર વગેરેની સ્થિતિની જાણ થાય છે. ક્ષયના ચેપ માટે ગળફાની તપાસમાં ક્ષયના જંતુઓની હાજરી જોઈ નિદાન ચોક્કસ થાય છે. ન્યૂમોનિયા, ઇન્ફ્લુએન્ઝા વગેરે રોગોમાં પણ ગળફાની તપાસ દ્વારા જે તે રોગના જીવાણુઓ પકડી શકાય છે.

આવી જ રીતે શરીરમાં કોઈ ભાગમાં પેદા થએલા પરુને પણ સ્લાઈડ પર લઈ તેને એક ખાસ રીતથી રંગ ચડાવીને તપાસ કરાય છે. ડિફ્થેરીઆમાં ગળામાં બાઝેલા પાતળા આવરણ ઉપર રૂનું પોલ ફેરવીને તેને સ્લાઈડ ઉપર ઉતારીને સૂક્ષ્મદર્શક વડે તપાસવામાં આવે છે. કેટલાક રોગના જીવાણુઓ પકડવા માટે 'કલ્ચર'ની રીત પણ અજમાવાય છે.

મૂત્રની તપાસ

આમ તો પેશાબ પાણી જેવો નિર્મળ આવવો જોઇએ પણ ક્યારેક તેમાં સામાન્ય અને અસામાન્ય ઘટકો ભળવાથી તે ડહોળાએલો કે મેલો દેખાય છે. યુરિક ઍસિડના કારણે પેશાબ કણવાળો તો ફૉસ્ફેટના લીધે તે છાશ જેવો સફેદ ને રગડા જેવો લાગે છે. જીવાણુઓની હાજરીથી પણ પેશાબ રગડા જેવો જણાય છે. પેશાબ ઠારતાં તેમાં સફેદ સૂક્ષ્મ કણો દેખાય તો તે કૅલ્શ્યમ ઑક્ઝેલેટના લીધે હોય છે.

લોહી અને પિત્તના રજકોથી પેશાબ ઓછીવધતી પીળાશવાળો બને છે. નેફ્રાઇટિસ, તાવ અને ઝાડાઊલટી વખતે પણ તે પીળો બને છે. અમુક દવાઓ અને ખાદ્ય રંગવાળી વાનગીઓ પણ પેશાબને વિશિષ્ટ રંગ આપે છે કિડનીના બ્રાઈટ્સ રોગ અને ડાયાબિટિસ વખતે બહુમૂત્રતાની સ્થિતિમાં પેશાબ ફિક્કો દેખાય છે, તો હિસ્ટીરીઆ ને નર્વસ સ્થિતિઓમાં પણ પેશાબ પાણી જેવો દેખાય છે. હિમોગ્લોબિનના બગાડથી પેશાબ ભૂખરો કે કાળો થાય છે ને વિટામિન બી જૂથની દવાઓથી એ પીળો રંગ પકડે છે.

પેશાબની પોતાની કોઈ વાસ નથી, પણ અમુક જીવાણુઓની હાજરીથી તે વિશિષ્ટ વાસ ધારણ કરે છે. ચોકડીમાંથી પેશાબની આવતી ગંધ જીવાણુઓની ક્રિયાથી નીપજેલી હોય છે. દવાના અંકુશ વિનાના ડાયાબિટિસના દર્દીના પેશાબની લાક્ષણિક ગંધ તેમાં ભળેલા એસિટોનના કારણે હોય છે. અમુક રોગમાં પેશાબનો રંગ તો સ્વાભાવિક હોય છે પણ પછી હવાની અસરથી તે બદલાય છે.

સાદી તપાસમાં પેશાબમાં સાકર, પરુ, પિત્ત, લોહી અને આલ્બ્યુમિનની હાજરીની જાણ થાય છે, જેના આધારે ડાયાબિટિસ, પેશાબમાર્ગનો ચેપ, કમળો, પથરી કે કૅન્સર વગેર વિષેનો ખયાલ બંધાય છે. યોનિ અને મૂત્રનળીના પરુ જેવા સ્રાવની તપાસથી પરમિયો ને સિફિલિસ રોગનું નિદાન થાય છે. સૂક્ષ્મદર્શક વડેની તપાસમાં પણ પેશાબમાંથી શુક્રાણુ, પરુ અને ક્વચિત્ અન્ય જીવાણુઓ પકડાય છે.

રોગયુક્ત અવયવોના છેદની પણ તપાસ થાય છે, જે હિસ્ટોપૅથૉલૉજી કહેવાય છે. આ પરીક્ષામાં શરીરના એ અવયવની અસામાન્ય સ્થિતિનો નિર્ણય થાય છે. એક્સફૉલિયેટિવ સાઇટોલોજી પરીક્ષાથી ગર્ભસ્થ બાળકની જાતિ પણ હવે તો જાણી શકાય છે. એ જ રીતે રજોદર્શન બંધ થયા પછી દોઢ મહિના બાદ એનિમલ ઇનોક્યુલેશન ટેસ્ટ દ્વારા સગર્ભાવસ્થાની નિશ્ચયાત્મકતા નક્કી થાય છે.

આમ, દાક્તરે કરેલી પ્રાથમિક તપાસોની સાથે જરૂર જણાયે યોગ્ય અને આવશ્યક લૅબ-ટેસ્ટ દ્વારા રોગનાં નિદાન અને ઉપચાર બંને ચોક્કસ અને અસરકારક બને છે. □

અનુસંધાન] **આચાર્ય હજારીપ્રસાદ દ્વિવેદી** [પૃ ૨૦૨થી

કોઈના પર આતંક જમાવતી નહિ વાર્તાલાપ કે વ્યાખ્યાનમાં એ વિદ્વત્તા રસમયી બનીને અન્યમાં વિલય પામતી. પોતાના સહજ, આત્મીય, મસ્તમૌલા ને રમૂજી સ્વભાવને લીધે તેઓ સિદ્ધ પુરુષોનું સ્મરણ કરાવતા હતા. વાણીના એ ધની હતા. બોલતા ત્યારે શ્રોતાઓ મંત્રમુગ્ધ બનીને કલાકો સુધી સાંભળતા ને મનમાં વધુ ને વધુ શ્રવણ કરવાની ચાહના થતી.

એમનું હાસ્ય બીજાના કાલુષ્યને નિર્મલ બનાવી દેતું તેઓ અજાતશત્રુ હતા. એમની નવલકથાઓ હિન્દીની ગદ્યશૈલીના અદ્ભુત નમૂનારૂપ છે. એમની પાસે શબ્દોનો અખૂટ ભંડાર હતો. દરેક શબ્દ વાંચતી વેળા કલિકાની પેઠે ખીલી ઊઠીને પોતાના અતરરૂપના પરિમલથી પાઠકને પરિતૃપ્ત બનાવી દે છે. અનેક વાર વાંચતાં દરેક વખતે એમાથી કશુંક નવું પામવાનો આનંદ અનુભવાય છે. એમની દૃષ્ટિ સમગ્રતાની હતી, પણ સામાન્ય જનથી એ વિમુખ નથી જણાતી.

એમના પાંડિત્યમાં પ્રગતિશીલતાનો આલોક દેખાતો. પશુપંખી, તરુ પલ્લવ પ્રસૂન, પુરાણશાસ્ત્ર, ધર્મવાર્તા કે ઇતિહાસ-કોઈ પણ વિષયની ચર્ચા એમના સાથે કરતાં જ્ઞાનનો સાગર લહેરાતો જણાતો. એ એમનો મૌલિક ગુણ હતો કે મોટામાં મોટી જટિલ વસ્તુને સરળ બનાવીને એવી રીતે રજૂ કરતા કે સામેની વ્યક્તિ જટિલતાના ભાર અને ભયથી મુક્ત થઈ જાય. એમને જોઇને પિતાનો બોધ થતો.

દસ વર્ષ સુધી—ઈ. ૧૯૫૦ થી '૬૦ બનારસ હિંદુ વિશ્વવિદ્યાલયમાં હિંદી વિભાગના અધ્યક્ષ રહ્યા બાદ સાત વર્ષ સુધી એમણે પંજાબ વિશ્વવિદ્યાલયમાં હિંદી વિભાગનું અધ્યક્ષપદ સંભાળ્યું હતું. ત્યાં એમને ટાગોર પ્રોફેસર પણ બનાવવામાં આવ્યા હતા. ત્યાંથી નિવૃત્ત થઈ પુનઃ તેઓ હિંદુ વિશ્વવિદ્યાલયમાં રેક્ટર તરીકે આવ્યા હતા. ૧૯૪૭માં એમને અખિલ ભારતીય હિંદી સાહિત્ય સંમેલનનું મંગલાપ્રસાદ પારિતોષિક મળ્યું અને 'સાહિત્યવાચસ્પતિ'ની ઉપાધિ આપવામાં આવી. ઈ. ૧૯૪૯માં લખનઉ યુનિવર્સિટીએ ડિ.લિટ.ની માનદ પદવીથી એમને નવાજ્યા હતા. ૧૯૫૭માં ભારત સરકારે એમને 'પદ્મભૂષણ'નું માન આપ્યું હતું. લખનઉની 'ઉત્તર પ્રદેશ હિંદી ગ્રંથ અકાદમી'ના તેઓ અધ્યક્ષ હતા. પ્રથમ રાષ્ટ્રભાષા આયોગ, રાષ્ટ્રીય પ્રસારણ સમિતિ, રાષ્ટ્રીય શિક્ષણ પરિષદ વગેરે અનેક સમિતિઓના તેઓ સદસ્ય હતા. ૧૯૭૩માં રવીન્દ્ર ભારતી (વિશ્વવિદ્યાલય)નો ટાગોર પુરસ્કાર અને કેન્દ્રની સાહિત્ય અકાદમીનો પુરસ્કાર એમને મળ્યો હતો.

અનેક વિટંબણાઓ વચ્ચે યે પોતાનો સાહિત્ય વ્યાસંગ ટકાવી રાખવા સાથે તેઓ પોતાની પ્રતિભાના બળે જે વિધવિધ ઉચ્ચ સ્થાનો પામ્યા હતા તેની તેમણે કદી એષણા રાખી નહોતી. એમને રસ હતો માત્ર ગ્રંથોપુસ્તકોની વચ્ચે બેસીને પોતાનું લેખન ચલાવ્યા કરવાનો. છેલ્લે છેલ્લે તેઓ વ્યાકરણ વિષયક ગ્રંથો તૈયાર કરી રહ્યા હતા. એવામાં પક્ષઘાતનો હુમલો થયો. ત્રણેક માસ બીમાર રહી જરા સ્વસ્થ થયા ત્યાં એક દિવસ એકાએક મૂર્છિત થઈ ગયા. ઉપચાર માટે એમને ૧૧મી મેના રોજ બનારસથી દિલ્હી લાવવામાં આવ્યા, જ્યાં ઑલ ઇંડિયા ઇન્સ્ટિટ્યૂટ ઑવ મૅડિકલ સાયન્સિઝમાં પત્ની, ચાર પુત્રો, ત્રણ પુત્રીઓ જમાઇઓ અને સંખ્યાબંધ સગાંસ્નેહીઓની હાજરીમાં એમણે ૧૯મી મેના રોજ દેહ છોડયો.

હિંદીના મૂર્ધન્ય સાહિત્યકાર જૈનેન્દ્રકુમારે શ્રદ્ધાંજલિ આપતાં દ્વિવેદીજી માટે જે વાક્યાવલી ઉચ્ચારી છે તેમાં એમનું ભવ્ય ઉદાત્ત વ્યક્તિત્વ ઊપસી આવે છે :

'આપણે એક ઋષિકલ્પ વ્યક્તિને ખોઈ બેઠા છીએ. એમની ઉપસ્થિતિ કલ્પવૃક્ષ સમાન હતી તેઓ સાચા લોકશિક્ષક હતા, જેમણે પોતાના સાહિત્યમાં માનવમાં માનવની અખડ આસ્થા સ્થાપી. તેઓ ઉદાત્ત કોટિના સાહિત્યકાર જ નહિ, અપિતુ ઉદાત્ત માનવ પણ હતા, જેમની સમક્ષ કોઈ વ્યક્તિ પોતાને નાની અનુભવી શકતી નહિ'. □

શબ્દકથા: કુરુંદમ · કુરુવિંદ

જોડણીકોશ વગેરેમાં કુરુંદમ્ 'એક સ્ફટિકરૂપ ખનિજ જેમાંથી ઝવેરાત બને છે' એવા અર્થમાં આપેલો છે. આ ઉપરાંત બૃહદ્ ગુજરાતી કોશમાં કુરંદ 'તાંબા રંગનો એક કિંમતી પથ્થર' એવા અર્થમાં નોંધેલો છે. હિંદી कुरंड, પંજાબી कुरुंड, મરાઠી कुरुंद ને અંગ્રેજી कोरंडम् (Corundum) એ શબ્દો આ સાથે એક જ મૂળના છે. એ બધાના મૂળમાં છે તમિળ कुरुन्दम संस्कृत અને પ્રાકૃતમાં તે कुरुविन्द રૂપે લેવાયો છે.

સંસ્કૃત वैडूर्य, પ્રાકૃત वेरलिय, અંગ્રેજી बेरिल એ એક પ્રકારના રત્નની જેમ આ બીજા પ્રકારના રત્નના નામ માટે પણ અન્ય ભાષાઓ તમિળને આભારી છે.

આઠમી શતાબ્દીમાં કવિ વાક્પતિએ રચેલા પ્રાકૃત મહાકાવ્ય 'ગઉડવહો'માં પર્વતના ઢોળાવને લગતા વર્ણનખંડમાં કુરુવિંદમણિની ગુફાઓનો નિર્દેશ છે.—પદ્યમાં અનુપ્રાસનું સૌન્દર્ય સહેજે ધ્યાન ખેંચે છે.

> ઈહ પરિસક્કિજજઇ કઢિણ–કક્કરુક્કેર–ણિસિઅ–ણહહીરં,
> કુરુવિંદ–કંદરા–મંદિરેસુ મદ મઈંદેહિં.

'અહીં કુરુવિંદની ગુફાઓમાં મંદમંદ વિચરતા મૃગેંદ્રો કઠોર શિલાઓ પર પોતાના નખની કોરની ધાર કાઢે છે.'

હરિવલ્લભ ભાયાણી

'વિનોદ'ની નજરે

જયોતીન્દ્ર દવેની નજરે

વર્ષો પહેલાંની વાત છે.

એક સામયિકમાં 'વિનોદ મરી ગયો' એ શીર્ષક હેઠળ વિનોદ ભટ્ટનો લેખ પ્રસિદ્ધ થએલો. કોઈક સાહિત્યરસિક મિત્રે એ લેખ વિષે મારો અભિપ્રાય માગ્યો મેં કહ્યું: 'ઘણા લોકો 'ળ' ને બદલે 'ર' બોલે છે. પણ લખવામાં પણ એવી ભૂલ, અને તે પણ સુશિક્ષિત કહી શકાય એવા લેખકોના હાથે થાય ત્યારે સખેદાશ્ચર્ય થાય છે.'

'હું સમજ્યો નહિ.'

"હું પોતે આવી 'ર–ળ'ની ભૂલનો ભોગ બન્યો છું એટલે મારો જ દાખલો આપીને તમને સમજાવું. થોડા દિવસ પર મારા એક મિત્ર હાંફળાફાંફળા મારે ઘેર આવ્યા. મને જોયો. એમનો શ્વાસ હેઠો બેઠો એટલે બોલ્યા: 'હાશ! હું તો એવો ગભરાઈ ગયો'તો.'

'કેમ? એવું શું થયું?' મેં પૂછ્યું.

'હમણાં મને' એક જાણીતા લેખકનું નામ દઈને એણે કહ્યું: 'રસ્તામાં મળી ગયા. વાતમાં વાત નીકળતાં એમણે કહ્યું: 'જ્યોતીન્દ્રભાઈ અહીંના 'મૅટરનિટી હોમ' (પ્રસુતિગૃહ)માં પરમ દહાડે મરી ગયા' હું વધારે વાત કરવા ન રોકાતાં સીધો અહીં આવી પહોંચ્યો, ને તમને સાજાસમા જોયા એટલે નીરાંત થઈ'

'આ પણ ઠીક!' મેં કહ્યું: 'જ્યાં બાળકો જન્મ લે ત્યાં પ્રસૂતિ ગૃહમાં હું મરી ગયો! પણ તમે જુઓ છો ના! હું આ જીવતો જાગતો તમારી સામે ઊભો છું ન મરી જવાનાં કોઈ ચિહ્ન પણ દર્શાવતો નથી. એ તો પેલા ભાઈએ, બીજા ઘણા કરે છે તેમ, 'ર–ળ'ની બાબતમા ગોટાળો કર્યો. એ ભાઈ કહેવા માગતા હતા 'મળી ગયા' પણ 'ળ' બોલવાની જીભને ટેવ નહિ એટલે બોલી બેઠા 'મરી ગયા.''

હાં, પણ આ બધી વાતમાં મેં પેલા લેખ માટે તમારો અભિપ્રાય પૂછ્યો'તો એ તમે ભૂલી ગયા લાગો છો'.

'ભૂલી નથી ગયો મેં મારો અભિપ્રાય એ વાત દ્વારા આપી દીધો છે.'. 'એટલે?'

'એટલે એમ કે 'વિનોદ મરી ગયો' એમ છપાયુ છે તે ખોટું છે. 'વિનોદ મળી ગયો' એમ છપાવું જોઈતું હતું. આ લેખ પરથી ને અગાઉ પણ પ્રસિદ્ધ થએલા એમના લેખો પરથી હું કહી શકું એમ છું કે ગુજરાતને વિનોદ એ નામનો લેખક—ને એ નામનો રસ—એક જ વ્યક્તિમાં મળી ગયો છે.'

એ પછી હાસ્યરસનાં વિવિધ ક્ષેત્રોમાં સતત ને સફળ સંચાર કરતા રહીને ભાઈ વિનોદ ભટ્ટે મારા કથનને સાચું પુરવાર કરી બતાવ્યું તે બદલ મારે એમને ધન્યવાદ આપવો ઘટે છે.

ભાઈ વિનોદનું આ નવમું પુસ્તક છે. એટલે 'ઈદમ્ તૃતીયમ્' 'ઈદમ ચતુર્થમ્' એવાં નામાભિધાન એમણે એમના ત્રીજા તથા ચોથા પુસ્તકને આપ્યાં છે એમ આને પણ એ 'ઈદમ્ નવમ્' (ખરી રીતે 'નવમમ્' પણ 'નવમ્'માં શ્લેષનો સંભવ હેઈ એ વધારે પસંદ કરવા યોગ્ય ગણ્યું છે. 'નવમ્ ચ નવીનમ્ ચ') આ નવમું પુસ્તક છે—ને નવીન પણ છે.

અત્યાર સુધીનાં પુસ્તકોમાં વિનોદે ટુચકા, વાર્તાભાસી કથાનકો, પ્રાચીન કથા પરથી ઉપજાવેલી નવીન કથા વગેરે આપ્યાં છે. એમાં આવતાં પાત્રો એમની કલ્પનાનાં સર્જન છે. પણ 'વિનોદ'ની નજરે'માં આવતાં પાત્રો એમની કે કોઈની પણ કલ્પનાનાં સર્જન નથી. એમાંના કેટલાકનું, ભાઈ ચન્દ્રવદન તથા મારા જેવાનું સર્જન તો વિનોદના પોતાના સર્જનથી યે ઘણાં વર્ષો અગાઉ થઈ ચૂક્યું છે.

ભાઈ વિનોદે પોતાની નજરે ચડેલા (અથવા પડેલા) એકત્રીસ લેખકોને (અથવા ત્રીસ લેખક ને એક અભિનેતા દિગ્દર્શકને) અહીં વાચકની નજર સામે રજૂ કર્યા છે.

વિનોદનું નામ કોણે પાડયું હશે,—એમની ફોઈએ કે બીજા કોઈ સગાવહાલાએ તે ખબર નથી, પરંતુ એમણે કોઈ વિરલ ઘડીએ આ નામ પાડયું હશે એટલે નામ પ્રમાણેના ગુણનું વિધિએ એમનામાં આરોપણ કરી દીધું.

"'વિનોદ'ની નજરે" એ શીર્ષકમાં બિચારા વિનોદને અવતરણચિહ્નમાં પૂરવાની જરૂર નહોતી. એની મદદ વગર પણ વાચક સમજી જાત કે 'વિનોદ' શબ્દ પર અહીં શ્લેષ છે. વિનોદ નામના લેખકની—ને વિનોદની, હાસ્યની—હળવી નજરે અહીં ગ્રંથસ્થ કરાએલી વ્યક્તિઓનું દર્શન કરવામાં તેમ જ કરાવવામાં આવ્યું છે.

ભાઈ વિનોદની નજર ઝીણી ને તીણી છે. એ પ્રથમ ઝીણી નજરથી વર્ણ્ય વ્યક્તિને વિશાળ બનાવીને પછી તીણી નજરથી તેનું સમારકામ કરે છે. પરંતુ તીણી હોવા છતાં એ નજર કોઇને ઘા કરતી નથી. લાગે પણ વાગે નહિ એવી એમની નજર છે.

કોઈકનું કંઈક બૂરું થતું હોય ત્યારે કેટલાકને લાગે છે કે એને અમુક વ્યક્તિની 'નજર લાગી' છે. જેને એવી નજર લાગે તેનું અહિત થયા વગર રહેતું નથી. પરંતુ વિનોદની નજર જેને જેને લાગી છે તેનું કોઈનું પણ અહિત થાય એવો સંભવ નથી. (કદાચ થાય તો તે વિનોદની નજર લાગવાથી નહિ, પરંતુ એ નજર લાગવા છતા થઈ જાય એમ બને.

વિનોદની નજર બૂરું કરવાની શક્તિ ધરાવતી નથી, કારણ કે એ મીઠી નજર છે એ નજર મીઠી છે કારણ કે વિનોદ પોતે મીઠા છે. મીઠા, કોઈનું પણ કામ વગર કહ્યે કરી આપવાની તત્પરતાવાળા, ને સામાને રાજી કરીને રાજી રાજી થનારા એવા ભદ્ર પુરુષ છે

મોટે ભાગે એમની નજર ગુણદર્શી રહી છે, પરંતુ એ ગુણૈકદર્શી કેવળ ગુણ જ જોનારી નથી. સામી વ્યક્તિની નબળાઈ પણ એ સહેજમાં પારખી જાય છે ને તે તરફ અંગુલિનિર્દેશ કરે

છે—પણ સફાઈથી, વ્યંગાત્મક રીતે.

ગુલાબદાસ બ્રોકર વિષે લખતાં એ કહે છે: બ્રોકર એક સ-રસ કથાકાર છે. નાનકડી 'જોક'ને ય મલાવીને કહે. મોટે ભાગે તો તદ્દન જૂની—'લોથલ જોક' બિલકુલ ફ્રેશ હોય એ રીતે કહે… (હું) એક જોક એમના મોઢે અગાઉ બેત્રણ વાર સાંભળી ચૂકેલો. બનતાં સુધી એ જ જોક મેં નહિ સાંભળી હોય એમ માનીને મને કહેવાની એમણે શરૂ કરી. મેં ખૂબ જ ગંભીરતાથી કહ્યું: 'આ જોક પહેલવહેલી કોણે કહેલી એ કહું બ્રોકર સાહેબ?' 'કોણે કેટલી?' એમણે ય એટલી જ ઉત્સુકતાથી પૂછ્યું. 'આ જોક સૌપહેલાં દુર્યોધને કહેલી. કૌરવો-પાંડવો સાથે ફોટો પડાવવા બેઠેલા. એમને બધાને હસાવવા, ફોટોગ્રાફરને મદદ કરવા, દુર્યોધને આ જોક કહેલી'. ચંદ્રકાંત બક્ષીને મેં આ વાત કરી ત્યારે પોતાની લુચ્ચી આંખથી મને તાકતાં બક્ષીએ કહ્યું: 'હું તો વિનોદસાહેબ કલકત્તાથી આવ્યો ત્યારનો બ્રોકરસાહેબ પાસેથી આ જોક સાંભળતો આવ્યો છું.' (બક્ષીની આંખ લુચ્ચી છે એ પણ વાતમાં ને વાતમાં જણાવી દે છે.)

વિનોદભાઈ કોઈનું દોષદર્શન કરાવે છે એમ આપણને એમનું પહેલું વાક્ય વાંચતાં લાગે. પણ તરત જ એ દોષનું એ ગુણમાં રૂપાંતર કરી નાખે છે. આચાર્ય યશવંત શુક્લ વિષે લખતાં એ કહે છે: 'અને તેમની યાદશક્તિ ઘણી જ ટૂંકી'. આ વાક્ય વાંચીને યશવંતને ઓળખનારાને થાય કે 'વિનોદ આ શું બાફે છે!' પણ બીજું વાક્ય વાંચતાં પ્રતીતિ થઈ જાય કે ના એ કહે છે તે બરાબર છે. એ જણાવે છે કે અને તેમની (યશવંતભાઈની) યાદશક્તિ ઘણી જ ટૂંકી: મા-બાપ જેવી. મા-બાપ જેમ પોતાનું બાળક ગુનામાં આવે એ ક્ષણે તેને શિક્ષા કરે ને બીજી ક્ષણે એ વાત ભૂલી જાય, એવું જ યશવંતભાઈમાં મેં જોયું છે. આમ વ્યાજસ્તુતિ અલંકારનું સરસ ઉદાહરણ એમણે આપ્યું છે.

એમના કૌંસ પણ બહુ બોલકણાં ને ટીખળી હોય છે. ઇશ્વર પેટલીકર 'ળ'નો ઉચ્ચાર કરી નથી શકતા, 'ળ'ને બદલે 'ર' બોલે છે એ મતલબનું વિધાન કરીને ભાઈ વિનોદ નોંધે છે કે (પેટલીકર) 'પુષ્કળને પુષ્કર ને ગોળી ને ગોરી કહે છે' ને પછી કૌંસમાં ઉમેરે છે! ("ગાંધીજીને 'ગોરી' વાગી'તી") ચન્દ્રવદન પરના લેખમાં એ જણાવે છે કે 'એક સાક્ષરની પુત્રી સાથે તેમને પ્રેમ હતો, પણ તે સ્ત્રી સાથે પરણી શકાયું નહિ. આ વાત મને જુદા જુદા લગભગ પોણો ડઝન જણાએ, તેમને સી.સી.એ ખાનગીમાં કરેલી એમ કહીને મને ખાનગીમાં કહી છે. (જે બીજા કોઇને નહિ કહેવાથી શરતે તમને અહીં કહું છું.) શિસ્તના તે (ચં. ચી.) હઠાગ્રહી છે. અને સમયપાલનના પણ. (માત્ર એક જ વાર તે સમયપાલન કરવાનું ચૂકી ગએલા. તે ૧૯૦૧ની છઠ્ઠી એપ્રિલે જન્મેલા—પાંચ દિવસ મોડા પડેલા.)'

વિનોદ ભટ્ટ સામાન્ય રીતે લેખકોના બાહ્ય દેખાવનું વર્ણન કરતા નથી. ત્રણ અપવાદ તરીકે એક-બે ઠેકાણે એ પ્રકારનું વર્ણન એમણે કર્યું છે તે વાંચીને લાગે છે કે આ જાતની વર્ણનકલામાં પણ એમણે નિપુણતા પ્રાપ્ત કરી છે. ઇશ્વર પેટલીકર વિષે લખે છે: સાઠ વર્ષની ઉંમરે ય, ધનિકો પોતાનાં કાળાં નાણાં છુપાવી શકે છે એમ, તે પોતાના સફેદ વાળ છુપાવી શકયા છે. બેઠી દડીનું શરીર, કાળી ઘેરી ભ્રમર, એવી જ કાળી ફ્રેમનાં ચશ્માં, ચાસ પાડેલા ખેતર જેવું રેખાઓવાળું મોટું કપાળ, મોટે ભાગે ખુલ્લું રહેતું મોં, બાળક જેવા અવાજવાળું દંતપંક્તિ દર્શાવતું નિર્દોષ હાસ્ય એટલે પેટલીકર. તે ચરોતરના પાટીદાર છે એવું એમની પાસેથી બે, ને વધુમાં વધુ પાંચેક વાકયો સાંભળો એટલામાં તમને ખબર પડી જ જાય.'

રઘુવીરના દેખાવનું વર્ણન કરતાં લખે છે: 'દેખાવમાં દૂબળા-પાતળા, ઊંચા, ગુલાબી, પોઇન્ટેડ નાક, બેસી ગએલા ગાલની વચ્ચે ઝીણી, પાણીદાર, થોડીક ઊંડી તીક્ષ્ણ આંખો, લાંબા કાન (બહુશ્રુત હોવાને કારણે), બોલરના પહેલે બોલે આઉટ થઇને તંબુ તરફ જતા બૅટ્સમૅન જેવી મડિયલ ચાલ, ચાલતી વખતે એક ખભો થોડો ઊંચો, મક્કમતાથી બિડાએલા હોઠ અને વ્યંગપૂર્ણ સ્મિત તેમનું એકેએક જેશ્ચર તેમના વ્યક્તિત્વનો ભાગ છે.'

પહેલા જ વાકયથી વાચકનું કુતૂહલ જાગ્રત કરી, તેને વધારતા જઈ અંતે તેનું સમાધાન કરવાની કુશળ વાર્તાકારની છટા પુષ્કર ચંદરવાકર વિષેના લેખમાં ભાઈ વિનોદે દર્શાવી છે. લેખનો પ્રારંભ કરતાં કહે છે, "ખાટલો બધો ઢીલો આજ પહેલાં મને કયારે ય જોએલો નહિ એટલે સહેજ હિંમત આપતાં પત્ની બોલી 'મરદ જેવા મરદ થઈને આમ સાવ ભાંગી શું પડો છો? જરા હિંમત રાખો' 'હું જે ઠેકાણે જઈ રહ્યો છું એ તું જાણીશ એટલે તારી હિંમત પણ તૂટી જશે' મેં કહ્યું." એ પછી એ જેની રાહ જોઇને બેઠેલા તે શેખાદમ આબુવાલા, અરધો કલાક મોડા આવી પહોંચે છે. મોડા થવાનું કારણ દર્શાવતાં એ કહે છે કે 'છેલ્લે છેલ્લે મા સાથે થોડી વાતો પણ કરી લીધી. આપણે જઈએ છીએ ત્યાંથી પાછા ફરાય ના ફરાય… કોને ખબર?' 'બરાબર છે', વિનોદભાઈ ઉવાચ: મેં ય છોકરાંને રમાડી લીધાં છે, વિલ કરી નાખ્યું છે'…અંતે વાચકના લાભાર્થે જણાવે છે કે 'અમે આત્મહત્યા કરવા જતા'તા'. આમ અદ્દભુત ને ભયાનકનું–અથવા કૃતક અદ્દભુતને ભયાનકનું–વાતાવરણ જમાવી પછી ઘટસ્ફોટ કરતાં કહે છે 'પુષ્કર ચંદરવાકરે અમને જમવા નોતર્યા હતા!' હત્તારીની! એમાં આટલો બધો ગભરાટ? પુષ્કરે જમવા નોતર્યા હતા, તે શું પુષ્કર એમને જ જમી જવાનો હતો! ગભરાટનું કારણ એટલું જ હતું કે પુષ્કરને પોતાની નવલકથાઓના પ્લૉટ સામા માણસને સંભળાવીને 'બોર' કરવાની ટેવ હતી. અને આને લીધે જ પુષ્કરને ત્યાં જતી વેળા શેખાદમ ને વિનોદ બંને દુ:ખી દુ:ખી થઈ ગયા હતા. પછી પાંચ કલાક તેમની સાથે બેઠા ને દુ:ખી દુ:ખી થઈ ગયા. બહુ 'બોર' કર્યા તેથી? નહિ, 'બોર' કરવાને બદલે તેમણે તો ગમ્મત કરાવી દીધી. છે ને માણસનો સ્વભાવ! પ્રથમ 'બોર' કરશે એવા ભયથી દુ:ખી થયા ને પછી અપેક્ષા મુજબ 'બોર' ન કર્યા માટે દુ:ખી થયા!

જયંતી પટેલે તારક માટે 'એ તો ચાર–આઠ આને કૂટ હાસ્ય વેચે છે' એવી કોઈકના આગળ ટીકા કરેલી. તારકને કાને આ વાત આવી. એણે લાગ મળતાં, જયંતીએ પોતાનો એક પગ ખેંચેલો તેના બદલામાં એના બંને ટાંટિયા ખેંચી એને ભોંય ભેગો કર્યો ત્યારે જયંતીએ પ્રસન્નતાપૂર્વક એ ઘા ઝીલી લેતાં કહ્યું: 'લગાવી સાલા ગધાડાએ…સરસ!' 'વિનોદની નજરે'ના વિષયભૂત બનેલા કોઈ લેખકને પણ વિનોદ માટે આ ઉક્તિનો આશ્રય લેવાનું મન થાય તો નવાઈ નહિ. પરંતુ એ 'સાળા' ને 'ગધેડા' શબ્દોને બાદ કરીને જયંતીના બોલનો આશ્રય લેશે; યા પોતાના વિષેનો વિનોદ ભટ્ટનો લેખ વાંચીને રાધેશ્યામ શર્મા પોતાની પત્નીને શું કહેશે તેનું અનુમાન કરીને વિનોદભાઇએ જણાવ્યું છે તેમ એ લેખક કહેશે કે 'આ વિનોદે તો આપણી જબરી ગમ્મત કરી નાખી, નહિ?'

એક સભામાં પ્રસંગોપાત્ત મેં કહ્યું કે 'લેખક પણ માણસ છે' ત્યારે દૂર બેઠેલા એક સભાજન આશ્ચર્યનો ભાવ સબળ રીતે વ્યક્ત કરતા બોલી ઊઠયા: 'એ એમ? ઓહો!' થોડી વાર એમના સામું જોઈ રહીને મેં કહ્યું, લેખક પણ માણસ છે એમ સાંભળીને તમને નવાઈ લાગે છે, ખરું? લાગે; કારણ કે કદાચ તમે બંનેમાંથી એક પણ નહિ હો.' અહીં જે એકત્રીસ લેખકો પર વિનોદની નજર પડી છે તેમનું નિરીક્ષણ-પરીક્ષણ એમણે લેખક તરીકે નહિ પરંતુ માણસ તરીકે કર્યું છે. એમના લેખનકાર્યનો કે લેખક તરીકેની એની સિદ્ધિ કે નબળાઇનો ઉલ્લેખ સરખો એમણે કર્યો નથી, પરંતુ માણસ તરીકે એ કેવા લાગ્યા તેનું જ વિગતવાર બયાન કર્યું છે.

વાચક પણ પોતાની નજર વિનોદની નજર સાથે મેળવીને અહીં વિષયભૂત બનેલા લેખક

મહાશયોનું નિરીક્ષણ કરશે તો એમને વિનોદ-ના વિનોદ મળશે, ઉપરાંત એમના જ્ઞાનમાં પણ વૃદ્ધિ થશે. આ લખતી વેળા ભાઈ વિનોદના હોઠ પર સ્મિત ફરકી ઊઠયું હશે અને એ સ્મિત ચેપી હોવાથી વાચકના હોઠ પર પણ હવે વાચનકાળ દરમ્યાન રમતું થઈ જશે એમ નિ:સંકોચ કહી શકાય.

પ્રસ્તુત પુસ્તકમાં 'હ્યુમર'નો ઉલ્લેખ એકથી વધારે વાર આવે છે. આપણે ભાઈ વિનોદને કહીશું. Have more, by all means have more to your heart's content. But also—give more. (પામતા રહો, વધારે ને વધારે પામતા રહો. પણ સાથે સાથે વધુ ને વધુ આપતા પણ રહો.)

આવકાર

વોરા ઍન્ડ કંપની
ગાંધી રોડ, અમદાવાદ-૧

ગણિતનું અધ્યાપન : લે. અજિતરાય ઓઝા અને વિનોદરાય અંતાણી. પૃ. ૨૯૮, પાકું પૂઠું, રૂ. ૧૬-૦૦.

સાહિત્ય ચિંતન : લે. સુંદરમ. પૃ. ૪૨૯, પાકું પૂઠું, રૂ. ૨૫-૦૦.

સમર્ચના : લે. સુન્દરમ્. પૃ. ૪૭૨, પાકું પૂઠું, રૂ. ૨૭-૦૦.

સા વિદ્યા : લે. સુન્દરમ્ પૃ. ૩૮૯, પાકું પૂઠું, રૂ. ૨૨-૦૦.

પ્રભુનું સ્વપ્ન : લે. જ્યોતિ થાનકી. પૃ. ૩૨૪, પાકું પૂઠું, રૂ. ૧૨-૦૦.

પ્રાચીન કાવ્યશાસ્ત્ર : અનુ. જશવંતી દવે ને જયા મહેતા. પૃ. ૨૩૦, પાકું પૂઠું, રૂ. ૧૨.

ઝાંઝવાનાં જળ : લે. રંભાબેન ગાંધી. પૃ. ૩૨૪, પાકું પૂઠું, રૂ. ૧૬-૦૦.

વ્યાસપર્વ : અનુ જયા મહેતા. પૃ. ૧૪૭, પાકું પૂઠું, રૂ. ૧૨-૫૦.

આશ્રમ ભજનોનો સ્વાધ્યાય : લે. પ્રભુદાસ ગાંધી. પૃ. ૩૩૮, પાકું, રૂ. ૧૨-૫૦.

ચહેરાઓના વનમાં : લે. સુરેશ દલાલ. પૃ. ૧૪૮. કાચું પૂઠું. રૂ ૯-૦૦.

સાવ એકલો દરિયો : લે. સુરેશ દલાલ. પૃ. ૧૧૮, કાચું પૂઠું, રૂ. ૮-૦૦.

ઉજળા સન્યાલ : લે. અશ્વિની ભટ્ટ. પૃ. ૩૦૪. પાકું પૂઠું, રૂ. ૧૯-૦૦.

શૈલજા સાગર : લે. અશ્વિની ભટ્ટ. પૃ. ૨૪૫. પાકું પૂઠું, રૂ ૧૬-૭૫.

નીરજા ભાર્ગવ : લે. અશ્વિની ભટ્ટ. પૃ. ૩૧૮, પાકું પૂઠું, રૂ. ૨૦-૫૦.

આશકા માંડલ : લે. અશ્વિની ભટ્ટ. પૃ. ૬૦૮, પાકું પૂઠું, રૂ. ૩૮-૦૦.

હજી ચાંદમાં ડાઘ છે : (પુનર્મુદ્રણ) લે. મહમ્મદ માંકડ. પૃ. ૩૫૪, પાકું પૂઠું, રૂ. ૧૮.

અમેરિકા જવું છે : (પુનર્મુદ્રણ) લે. કાન્તિલાલ કાલાણી અને ચંદ્રકાન્ત શાહ. પૃ. ૧૫૦, પાકું પૂઠું. રૂ. ૧૨-૫૦.

ગુજરાતની હાસ્યધારા : (પુનર્મુદ્રણ) સં. વિનોદ ભટ્ટ. પૃ. ૪૬૮, પાકું પૂઠું, રૂ. ૧૮.

થોડા વ્યાકરણવિચાર (પુનર્મુદ્રણ) લે. હરિવલ્લભ ભાયાણી. પૃ. ૨૫૬, પાકું પૂઠું, રૂ. ૧૫-૦૦.

એકાંત : (પુનર્મુદ્રણ) લે. સુરેશ દલાલ. પૃ. ૧૨૪, કાચું પૂઠું, રૂ. ૯-૦૦.

પ્રકટ બ્રહ્મસ્વરૂપ સ્વામી શ્રી નારાયણ સ્વરૂપદાસજી-પ્રમુખ સ્વામી
શાહીબાગ રોડ, અમદાવાદ-૪

સદગુરુ શુકાનંદ સ્વામી સહ આનંદ સ્વામી : લે. શાસ્ત્રી શ્રી હરિદાસ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦-૬૦.

સદગુરુ નિત્યાનંદ સ્વામી : લે. શાસ્ત્રી નારાયણ ભક્ત. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦-૬૦.

અનાદિ મહામુક્ત સદગુરુ ગોપાળાનંદ સ્વામી : લે. શાસ્ત્રી સ્વયંપ્રકાશદાસ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦-૬૦.

ભક્તરાજ પર્વતભાઈ ને ભક્તરાજ ગોવર્ધનભાઈ : લે. સાધુ નારાયણમુનિદાસ અને સાધુ હરિપ્રકાશદાસ, પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦-૬૦.

સંપ્રદાયનો વિકાસ ને ગુરુ પરંપરા : લે. હર્ષદરાય ત્રિ. દવે. પૃ. ૩૨, કાચું, રૂ. ૦-૬૦.

ભગવાન સ્વામિનારાયણ : લેખક હરીન્દ્ર દવે. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦-૬૦.

વચનામૃતબિંદુ : પૃ. ૫૮, કાચું, ૦-૫૦.

ભગવાન સ્વામિનારાયણ (સચિત્ર): પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૫-૦૦.

સ્વામી મને વાત કરોને : પૃ. ૧૨, કાચું પૂઠું, રૂ. ૦-૮૦.

સરસ મજાની વાત : પૃ. ૧૪, કાચું પૂઠું, રૂ. ૧-૦૦.

સ્વામિનારાયણ બિલ્લસ : પૃ. ૫૦, કાચું પૂઠું, અમૂલ્ય.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય
ગાંધી રોડ, અમદાવાદ-૧

અધીત ત્રણ : લે. જયંત કોઠારી અને સોમાભાઈ પટેલ. પૃ. ૯૮, કાચું પૂઠું, રૂ. ૮-૦૦.

જીવનનાં ખંડેર (પુનર્મુદ્રણ): લે. ધૂમકેતુ. પૃ. ૨૪૬, પાકું પૂઠું, રૂ. ૧૫-૫૦.

આજ હજો તે દીન : માલતી દેસાઈ, પૃ. ૪૧૧, પાકું પૂઠું. રૂ. ૨૬-૦૦.

શ્વેત રાતના શ્યામ પડછાયા : લે. યશવંત મહેતા. પૃ. ૨૪૦, પાકું, રૂ. ૧૫-૨૫.

આત્મ જ્યોતિકા : લે. નિર્વાણ વ્યાસ. પૃ. ૨૧૮, પાકું પૂઠું, રૂ. ૧૪-૫૦.

ભદ્રંભદ્ર : (પુનર્મુદ્રણ) લે. રમણભાઈ નીલકંઠ. પૃ. ૩૪૮, પાકું પૂઠું, રૂ. ૨૨-૦૦.

વિનોદ ચાતુરી કથામાળા ભાગ ૧ થી ૪ : લે. પ્રિયદર્શી. કાચું પૂઠું, દરેક પૃ. ૧૦૪, સેટના રૂ. ૨૧-૦૦.

કુરુક્ષેત્રના પંથે-ભાગ ૬ : લે. દક્ષિણકુમાર જોષી. પૃ. ૩૪૬, પાકું પૂઠું, રૂ. ૨૨-૦૦.

અમૃતનું આચમન : લે. કાન્તિલાલ કાલાણી. પૃ. ૧૫૬, કાચું પૂઠું, રૂ. ૮-૦૦.

આત્મકથાના ટુકડા : લે. ફાધર વાલેસ. પૃ. ૧૬૮, કાચું પૂઠું, રૂ ૭-૫૦.

ગવાક્ષ દીપ : લે. હીરા પાઠક. પૃ. ૧૬૪, પાકું પૂઠું, રૂ ૧૦-૦૦.

તુંગનાથ (પુનર્મુદ્રણ): લે. યશોધર મહેતા. પૃ. ૨૮૭, પાકું પૂઠું, રૂ. ૧૮-૦૦.

શ્રીધર મહેતા (પુનર્મુદ્રણ) : લે. ગુણવંતરાય આચાર્ય. પૃ. ૩૦૪, પાકું, રૂ. ૧૯-૫૦.

કરાલ કાળ જાગે (પુનર્મુદ્રણ) : લે. ગુણવંતરાય આચાર્ય. પૃ. ૪૫૬, પાકું, રૂ. ૨૯.

પિયારી કાનન (પુનર્મુદ્રણ): લેખક ગુણવંતરાય આચાર્ય. પૃ. ૩૮૦, પાકું, રૂ. ૨૪.

કુસુમ પ્રકાશન
નારાયણનગર, અમદાવાદ-૭

સુખ શાંતિ અને સફળતા : લે. મુકુંદ પી. શાહ. પૃ. ૬૪, કાચું પૂઠું, રૂ. ૨-૫૦

હાસ્ય વિનોદ : લે. મુકુંદ શાહ. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૧-૫૦.

જીવન માંગલ્ય : (પુનર્મુદ્રણ) લે. ચાંપશી ઉદેશી. પૃ. ૫૬, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

જીવન ઘડતર : (પુનર્મુદ્રણ) લે. ચાંપશી ઉદેશી. પૃ ૫૬, કાચું પૂઠું, રૂ. ૨-૫૦

જીવન વિકાસ : લે. ચાંપશી ઉદેશી. પૃ. ૬૪, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

જીવન જીવવાની કળા : અનુ. મુકુંદ શાહ. પૃ. ૧૫૨, કાચું પૂઠું, રૂ. ૨-૫૦.

નવભારત સાહિત્ય મંદિર
અમદાવાદ-૧ અને મુંબાઈ-૨

લાખેણી લોકકથાઓ-૧ થી ૫ : લે. દોલત ભટ્ટ. દરેકનાં પૃ. ૬૪, કાચું પૂઠું, સેટના રૂ. ૧૫-૦૦.

સમરાંગણની ડેલી : લે રસિક મહેતા. પૃ. ૧૬૮, પાકું પૂઠું, રૂ. ૧૦-૦૦

પીન પયોધરા (પુનર્મુદ્રણ) : લે. રસિક મહેતા. પૃ. ૨૨૪, પાકું પૂઠું, રૂ. ૧૨–૦૦.

સંગેમરમરના સૂના નિસાસા (પુનર્મુદ્રણ): લે. રસિક મહતા. પૃ. ૨૧૮, પાકું પૂઠું, રૂ. ૧૪–૦૦.

કંકુ સૂરજ આથમ્યા: લે. દિનકર જોષી. પૃ. ૧૬૦, પાકું પૂઠું. રૂ. ૧૦–૫૦.

સંપત્તિનાં સુખદુઃખ : લે. હરિલાલ ઉપાધ્યાય. પૃ. ૩૬૨ પાકું પૂઠું, રૂ. ૧૮–૨૫

આર. આર. શેઠની કંપની
અમદાવાદ-૧ અને મુંબઇ-૨

સદા સર્વદા : લે. સારંગ બારોટ, પૃ. ૨૨૨, પાકું પૂઠું, રૂ. ૧૪–૦૦.

અનંત સીમા : લે. સારંગ બારોટ. પૃ. ૧૯૮, પાકું પૂઠું, રૂ. ૧૩–૦૦.

યયાતિ (પુનર્મુદ્રણ) : લે. ગોપાળરાવ વિદ્વાંસ. પૃ. ૬૩૧, પાકું પૂઠું, રૂ. ૪૦–૦૦.

હરિયાપાર (પુનર્મુદ્રણ): લે. ગુણવંતરાય આચાર્ય. પૃ. ૨૭૬, પાકું પૂઠું, રૂ. ૧૭–૭૫.

મધપૂડો ગ્રંથાવલિ (પુનર્મુદ્રણ): ૧થી ૮, કાચું પૂઠું, સેટના રૂ. ૧૦–૦૦.

ફૂલ પરાગ-(૧ થી ૮) : લે. હરીશ નાયક. કાચું પૂઠું. સેટના રૂ. ૧૦–૦૦.

પરિચય ટ્રસ્ટ, મુંબાઇ-૨

કથકલી નૃત્ય (પ. પુ. ૪૮૩): લે. એમ. કે. નાયર. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦–૭૫.

એલર્જી (પ. પુ. ૪૮૪): લે. ડૉ. વિ. એન. બાપટ. પૃ ૩૨, કાચું પૂઠું, રૂ ૦–૭૫.

ગાંધીજીના આશ્રમો (પ પુ. ૪૮૫): લે. વનમાળા દેસાઈ પૃ. ૩૨, કાચું, ૦–૭૫.

ડબલ્યુ. બી. યેટ્સ (પ. પુ. ૪૮૬): લે. નિરંજન ભગત. પૃ. ૩૨. કાચું, રૂ ૦–૭૫.

તૉલ્સ્તોય અને ગાંધી (પ પુ. ૪૮૮): લે. ઉમાશંકર જોષી પૃ. ૩૨ કાચું, રૂ. ૦–૭૫.

યોગ અને આરોગ્ય (પ. પુ ૪૮૭): લે. ડૉ. મહેરવાન ભમગરા. પૃ ૩૨, કાચુ પૂઠું, રૂ. ૦–૭૫.

ભારતનો કોલસાનો ઉદ્યોગ (પ. પુ. ૪૮૯) : લે. પી. સી. મહજન, પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦–૭૫.

શરીર તપાસવાનાં સાધનો (પ. પુ. ૪૯૦) : લે. ડૉ. પી. એન. જોષી. પૃ. ૩૨, કાચું પૂઠું, રૂ. ૦–૭૫.

નવજીવન પ્રકાશન મંદિર
અમદાવાદ-૧૪

ગાંધીજીનો અક્ષર દેહ–૫૦, પૃ. ૪૯૬, પાકું પૂઠું. રૂ. ૨૦–૦૦.

ગાંધીજીનો અક્ષર દેહ–૫૧, પૃ. ૪૮૩, પાકું પૂઠું, રૂ. ૨૦–૦૦.

ગાંધીજીનો અક્ષર દેહ–૫૨, પૃ. ૪૮૫, પાકું પૂઠું, રૂ. ૨૦–૦૦.

ગાંધીજીનો અક્ષર દેહ–૫૩, પૃ. ૫૮૬, પાકું પૂઠું, રૂ. ૨૦–૦૦.

એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ.
મુંબઇ-૨

કુળકથાઓ (પુનર્મુદ્રણ) : લે. સ્વામી આનંદ. પૃ. ૨૫૪, પાકું પૂઠું, રૂ. ૧૬–૦૦.

નાચે મનના મોર (પુનર્મુદ્રણ) : લે. દોલત ભટ્ટ પૃ. ૩૨, પાકું પૂઠું, રૂ. ૨૧–૦૦.

સ્વર સરિતા : લે. એની સરૈયા. પૃ. ૪૮, પાકું પૂઠું, રૂ. ૬–૦૦.

સોનલનું સ્વપ્ન : લે. એની સરૈયા. પૃ. ૧૨૧, પાકું પૂઠું, રૂ. ૧૨–૦૦.

અન્ય પ્રકાશકોનાં

બુદ્ધદેવ : લે. રઘુનાથ બ્રહ્મભટ્ટ. પ્રકાશક : ફાર્બસ ગુજરાતી સભા, મુંબઇ ૪. પૃ. ૧૧૨, પાકું પૂઠું, રૂ. ૧૨–૦૦.

સૌરભ : લે. નરોત્તમ વાળંદ. પ્રકાશક પોતે, સુનારવાડ, ભરૂચ. પૃ. ૨૧૨, પાકું પૂઠું, રૂ. ૧૪.

ગુજરાતનો સ્ત્રી-શિક્ષણનો ઇતિહાસ : લે. મણિબા ઠક્કર. પ્ર૰ પોતે. ૧૧૬૩, સાળવીની પોળ, જમાલપુર, અમદાવાદ-૧. પૃ. ૧૬૦, કાચું પૂઠું, રૂ. ૧૨–૦૦.

હાલો ભેરુ ગામડે : લે. નાથાલાલ દવે. પ્ર. અરવિંદ દવે, સાધના પથ પ્રકાશન, કૃષ્ણનગર. ભાવનગર. પૃ. ૪૮, કાચું પૂઠું, રૂ. ૩.

મને જ ગમશે : લે. 'રમ્ય' મજેવડીકર. પ્ર૰ સોનલ પ્રકાશન, પંચહાટડી ચોક, જૂનાગઢ. પૃ. ૪૦, કાચું પૂઠું, રૂ. ૨–૦૦.

સોરઠી ગીતકથાઓ : લે. ઝવેરચંદ મેઘાણી પ્ર૰ 'પ્રસાર', આતાભાઈ એવન્યુ, ભાવનગર ૨ પૃ. ૧૯૮, પાકું પૂઠું, રૂ ૧૨–૦૦.

ચારણો અને ચારણી સાહિત્ય : લે. ઝવેરચંદ મેઘાણી. પ્ર૰ ઉપર મુજબ. પૃ. ૨૧૦, પાકું પૂઠું. રૂ ૧૬–૦૦.

આકાર : સંપાદન મંડળ, ઉદ્‌ભવ લોકભારતી, સણોસરા. પૃ. ૩૨, કાચું, રૂ. ૨–૦૦.

રણ તો લીલાંછમ : લે. ગુણવંત શાહ. પ્ર૰ બાલગોવિંદ પ્રકાશન, ગાંધી રોડ, અમદાવાદ ૧. પૃ. ૧૫૨, કાચું પૂઠું, રૂ. ૧૫–૦૦.

ગીતગોવિંદ : લે. કેશવ હ. ધ્રુવ. પ્ર૰ વિલોચન ધ્રુવ, ઓવનડન રોડ, મુંબઇ-૭. પૃ. ૭૯, કાચું પૂઠું, રૂ. ૧૨–૦૦.

સંસ્કૃતિ પૂજા : લે. મણિભાઈ વોરા. પ્ર૰ પોતે, કડિયા પ્લૉટ, પોરબંદર. પૃ. ૧૬૦, કાચું પૂઠું, રૂ. ૮–૦૦.

ગાંધીયુગનું સાહિત્ય : લે. મનસુખલાલ ઝવેરી, પ્ર૰ મુંબઇ યુનિવર્સિટી, મુંબઇ-૩૨, પૃ. ૧૨૪, કાચું પૂઠું, રૂ. ૨૧–૦૦.

માનવ અધિકારો : અનુ. પદ્મા ભાવસાર, લે. વિશ્વમાનવ સંસ્કાર શિક્ષણ ટ્રસ્ટ, વડોદરા-૫. પૃ. ૧૪૯, કાચું પૂઠું. રૂ. ૮–૦૦.

દીપમાળા : લે. દેસાઈ વાલજી ગોવિંદજી, પ્ર.યજ્ઞ પ્રકાશન, વડોદરા ૧, પૃ. ૧૦૦, કાચું, રૂ. ૨.

વીણેલાં ફૂલ ભાગ–૪ : પ્ર૰ ઉપર મુજબ. પૃ. ૧૧૭, કાચું પૂઠું, રૂ. ૩–૦૦.

લાગણીના વહેણમાં તરતા અતીતના પહાડ : સં. દફન બિસનગરી, ભગીરથ રાવળ. પ્ર૰ કાવ્ય ગોષ્ઠી, સરસપુર કૉલેજ, અમદાવાદ. પૃ. ૪૪, કાચું પૂઠું, રૂ ૫–૦૦.

કર્મવીર કાનજીભાઈ : લે. ઇશ્વરલાલ દેસાઈ અને હરેન્દ્ર શુક્લ. પ્ર૰ વલ્લભ સેવા મંડળ, જ્ઞાન પરું, સુરત. પૃ. ૧૧૦, પાકું, ભેટ.

કુજન : લે. ધર્મેન્દ્ર માસ્તર (મધુરમ). પ્ર૰ અજિત પ્રકાશન, નડિયાદ-૧. પૃ. ૪૮, કાચું, રૂ. ૪–૫૦.

હૃદયરોગ (કારણો અને ઉપચાર) : વૈદ્ય પ્રાગજી મોહનજી રાઠોડ. પ્ર૰ સ્વસ્થવૃત્ત પ્રકાશન ભાવનગર અને મુંબઇ. પૃ ૩૨, કાચું, રૂ. ૧.

આંતરડાંનાં દરદો : લે. પ્ર૰ ઉપર મુજબ, પૃ. ૨૯૬, કાચું પૂઠું, રૂ ૭–૫૦.

સ્વમૂત્ર ચિકિત્સા સંજીવની : લે. ડૉ. નાનુભાઈ પેઇન્ટર. પ્ર૰ હ્યુમન લાઇફ સર્વિસ ઍન્ડ યોગ હેલ્થ ટ્રસ્ટ, મુંબઇ ૮૯. પૃ. ૬૪, કાચું પૂઠું, રૂ. ૯–૦૦.

વિજ્ઞાન ટેકનોલોજી અને સમાજ : (આધુનિક યુગમાં) અનુ. ડૉ. બી. જી. નાયક. પ્ર૰ યુનિવર્સિટી ગ્રંથનિર્માણ, અમદાવાદ ૬. પૃ. ૨૩૯, પાકું પૂઠું, રૂ. ૧૧–૦૦.

પુણ્યશ્લોક પંડિતજી : લે. મૃદુલા પ્ર. મહેતા. પ્ર૰ સંસ્કાર સાહિત્ય મંદિર, ભાવનગર. પૃ. ૪૬, કાચું પૂઠું, રૂ. ૩–૦૦.

આવાર્તા

આજની છબીકળામાં સંયોજનની દૃષ્ટિ

લે. જ્યોતિ ભટ્ટ

છબીકળા એટલે કે પિક્ટોરીઅલ ફોટોગ્રાફીમાં સંયોજન—કૉમ્પોઝિશન પર ઘણો ભાર મૂકવામાં આવે છે. પ્રણાલિગત વલણ ધરાવતા પિક્ટોરીઆલિસ્ટો તેમ જ વિષયની રજૂઆતમાં સીધો અભિગમ અપનાવનારા છબીકારો, બંને તેનું મહત્ત્વ સ્વીકારે છે, પરંતુ સંયોજનની વ્યાખ્યા અંગે બંનેના માર્ગ અલગ છે


સુસંયોજિત છબીચિત્ર બનાવવું હોય તો તેમાં છાયા-પ્રકાશ દ્વારા રચાતી ભાત, ચિત્રવિષયના વિવિધ ભાગ વડે 'ટ', 'ઽ' કે એવા આકારે રચાતી સળંગ દૃષ્ટિરેખા, અથવા ત્રિકોણ કાટકોણ વગેરે આકારના ઘાટ ઉપર ભાર મુકાય છે. દૃશ્ય ચિત્રોમાં ક્ષિતિજ રેખા અમુક સ્થાને જ મૂકવાનો યા ગ્રીક ગણિતજ્ઞો અને સૌંદર્યવિશારદોએ નિશ્ચિત કરેલા આદર્શ પ્રમાણ—ગોલ્ડન સેક્શન—નો આધાર લેવો, છબીમાં વ્યક્તિ કે પ્રાણીને અમુક જ સ્થાને બતાવવાં; યા અમુક સંજોગોમાં એને સામે મોંએ દર્શાવવા કે અમુકમાં એમની પીઠ જ બતાવવી તથા ગતિમાન પાત્રને છબીમાં જમણી બાજુ જ જતું દેખાડવું, આકાશને તદ્દન સફેદ કોરું ન બતાવતાં થોડુંઘણું ઘેરું અથવા વાદળો સાથે બતાવવું વગેરે સૂચનો છબીકળાના ધુરંધર કીમિયાગરો દ્વારા નવોદિતોને અવારનવાર મળતાં રહે છે. છબીમાં તેજ ને છાયાનું પ્રમાણ તથા પ્રકાશના કોણ વિષે પણ અમુક આગ્રહ રખાય છે.


આ બધું અશક્ય નથી, પણ અઘરું તો છે જ. લાંબા મહાવરા અને ચીવટ તથા ધીરજથી કામ કરનાર કુશળ કસબીઓ જ એ હાંસલ કરી શકે. પણ આના પરિણામે આપણે ત્યાં છબીકળા એ કૌશલસિદ્ધિના પ્રદર્શનનું માધ્યમ બની ગઈ છે. ફોટો પ્રદર્શનોમાં ઘડીભર એ જોનારને મુગ્ધ કરી દે, પણ તેની બીજી કોઈ કાયમી અસર પડતી હોય તેવું લાગતું નથી. અલબત્ત, ઉપર કહી તે બાબતો ખ્યાલમાં રાખીને લીધેલી છબી નયનરમ્ય બને ખરી, પણ છબીના એ આખરી હેતુ બની રહે તેવો આગ્રહ અસ્થાન ગણાય. આજે તો ફોટોગ્રાફીમાં વિષયવસ્તુને સૌથી વધુ મહત્ત્વ અપાવું જોઈએ એવું ઘણા છબીકારો માને છે. 'પિક્ટોરીઅલ' ફોટોગ્રાફીના બદલે 'કૅન્ડિડ' ફોટોગ્રાફી તરફનું વલણ વધી રહ્યું છે.

છબીના આખરી સ્વરૂપને છબીકારના હેતુ તથા છબી લેવા પાછળના પ્રેરક બળો સાથે જ સંબંધ હોઈ શકે. તેના આધારે જ તેમાં સંયોજનને કેવું અને કેટલું મહત્ત્વ આપવું તે નક્કી થવું જોઇએ. છબી લેવા પાછળ અનેક હેતુઓ હોય. વસ્તુ, વ્યક્તિ કે પ્રસંગની યાદ કાયમ રાખવા તથા તે અંગેના છબીકારના પ્રત્યાઘાતો અભિવ્યક્ત કરવાના માધ્યમ રૂપે પણ છબી લેવાય છે. આવા હેતુથી થએલી ફોટોગ્રાફીનું પ્રમાણ પણ મોટું છે. કાળાનુક્રમે ઘણી વસ્તુઓ બદલાતી જાય છે. વ્યક્તિઓનો દેખાવ ફરી જાય છે કે પ્રસંગો ભુલાતા જાય છે. છબી દ્વારા તેની કાયમી સ્મૃતિ જાળવી શકાય છે. એટલે આ રીતે અમુક સંદર્ભમાં લેવાએલી છબીઓમાં સંયોજનાની ચમત્કૃતિ દેખાય કે ન દેખાય છતાં તેના દસ્તાવેજી મૂલ્યનું મહત્ત્વ રહે છે.

'મારી છબીઓ દ્વારા મેં બે બાબત રજૂ કરી છે: (૧) આ સારું છે, સુંદર છે, એનું જતન થવું જોઇએ, એને રક્ષણ મળવું જોઈએ; અને (૨) આ અયોગ્ય, બેહૂદું અને અન્યાયી છે. એ અટકવું જોઈએ, દૂર થવું જોઇએ.'— પચાસેક વર્ષ પહેલાં લ્યુઈસ હાઈન નામના એક અમેરિકન છબીકારે પોતાની ફોટોગ્રાફીનો હેતુ સમજાવતાં આ કહેલું. આવા હેતુસરની છબીઓમાં મુખ્ય વસ્તુ કે પ્રસંગની લાક્ષણિકતા

ગામડાનું એક દૃશ્ય (ફોટો : રમણ મહેરિયા)





ફૂટપાથને આશરે (ફોટો : રાઘવ કનેરિયા)

સ્પષ્ટ થાય તે જરૂરી છે. તેમાં ચોપાસની વસ્તુઓ તથા વાતાવરણ સાથેનો તેનો સંબંધ સ્પષ્ટ કરતી વિગતો સમાવી લેવી ક્યારેક આવશ્યક બની રહે છે. સાંપ્રત છબીકળાની પરિભાષામાં સંયોજનના બદલે જેને 'ફ્રેઈમ' કહે છે તેમાં, ચોકઠાની અંદર સમાતી બધી જ વસ્તુઓને આવરી લેવામાં આવે છે. કૅમેરા તે પોતાની સામેની બધી જ વિગતો છબીમાં ઝડપી લે છે, અટલે છબીમાં શું લેવું કે શું બાદ કરવું તેનો નિર્ણય છબીકારે સમય, સાધન ને પોતાના હેતુની મર્યાદાને લક્ષમાં રાખીને કરવાનો રહે છે. ક્યારેક આ માટે કલાકો સુધી મથામણ કરવી પડે તો ક્યારેક ઘડીપળમાં નિર્ણય લેવો પડે. આથી છબીમાં દેખાતી વાસ્તવિકતા પૂર્ણતઃ વસ્તુલક્ષી નથી હોતી છતાં યે વાસ્તવિકતાની રજૂઆત એ તેનું મુખ્ય લક્ષણ બની રહે છે. આથી દસ્તાવેજી મૂલ્ય રજૂ કરવા ઇચ્છતા છબીકારો કૅમેરા સામેની વસ્તુઓ તથા તેના પરસ્પરના સંબંધને યથાતથ છબીમાં ઝડપી લેવાનો આગ્રહ રાખે છે.

આ વર્ષના માર્ચ માસના 'કુમાર'માં શ્રી સુરેન્દ્ર પટેલ અને શ્રી આનંદ પટેલની એક જ સ્થળે એક જ સમયે લેવાએલી રાજસ્થાની માતા અને બાળકોની બે છબીઓ પ્રગટ થઈ છે. એક જ ચિત્રવિષયને બે છબીકારો કઈ રીતે જુએ છે; તથા જુદીજુદી રીતે જોવા છતાં વાસ્તવિકતા અને અર્થઘટનમાં રહેતી સમાનતાના એ બે છબીઓ સ્પષ્ટ દૃષ્ટાંત રૂપ છે. છબી-સંયોજનના રૂઢ નિયમોના પાલનની કદાચ તેમણે ખેવના કરી નથી. છબીની બરાબર મધ્યમાં તેમણે મુખ્ય રસનો ભાગ બતાવ્યો છે. બાળકો તથા માતા જે તરફ જુએ છે તે તરફ છબીમાં ઓછી જગ્યા છે. મધ્યરેખાની બંને બાજુ સમાંતર એવું જડ સીમેટ્રિકલ સંયોજન તેમાં છે. એમ પણ કહી શકાય કે મંદિરમાં પધરાવેલી મૂર્તિ જેવા આયોજનને લીધે જ છબીમાં રજૂ થતાં પાત્રો નાચીઝ ગ્રામીણ મટી જઈ ગ્રામદેવતાની ભવ્યતા પામે છે. ચિત્રસંયોજનના નિયમોના પાલન માટે ચુસ્ત આગ્રહીઓ પણ આ છબીઓ જોતી વેળા એ વિસરી જાય છે. ચિત્ર વિષયની પ્રબળતા અહીં પ્રભાવક બની છે.

સંયોજનની દૃષ્ટિએ આડી ઊભી કે ત્રાંસી રેખાઓ તેમ જ કાળીધોળી રંગકક્ષાઓ વગેરે અહીં ગૌણ બની જાય છે. છબીકળાના રસિક-અરસિક સૌમાં આ છબીઓ રસ પ્રેરે છે. ફોટો-કસબના પ્રદર્શનના બદલે એક માર્મિક ક્ષણને છબીકારોએ વિસ્મૃતિમાં વિલાઈ જતી અટકાવી છે. રાજસ્થાનની ગ્રામ-સંસ્કૃતિને તાદૃશ કરીને એમણે શહેરીકરણ પ્રતિની આપણી આંધળી દોડને નાથવાનું જાણે કે સૂચન કર્યું છે. જો એમ ન થઈ શકે તો પછી આ દૃશ્ય આવી છબીઓ સિવાય ફરી ક્યાંયે જોવા નહિ મળે. ને જો એવું થાય તો આવી દસ્તાવેજી મૂલ્યવાળી છબીઓ આપીને છબીકારોએ એક મોટો ઉપકાર કર્યો છે તેમ જ માનવું રહ્યું.

અહીં આપેલી શ્રી રાઘવ કનેરિયાની પહેલી છબીમાં દેખાતી ગ્રામકન્યાનો ભોળો ચહેરો, એના પોશાક પરનું સુંદર ભરત અને ચળકતાં આભૂષણો વગેરેની વિગતોવાળી નજીકથી લીધેલી છબી (પોર્ટ્રેટ) પણ સુંદર બની રહેત. પરંતુ એ દર્શાવવાનો મોહ જતો કરીને એમણે નિરભ્ર આકાશ તળે વસેલા, સ્વચ્છ હવાઉજાસ ને મોકળાશવાળા ગામડાનો તાદૃશ ચિતાર આપ્યો છે. આવી છબીમાં વાદળના ઉમેરણની કે 'બા-રિલીફ' યા 'સોલરાઇઝેશન' વગેરે જેવી ફોટો તરકીબોની જરૂર શી છે? છબીના માત્ર જમણી બાજુના ભાગમાંથી પણ એક સારું ચિત્ર બની શક્યું હોત, પણ ડાબી બાજુનું ખોરડું ને બકરી વગેરેથી છબી ગ્રામજીવનનું પ્રતીક બની સંપૂર્ણતાનો ઓપ પામે છે. સંયોજનના પેલા એક નિયમ પ્રમાણે આમાં બકરી ડાબી બાજુથી જમણી તરફ જાય છે એ તો આકસ્મિક છે. બાકી આ આખી છબી દર્પણમાં દેખાય તેમ ડાબીજમણી અવળી બની હોત તો યે તેના આકર્ષણમાં કશો જ ફર્ક પડત નહિ. અરીસામાં અવળો દેખાતો આપણો ચહેરો આપણને સુંદર જ લાગે છે ને?

શ્રી કનેરિયાની બીજી છબીમાં પેટગુજારામાં શહેરમાં આવેલું એક કુટુંબ દર્શાવ્યું છે. છાયા સારુ ભીંતે બાંધેલું કંતાન, આછુંપાતળું પાથરણું, ચટણી વાટવાનો પાણો, એકાદ પ્યાલો, બેએક થાળી ને મંગાળા પર મૂકેલી હાંડલી ને બાકીનો થોડોઘણો લબાચો રાખવા માટે રાખેલું લાકડાનું ખોખું, એ આ ફૂટપાથને આશરે પડેલા કુટુંબની ઘરવખરી છે. ગાભા સાંધીને ગોદડી બનાવવાના પ્રયત્નમાં આ દારિદ્રમાંનો કુટુંબપ્રેમ ને તેની લાચારી પ્રકટ થાય છે. છબીમાં નીચે ડાબા ખૂણે સરકાર માન્ય ઊંચી ગુણવત્તાના સૂચક 'આઈ. એસ. આઈ.'ની સરકારી છાપવાળો કોથળો આવી હકીકત રૂપ દરિદ્રતાભરી સ્થિતિની વિડંબના ને સરકારી વચનો ને યોજનાઓની પોકળતા ખુલ્લી કરે છે. છબીમાં અગ્ર ભાગે ડાબી તરફનું તેનું સ્થાન ડાબેરી વલણના સૂચન સમું છે. છબી બીજા કોઈ સ્થાનેથી એ આટલો પ્રભાવ પાડી શકત નહિ. છબીનો વિષય અને તેની રજૂઆત આપણી સામાજિક સ્થિતિના કારુણ્યનો તાદૃશ ચિતાર આપે છે. આમ, માત્ર એક છબી બનવા ઉપરાંત પણ એનું અનેક રીતે મહત્ત્વ છે. છબીકારના કૌશલ ઉપરાંત એ સામાજિક કર્તવ્ય અંગેની સમજ અને સભાનતાની દ્યોતક બની છે. અહીં પણ માત્ર બાળકો યા માત્ર માતાની પણ સુંદર છબીઓ બની શકી હોત. પરંતુ છબીકારનો આશય એથી યે આગળ વધીને પોતે રજૂ કરેલાં પાત્રો કોણ છે, ક્યાં છે અને જેવાં દેખાય છે તે શા કારણે છે તે દર્શાવવાનો પણ છે, અને એ માટે એમણે પાત્રોની આસપાસની વિગતોને પણ જરૂરી સમજીને તેને છબીઓમાં આવરી લીધી છે ને એ રીતે પોતાનો હેતુ સિદ્ધ કરવામાં તેઓ સફળ રહ્યા છે.

શ્રી પ્રવીણ સેવકની છબી પણ એક સચોટ રજૂઆત કરે છે. ચોપાસની વસ્તુઓથી અલગ પાડીને એમણે મા-બાપ તથા સમાજથી વિખૂટા પડી ગએલા એકલવાયા બાળકની કરુણતા પ્રકટ કરી છે. એમાં છાયા-પ્રકાશનો ઉપયોગ માત્ર પ્રમાણભાર સાચવવા પૂરતો જ નથી. આપણા પ્રતિ ધરી રાખેલા એના ખાલી હાથનો એના કોમળ નિર્દોષ ચહેરા પર પડતો પડછાયો જાણે એના લલાટે લખાએલા કાળ અને નસીબના ક્રૂર લેખ સમો લાગે છે. છબીકળાનાં પ્રદર્શનોમાં લાંબા ટૂંકા પડછાયા દ્વારા ચિત્રાત્મક ને નાટ્યાત્મક રજૂઆતવાળી તો અનેક છબીઓ જોવા મળે છે, પણ પડછાયાનો આવો હૃદયસ્પર્શી સચોટ ઉપયોગ જવલ્લે જ જોવા મળે છે.



નસીબનો ઓળો - ફોટો : પ્રવીણ સેવક (આ અને આગળના બંને બ્લૉકો 'કૅમેરા પિક્ટોરીઆલિસ્ટ ઑવ બરોડા'ના સૌજન્યથી)

અહીં અને આ અંકના પૂઠા પર રજૂ થએલાં બાળકો કઈ જાતિનાં છે, ક્યાંનાં છે, વગેરેનું મહત્ત્વ નથી બધે જ એ હોય છે. ભારતનાં બધાં બાળકોનાં એ પ્રતિનિધિ ને પ્રતીક છે. જે રીતે છબીઓમાં એ રજૂ થયાં છે તેથી વિશેષ તેમાં કઈ ઉમેરવાની જરૂર નથી અને આથી જ છબીનાં સ્થળ અને કાળની મર્યાદામાંથી તેઓ મુક્ત રહ્યાં છે.

છબીકારોએ પોતે ખરેખર ઉપરોક્ત હેતુઓ વિષે વિચાર્યું હશે ખરું?—આવો પ્રશ્ન સહેજે જાગે. શક્ય છે કે છબીકારોએ આ રીતે જ તેનો વિચાર ન પણ કર્યો હોય. પરંતુ તેમની સંવેદનશીલતા, છબીકળાનો અનુભવ અને તેમાંથી ઊગેલી કોઠાસૂઝ ને ત્રીજી આખ જેવી દૃષ્ટિને કારણે જ આ છબીઓ શક્ય બની છે. આજની વિકસિત ટેક્નૉલૉજીને પરિણામે ઘણુંખરું અટપટું કામ આપોઆપ નિપટાવતા કૅમેરા તથા અન્ય ઉપકરણો પ્રાપ્ય હોવા છતાં બહુ ઓછી વ્યક્તિઓ સફળ છબીકાર બને છે તે પણ આ કારણે જ. □


શૈશવ દુનિયાની અર્ધા ઉપરાંતની વસ્તી બાળકોની છે. જો ચૌદ વર્ષથી નીચેની વયનાં દુનિયાભરનાં બાળકોને એકબીજાના ખભા ઉપર ઊભાં રાખવામાં આવે તો પૃથ્વીથી ચંદ્ર સુધીના સરાસરી અંતરથી સાડા ત્રણ ગણો લાંબો સ્તંભ રચાય. આ બાળકોને ભલે આપણે ભવિષ્યની આશા ગણતા હોઇએ, પણ એમના પ્રતિ હોવું જોઇએ એટલું લક્ષ આપવાની પરવા આપણામાં દેખાતી

નથી. અર્ધા ઉપરાંતનાં આ બાળકોને તો પૂરું પોષણ પણ મળતું નથી. એમને બધાંને પૂરતું ને યોગ્ય શિક્ષણ આપવાની કોઈ વ્યવસ્થા નથી. વીસ ટકા જેટલાં બાળકો નિરાશ્રિત છે. હજારો બાળકો ઘરમાં કે બહાર નાનામોટા અકસ્માતને કારણે મરે છે. પોતાના જીવનઘડતર માટે તેઓ કંઈ જ કરી શકતાં નથી. દુનિયાની આ મૂક બહુમતિ પ્રજાના સર્વાંગી વિકાસ પ્રતિ લક્ષ દોરવા અને એમના માનવ અધિકારો સ્થાપવા એ આ આંતરરાષ્ટ્રીય બાલવર્ષનું ધ્યેય છે.

વડોદરાના 'કૅમેરા પિક્ટોરીઆલિસ્ટ ઑવ બરોડા'એ આ દિશામાં પોતાના તરફથી એક નમ્ર પ્રયાસ રૂપે બાળકોના જીવનવિકાસના વિવિધ તબક્કાઓ તથા તેની સાથે સંકળાએલી ઘટનાઓ તથા લાક્ષણિક પળોની છબીઓનું એક પ્રદર્શન યોજ્યું હતું. એ પ્રદર્શનમાંથી ચૂંટેલી ૭૯ જેટલી છબીઓની 'શૈશવ' નામે એક પુસ્તિકા પ્રકટ કરીને પોતાના મૂળ ઉદ્દેશને વધુ ફેલાવો આપ્યો છે. આ સાથે બાળકોના સંદર્ભમાં ઉપયોગી અને વિચારણીય એવા પંદર જેટલા નાના લેખો પણ તેમાં સમાવેલા છે. 'કુમાર'ના કાયમી ગ્રાહકો માટે તેની લગભગ સોએક જેટલી નકલ પડતર કરતાં ય ઘણી ઓછી (૫/– રૂ.+ટપાલ ખર્ચ) કિંમતે પ્રાપ્ય છે. ઇચ્છુકોએ તે માટે પોતાના ગ્રાહક નંબર સાથે 'કૅમેરા પિક્ટોરીઆલિસ્ટ ઑવ બરોડા, C/o જી. એન. હકીમ ઍન્ડ સન્સ, રાવપુરા ટાવર સામે, વડોદરા – ૩૯૦ ૦૦૧' એ સરનામે લખવું. □

જગતનું શ્રેષ્ઠ કાર્ટૂન

થોડા સમય પહેલાં ગુજરાતમાં 'ઊડતી રકાબીઓ'એ દેખા દીધી હોવાનું છાપાંમાં આવ્યું હતું. તારાઓનાં તેજ કરતાં અનેકગણા તેજસ્વી અને રકાબીઓના આકારના એ આકાશી પદાર્થો અન્ય ગ્રહોના વાસીઓ તરફથી પૃથ્વીનો તાગ કાઢવા મોકલેલાં સાધનો હોવાની એક માન્યતા પ્રવર્તે છે, પરંતુ હજી સુધી કોઈ તેનું રહસ્ય ખોળી શક્યું નથી. આથી પશ્ચિમમાં તેને Unidentified Flying Objects—UFO—કહેવામાં આવે છે.




'યુફોઝ ઈન ૨૦૦૨ એડી.' હજી યે દુનિયાના એક અણઉકેલ્યા રહસ્ય તરીકે જાણીતી એ 'ઊડતી રકાબી'ઓ મોટા નામ—'અનઆઇડેન્ટીફાઈડ ફ્લાઇંગ ઑબ્જેક્ટ્સ' (યુફોઝ એનું ટૂંકું રૂપ છે)ના અર્થે વણી લઇને પ જર્મનીના ટ્યૂડ હૅગેડૉર્ને બનાવેલા આ કટાક્ષચિત્રને બર્લિનમાં યોજાએલા 'કાર્ટૂન ૭૭' નામના એક આંતરરાષ્ટ્રીય પ્રદર્શનમાં પ્રથમ ઈનામ મળ્યું છે પ્રદર્શન માટે આવેલા ૧૭૦૦ જેટલાં કટાક્ષચિત્રોમાંથી ચૂંટાઇને રજૂ થએલાં ૮૦૦ કાર્ટૂનોમાં સર્વશ્રેષ્ઠ ઠરેલી આ કૃતિમાં કલાકારે વસતિના વધવા સાથે મકાનોના જંગલથી ઢંકાઈ ગએલી પૃથ્વી પર ક્ષુલ્લક ગણાતાં પતંગિયાંને ઊડતાં જોવાં એ પણ અજાયબી બની રહે એવા ભાવિની કલ્પના કરી છે. એક સાથે અનેક બાબતો પરનો એમનો આ કટાક્ષ કેટલો સચોટ છે! (Scala)

શતરંજ: કૉમ્બિનેશન્સ

જ્યારે આપણે લગભગ ૧૦૦ વર્ષ પહેલાં રમાએલી રમતોમાંનાં કૉમ્બિનેશન્સ જોઈએ છીએ ત્યારે તે વખતના વિશ્વવિજેતા વિલ્હેમ સ્ટૈનિટ્ઝની યાદ આવી જાય તે સ્વાભાવિક છે. આ અંકમાં તેઓ વિશ્વવિજેતા થયા એ પહેલાંનું એક સુંદર કૉમ્બિનેશન જોઈએ. અને હવે પછીના અંકમાં વિશ્વવિજેતાપદ ગુમાવ્યા બાદ એમણે રચેલું એક અમર કૉમ્બિનેશન જોઈશું.

કાળા રાજાના કિલ્લાના રક્ષણ માટે બે ઘોડા અને એક ઊંટ છે તેથી કિલ્લો સલામત લાગે છે. પણ સફેદ મ્હોરાં રમનાર સ્ટૈનિટ્ઝ ખુલ્લી પંક્તિનો લાભ લઈને કઈ રીતે ઝડપથી જીતે છે તે આપણે જોઈએ.

Mongredien



Steinitz

1 N × RP, N × N; 2 R × N, K × R; 3 Q-R5ch, K–N1; 4, R–R1...

અહીં સફેદ 4 Q × N રમે તો કાળો વજીર પણ કિલ્લાની સલામતી માટે આવી પહોંચે અને સફેદનો હુમલો ધીમો પડી જાય, તેથી 5 Q-R+થી મ્હાતની ધમકી આપતી આ ચાલ જ વધુ સારી છે.

4..., R-K1; 5 Q × N.

ઘોડાને આ ચાલે મારવાથી 6 Q × BP Mateની ધમકી ઊભી થાય છે અને તેથી હુમલો ધીરો પડવાને બદલે વેગીલો બને છે.

5..., Q–B3; 6 B × Pch, Q × B, 7 R-R8ch, K × R.

KN2 પરનો કાળો ઊંટ અણજોઠ છે માટે રાજાથી હાથી મારવો પડે છે પરિણામે વજીર રક્ષણહીન થઈ જાય છે.

8 Q × Q અને સફેદ જીતે છે.

સુરેશ મોદી

પચ્ચીસ વર્ષ પહેલાં

જુલાઈ ૧૯૫૪ · સળંગઅંક ૩૬૭

ત્યારે આવતા શ્રી પ્રબોધ જોષીના હાસ્યલેખો પૈકી આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં આવેલો લેખ: 'ચેતતો નર સદા...?'

આપણામાં એક કહેવત છે કે......માફ કરજો, હું જે કહેવત કહેવા માગું છું તે આપણા કહેવતોના સંગ્રહમાં તમને ખૂણેખાંચરે પણ નહિ મળે. એમાં તો એ ઉમેરવી પડશે: કે 'જો દુનિયામાં ઓળખાણ જેવી વસ્તુ ન હોત તો દરેકનું પોતાના પગારમાં જ પૂરું થઈ શકત.' તમે મિત્રની વ્યાખ્યા તો જાણતા જ હશો. 'જેની પાસે તમે ઉધાર માગી શકો તે મિત્ર.' એ પ્રમાણે પાડોશી એટલે 'તમારા કરતાં તમારા વિષે વધુ જાણનાર અને તમારા કરતાં તમારી વસ્તુ વિશેષ વાપરનાર વ્યક્તિ.'

દુનિયા આખીની જાત કઈ એમ પૂછો તો ક્રિશ્ચિયન, હિંદુ, મુસલમાન એ જાતોના શીર્ષક નીચે જેટલી સંખ્યા આવે તેથી વિશેષ સંખ્યા એક જ કોમના શીર્ષક નીચે આવે તેમ છે, ને તે છે 'માગણ' કોમ. આખું વિશ્વ માગણિયું છે. કોઈ આ માગે છે તો કોઈ તે માગે છે. નહિ માગનારા તો અત્યંત જૂજ છે. ને માગતી વખતે જે પાછું આપવાની ખાતરી આપવામાં આવે છે તે આપનારા તો સૌથી ઓછા છે. 'તમે મને પૈસા આપો, હું તે પાછા આપીશ' એમ કહેનારા પાછા તો આપે છે, પણ વાયદા અને બહાનાં, પૈસા નહિ.

આટલું બધું જે માણસ જાણે છે તે કેટલો સાવચેત રહે તે કહેવાની હું જરૂર જોતો નથી. મારી પાસે કોઈ પૈસા માગવા આવે છે તો તે મુલાકાતને અંતે મને જ થોડા આપીને જાય છે મારી પાસે કંઈ પણ માગનાર હમેશાં મૂંડાય છે, કારણ કે હું ચેતેલો છું.

અને હું સાવચેત ના રહું તો ચાલે કેમ? અમારે ત્યાં દરરોજ આઠ દૈનિકો, દર અઠવાડિયે સાત સાપ્તાહિક અને દર મહિને પાંચ માસિકો આવે છે. તે જો પાડોશીઓથી ન સાચવું તો તેઓ પસ્તીમાં કમાઈ કમાઈને મહિનાનું રૂમનું ભાડું કાઢી લે તેવા છે.

તમને હવે સમજાયું હશે કે મારી પાસેથી કોઈ પણ વસ્તુ લેવી કેટલી મુસ્કેલ છે! આનું કારણ એ છે કે હું સંપૂર્ણપણે ચેતેલો રહું છું. મને યાદ નથી કે મારી પાસેથી કોઈ પણ વસ્તુ લઈ જવામાં કોઈ સફળ થયું હોય.

મેં શું કહ્યું? જરા છેલ્લું વાક્ય ફરીથી વાંચો તો! ઓહ, નો. મને માફ કરજો. એક વાત મને હમણાં જ સાંભરી જે રજૂ કરવામાં એક આનંદ છે, અને તે હું જતો કરવા તૈયાર નથી.

રવિવારનો દિવસ હતો. બપોરે જમીને હું બેઠો હતો. કંઈક બહાર જવાનો વિચાર કરતો હતો, ત્યાં પડોશમાં નવા રહેવા આવેલા અમદાવાદી શ્રીમાન જયંતીલાલ આવ્યા.

એને હું સારીરીતે ઓળખું છું. કંઈક તો એ માગવાનો જ; ને એને ના પાડવા માટે તમારી પાસે મજબૂતમાં મજબૂત કારણ જોઈએ.

એ આવ્યો અને મારા મનમાં સંજ્ઞા થઈ, સાયરન વાગી અને બુદ્ધિના બધા જ તંતુઓ ચેતી ગયા અને કામે લાગી ગયા.

તેણે આવતાં જ કહ્યું: 'કેમ છો?'

'મઝામાં.' 'આવું કે?' 'આવો આવો.'

'હું તો, તમે જાણો છો કે, કામ પૂરતી જ વાત કરનારો માણસ છું.' 'હં! હા, હા.'

'મને લાંબી લપ્પનછપ્પન કે આડીઅવળી વાત પસંદ નથી.' એ આમ કહીને મન આડી વાત ઉપર જ દોરી જતો હતો એ સમજતાં મને વાર ન લાગી. હું વધારે સચેત થયો.

એણે કહ્યું: 'તમારે ત્યાં રેડિયોગ્રામ છે.' હું અસ્તવ્યસ્ત થઈ ગયો. તેમણે કહ્યું, 'તમને કંઈ થયું છે? તબિયત સારી નથી લાગતી. હું તો એમ કહેતો હતો કે તમારે ત્યાં રેડિયોગ્રામ છે એટલે રેકર્ડો તો હશે જ.'

હં. હવે બેટમજીની ચાલ સમજાઈ ગઈ. એને રેકર્ડની ના પડાય નહિ ને તે આપી તો તે પાછી આપે જ નહિ. હું સંપૂર્ણ તૈયાર થઈ ગયો. તેણે કહ્યું: 'આજે તો રવિવાર છે, કેમ?'

મેં ખૂબ વિચાર કરી કહ્યું 'હા.'

તેણે કહ્યું: 'એટલે તમે તો બહાર ઊપડવાના.' મેં જવાબ માટે તૈયાર કરેલા વાક્યને ગાળીગાળીને જે શેષ સંચય રહ્યો તે કહ્યો: 'ના'.

તેમણે કહ્યું: 'રવિવારે બહાર નહિ જાઓ?'

શું માણસ હતો! મને મૂર્ખ સમજતો હતો. હું બહાર જવાનું કહું એટલે તે દરમિયાન વગાડવા રેકર્ડ માગે. મેં કહ્યું: 'ના, રવિવાર છે તેથી શું? બહાર નથી જવું.'

'અત્યારે તો ન જાઓ કારણ કે તાપ છે; પણ પછી ચારેક વાગ્યે......'

હું ક્યાં કાચો હતો? તમે તો મને ઓળખો છો! હેં? કેટલી ગોળીનાં મેં પાણી પીધાં છે! શું સમજતા હશે આ એના મનમાં? મેં ચોખવટ કરતાં કહ્યું: 'જુઓને જયંતીભાઈ, અત્યારે એક તો વાગ્યો. હું રાતના આઠ-સાડા આઠ સુધી ઘરમાં જ છું.'

થયું! ભેદ ખૂલ્યો ને? ન સમજ્યા? તો સાંભળો એનું બીજું વાક્ય: 'તે શું તમે એકથી આઠ સુધી રેકર્ડ જ વગાડશો?' કેમ સાહેબ! છું ને હું હોશિયાર?

મેં કહ્યું 'હા; રેકર્ડનો મને ખૂબ શૉખ છે.'

તેણે કહ્યું 'એકથી આઠ સુધીમાં તો કંટાળી જશો.'

'ના રે, મને શૉખ છે. એકેએક રેકર્ડ વગાડીશ. સંગીત એ મારી પૂંજી છે...' પછી મેં જે સોલીલોક્વી આપી તેમાં તેને જ રસ નહોતો પડ્યો તો તમને રસ ના જ પડે માટે હું અહીં નથી કહેતો.

હું તો, એં, દરેક વાત તરત સમજી જાઉં. એ માણસ બહાર જવાની વાત પહેલાં પછી મારી ફિલ્મ ઉતારવા માગતો હતો! એણે કહ્યું, 'તમે ચોક્કસ એકથી આઠ સુધી ઘરમાં છો?' 'હા'.

'તમે ચોક્કસ એકથી આઠ રેકર્ડ જ વગાડ્યા કરવાના?' 'હા, હા.'

'તમે ચોક્કસ એકથી આઠ લગી વગાડતાં વચ્ચે નહિ કંટાળો?' 'ના, ના, ના!'

'તમે ચોક્કસ ભૂલેચૂકે પણ બહાર જવા નથી માગતા?' 'ના, ના, ના ને ના!'

'ઓહ!' એનું મોં આશ્ચર્યચિહ્નના પ્રતીકાત્મક પોર્ટ્રેઈટ જેવું થઈ ગયું. હું સમજી તો ગયો જ હતો કે એ બાળક રેકર્ડ માટે આવ્યો હતો.

મેં છેલ્લો ફેંસલો સંભળાવી દીધો: 'જુઓ જયંતીભાઈ, હું એકથી આઠ વાગ્યા સુધી ઘરમાં જ છું અને ગમે તેવા સંજોગોમાં રેકર્ડ વગાડવા સિવાય બીજું કંઈ જ કરવાનો નથી!'

આ સાંભળીને જયંતીલાલે ધીમે રહીને મને કહ્યું: 'તો તો તમને વાંધો નહિ જ હોય,'

'શાનો?'


'વાત એમ છે, કે મારે તમારી સાઈકલ જોઈતી હતી. મને એમ કે તમે બહાર જવાના હો તો ન મંગાય. પણ તમે એકથી આઠ ઘરમાં જ છો એટલે હવે લઈ જઈશ સારું થયું, તમે રેકર્ડ વગાડવાના છો તે. આમ મારે જોઈતી તો હતી સાડા સાત લગી; પણ હતું એમ, કે પાંચ વાગ્યે તો તમે બહાર જશો જ. પણ હવે તો ચિંતા નથી. હું તમારી સાઈકલ લઈ જાઉં છું. આઠ વાગ્યે આપી જઈશ. થૅંક્યું!'

ત્યારે મારું મોં ક્યા ચિહ્નના પ્રતીકાત્મક પોર્ટ્રેઈટ જેવું બન્યું હતું તે કહેવાની જરૂર નથી. પણ 'ચેતતો નર સદા...' પછી 'સુખી' કે 'દુખી' તેના ઉપર આપણે એક કૉન્ફરન્સ ભરી વિચારણા કરવાની જરૂર નથી? (હં! એટલે તું વાચકો પાસે એક કૉન્ફરન્સ માગે છે, કેમ? —તંત્રી)

શું, તંત્રી સાહેબ પોતે આમ કહીને મારી પાસે જવાબ નથી માગતા?

ભારતનાં વાદ્યો–૭
સરોદ ને સ્વરમંડળ

તત્‌વાદ્યોમાં સરોદ તેના સ્વરની મધુરતાને કારણે બહુ ખ્યાત અને લોકપ્રિય વાદ્ય છે.




'સરાબત' ને 'શારદીવીણા' એવાં એનાં અન્ય નામો પણ છે. સરાબત એ સ્વરાવર્ત નામ પરથી આવ્યું હોવાનું મનાય છે.

ચામડાથી મઢેલા મંડાણ સહિત સાડા ત્રણ-થી ચાર ફૂટ લાંબું સરોદ પિત્તળ કે ચાંદીના પતરાથી મઢેલા પોલા દંડ સાથેના તેના વિશિષ્ટ આકારને કારણે બહુ પ્રભાવક દેખાય છે. સરોદ-નું વાદન સિદ્ધ કરવું જરા મુશ્કેલ છે, પણ આલાપ, જોડ, ઝાલા ને મીંડ સિદ્ધ કર્યા પછી તેની પાછળનો શ્રમ ઊગી નીકળે છે. મંદ્ર સપ્તક-માં તેનો ધીરગંભીર નાદ અતિ મુગ્ધકર લાગે છે.

પ્રાચીન ભારતીય શિલ્પોમાં ગિટાર જેવું જે વાદ્ય જોવા મળે છે એ સંભવતઃ સરોદનું જ પૂર્વરૂપ હોવાની કલ્પના છે. મનાય છે કે એકાદ સદી પૂર્વે ખાંસાહેબ અસદુલ્લાખાને બંગાળ-માં તેને અત્યંત લોકપ્રિય બનાવ્યું હતું.

સરોદ સ્વતંત્ર વાદન માટેનું વાદ્ય છે, પણ અન્ય વાદ્ય સાથેની એની જુગલબંધી પણ શ્રોતાઓ માટે મુગ્ધકર બની રહે છે.

આવું જ મધુર બીજું વાદ્ય 'સ્વરમંડલ' કે 'સૂરમંડલ' છે. આદિ વાદ્યોમાંનું એ એક ગણાય છે. પ્રદેશભેદે એના આકારમાં સહેજ ફર્ક જોવા મળે છે. પણ મુખ્યત્વે તેની રચના એક ચોરસ યા ત્રિકોણાકાર પાટિયા પર ચાર-પાંચ સપ્તકના સ્વરોના તારને પાટિયાથી અધ્ધર બાંધીને કરેલી હોય છે. બહુ જ હળવા સ્પર્શથી પણ આ તાર રણકી ઊઠે છે ને સિદ્ધહસ્તના હાથે વાગે ત્યારે તેનો ઝણકાર અદ્ભુત સૂરા-વલીઓ પ્રકટાવે છે. કેટલાક વાદ્યકારો આંગળી-ના બદલે નાજુક દાંડીઓથી પણ તે વગાડે છે.





મધુકરી

આજ આષાઢની માઝમ રાત ને મેઘછાયો અંધકાર,
ઊડી ભરી જાણે અંતરવેદના નેવલાં રુવે ચોધાર;
ઘરની પાછળ કૉળેલ લીમડી જાણે થઈ રહી ઠાલી,
આસોપાવલનાં નીલમ પર્ણની પાંપણ તે ય ન ખાલી.

('ધ્વનિ'માંથી) —રાજેન્દ્ર શાહ

માનવતાવાદના હામી સ્વ. ચન્દ્રકાંત દરૂ

રાષ્ટ્રીય કૉંગ્રેસમાંથી છૂટા પડીને માનવમૂલ્યો માટે ઝુંબેશ ચલાવનાર ક્રાંતિકારી માનવે-ન્દ્ર નાથ (એમ. એન.) રૉયે ડેમોક્રેટિક પક્ષ રચેલો, પરંતુ પક્ષીય અને સત્તાના રાજકારણથી લોકજાગૃતિનું કાર્ય કે સાચી લોકશાહી અશક્ય જણાતાં એ પક્ષને એમણે વિખેરી નાખ્યો ને રૅડિકલ હ્યુમૅનિસ્ટ પ્રવૃત્તિ દ્વારા લોકજાગૃતિ ફેલાવીને લોકસમિતિઓ રચી સંગઠિત લોકશાહીની નીતિ સમજાવી હતી. એમની એ નીતિથી પ્રભાવિત થઇને ગુજરાતમાં એ માર્ગે તમામ પ્ર-વૃત્તિઓમાં સક્રિય સાથ આપનાર તરીકે શ્રી ચંદ્રકાંત દરૂનું નામ અગ્રસ્થાને રહ્યું છે. અમદા-વાદના એ એક અગ્રગણ્ય ધારાશાસ્ત્રી, વિચારક અને વ્યક્તિસ્વાતંત્ર્યના આગ્રહી હતા. ગયા મે માસની ૧૫મી તારીખે એમનું અવસાન થતાં ગુજરાતના માનવવાદી બૌદ્ધિકોની એક ઉમદા પ્રેરણામૂર્તિની ખોટ પડી છે.

વડોદરા જિલ્લામાં છોટાઉદેપુરમાં પ્રાથમિક શિક્ષણ પૂરું કરીને તેઓ વડોદરાની કૉલેજ-માંથી વિજ્ઞાનના સ્નાતક થએલા. પછી તુરત નોકરી નહિ મળતાં અમદાવાદ આવી એક હાઈસ્કૂલમાં વિજ્ઞાનના શિક્ષક તરીકે જોડાઇને એમણે પોતાની કારકિર્દીનો આરંભ કરેલો અને દરમિયાન કાયદાનો અભ્યાસ કરીને તેઓ એલએલ. બી. પણ થએલા. સાથોસાથ તેઓ મજૂર મંડળોનું પણ કામ કરતા અને એ નિમિત્તે કોર્ટના કામકાજનો પણ સારો અનુભવ મેળવેલો.

ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારે તેમણે હાઇકોર્ટમાં વકાલત આરંભી. વર્ષોથી તેઓ કામદારોના એક શક્તિશાળી ધારાશાસ્ત્રી તરીકે તો જાણીતા હતા જ. એવામાં અંગ્રેજી ભાષા વિરુદ્ધ શરૂ થએલા ઝનૂની વિરોધથી ગુજરાત યુનિવર્સિટીમાંથી અંગ્રેજી માધ્યમ હટાવાયું ત્યારે એમણે એ સામેના કેસમાં સફળ લડત આપી અને એનાથી તેઓ બંધારણીય કાયદાના નિ-ષ્ણાત તરીકે ખ્યાતિ પામ્યા.



રૉયની ડીકૉલોનાઇઝેશન–વિસ્થાનીકરણના સિદ્ધાંતથી પ્રભાવિત એમણે બીજા વિશ્વયુદ્ધને સરમુખત્યારી સામે લોકશાહીની લડત ગણીને તેને ટેકો આપેલો ત્યારે એમના એ વલણને ઘણાએ દેશદ્રોહી ગણેલું, પરંતુ તેઓ પોતાના માનવવાદી સિદ્ધાંતમાંથી ચ્યુત થયા નહોતા. ગુજરાતમાંથી તેઓ જ આ ખયાલના અગ્રણી હિમાયતી હતા અને એ માટે એમણે 'સ્વતંત્ર ભારત' નામનું એક દૈનિક પણ શરૂ કરેલું. દેશ-ની આઝાદીના આશક હોવા છતાં હિટલરના ફાસિઝમ સામેના યુદ્ધમાં એમણે બધડક પો-તાનો ટેકો જાહેર કર્યો હતો. લોકશાહી બંધા-રણનો પાયો જ વ્યક્તિસ્વાતંત્ર્ય પર રચાયો હોઈ એ પાયાનાં માનવવાદી મૂલ્યો માટે તેઓ-એ પોતાની બધી શક્તિ કામે લગાડી હતી. દાણચોરીની અટકાયતના કાનૂન વિરુદ્ધ તેઓ

સફળતાથી લડેલા, કોઈ પણ વ્યક્તિને તટસ્થ ન્યાયાધીશ સમક્ષ પોતાના બચાવની તક આપ્યા વિના અને તેમના ચુકાદા વિના અટકાયતમાં રાખી શકાય જ નહિ એ એમનો સ્પષ્ટ ખયાલ હતો. અને દાણચોરોની અટકાયતનો એ કાયદો ક્યારેક ગમે તે નાગરિક સામે પણ વપરાવાની શક્યતા સામે એમણે એ વખતે ચેતવણી પણ ઉચ્ચારેલી, જે 'કટોકટી'ના કાળમાં ખરી પડી હતી. દારૂબંધીના અમર્યાદિત કાયદાને પણ તેઓ વ્યક્તિ-સ્વાતંત્ર્ય પરની તરાપ સમજતા. વ્યક્તિએ પોતે શું ખાવું-પીવું, વાચવું-લખવું વગેરેનો નિર્ણય પણ સરકાર કરવાની હોય તો એ સરમુખત્યારીને નોતરવા બરાબર જ છે અને તેનું પરિણામ ગુલામીમાં જ પરિણમે એવો એમનો ખયાલ હતો.

કટોકટીના સમયમાં છાપાંઓ પર લદાએલી પ્રી-સેન્સરશિપ સામે ક્યાં કેવું બંધારણીય રક્ષણ મેળવી શકાય તેમ છે તેની વિગતો જાહેર કરી એમણે તંત્રીઓને નીડરતાપૂર્વક લખવા અપીલ કરેલી, અને એમાંથી બળ મેળવી ગુજરાતમાંથી 'સાધના' ને 'ભૂમિપુત્ર' શાસન સામે રણે ચડયાં ત્યારે એમને આપખુદ સરકાર સામે રક્ષણ અપાવવા તેઓ સફળતાપૂર્વક ઝૂઝેલા. પત્રકારત્વના ક્ષેત્રમાં આ એક અનોખું પ્રકરણ હતું.

અખિલ ભારત નાગરિક-સ્વાતંત્ર્ય પરિષદ, બંધારણ બચાવો પરિષદ, રૅડિકલ હ્યુમૅનિસ્ટ પરિષદ વગેરેનાં આયોજન પાછળ એમનો જ મુખ્ય હાથ હતો. માનવ અધિકારોના પક્ષમાં અમદાવાદમાં એમણે યોજેલી પરિષદમાં સર્વશ્રી ચાગલા, તારકુંડે, મોહન ધારિયા વગેરેએ હિંમતપૂર્વક ભાગ લીધેલો. એ બેઠકે ગૂંગળાઈ રહેલી સ્વતંત્રતાની ભાવનામાં નવો પ્રાણ પૂર્યો હતો. એ વખતના શ્રી ચાગલાના ઐતિહાસિક પ્રવચન સહિત એમણે ત્રણ અંગ્રેજી પુસ્તકો છપાવ્યાં હતાં, જેનાથી દેશભરમાં નવજાગૃતિની તાજગી પ્રસરી હતી. જનતંત્ર સમાજ તરફથી સંઘર્ષના સમાચારોનું એક બુલેટિન બહાર પાડી તેનું સંપાદન એમણે સંભાળવાનું નક્કી થયા પછી એમની ધરપકડનાં વાદળો ઘેરાવા લાગ્યાં, અને આમ કટોકટી શાસન માટે તેઓ એક પડકાર રૂપ બની રહેતાં ૧૯૭૬ના જૂનની ૨૪મીની મધરાતે ધરપકડ કરી એમને જામનગરની જેલમાં લઈ જવાયા. કશી જ સગવડ વિનાની એ ભેંકાર જેલમાં એમના સ્વાસ્થ્ય પર માઠી અસર પડી. ત્યાંથી એમને ભાવનગર લઈ જવામાં આવ્યા.

જેલમાં એમણે લેખન વડે સંઘર્ષ આરંભ્યો. 'સાધના' સાપ્તાહિકમાં એમાંનું કેટલુંક છપાયું અને એક પુસ્તક બન્યું. 'સામ્યવાદથી નવમાનવતાવાદ' નામક એક વ્યાખ્યાનમાળા પણ થઈ જેમાં એમણે એમ. એન. રૉયના વિચારો અને સાંપ્રત વિચારધારાઓ વિષેનું ચિંતન વ્યક્ત કર્યું. લોકશાહી મૂલ્યો અને માવજત વિષે પણ એક અભ્યાસલેખ લખ્યો. આ ઉપરાંત જેલમાં વાચન, સહકેદીઓ સાથે સમૂહ ચર્ચાઓ તથા તહેવારોની ઉજવણી વગેરે પણ ચાલતું.

પણ આ બધાની પાછળ દેશવ્યાપી ગૂંગળામણનો બોજ પણ એમને સતત સતાવતો હતો. અને એની અસર એમના સ્વાસ્થ્ય પર પણ પડી જ. વર્ષોથી છૂટી ગએલી સિગારેટની ટેવ ફરી ચાલુ થઈ ને બ્લડ-પ્રેશરને કારણે હૉસ્પિટલમાં દાખલ કરવા પડયા. પરંતુ અમદાવાદમાં પોતાના શયનખંડમાં એરકંડિશનર બગડી જાય ત્યારે શહેરની વિખ્યાત કામા હોટેલમાં સૂવા ચાલ્યા જવાની ટેવવાળા એ સુંવાળા આદમીએ જેલની બધી અગવડો સ્વાભાવિકતાપૂર્વક સહી લીધી હતી. અંતે ૧૯૭૭ના જાન્યુઆરીમાં તેઓ છૂટયા ત્યારે શરીર સ્વસ્થ તો નહોતું જ, છતાં લોકશાહી અને સરમુખત્યારશાહીના ચૂંટણીજંગમાં, પોતે કોઈ રાજકીય પક્ષમાં ન હોવા છતાં એમણે તાનાશાહી વિરુદ્ધના પ્રચારમાં ઝુકાવ્યું અને એ માટે ભારે શ્રમ વેઠયો. ચૂંટણીમાં લોકશાહીની જીત થઈ. પણ પછી યે માનવમૂલ્યોની ઝુંબેશ જારી રાખવાના તેઓ આગ્રહી હતા. જેલવાસ દરમિયાન આ વિચારને આકાર મળ્યો હતો અને એમાંથી સ્થપાએલી 'મિસા બિરાદરી'ના તેઓ છેવટ સુધી પ્રમુખ હતા.

સામાજિક જાગૃતિનો એમનો અભિગમ પણ વિસ્તૃત હતો. હાલની વહોરાઓમાં ચાલતા ધાર્મિક અત્યાચારોની તપાસ માટેના પંચમાં યે તેમણે પોતાની તબિયતની પરવા કર્યા વિના ભાગ લીધેલો.

ગયા માર્ચમાં એમની પીઠમાં દુખાવો ઊપડયો. છાતીમાં કૅન્સર હોવાનું નિદાન થયું. મુંબાઈ જઈ વધુ તપાસ કરાવી અને અંતે અમેરિકામાં લૉસ ઍન્જેલિસમાં પરીક્ષણ ને ઉપચાર માટે ગયા. ત્યાં એમને ન્યૂમોનિયા થયો અને છેલ્લા પાંચેક દિવસ બેભાન રહી ૧૫મી મેના રોજ એમણે આંખ મીચી દીધી.

વ્યક્તિગત જીવનમાં તેઓ હસમુખા, વિવેકી અને આશાવાદી હતા. ગંભીર અને જટિલ એવા કેસોના કામ ઉપરાંત જાહેર પ્રવૃત્તિઓની પણ પણ અનેક જવાબદારીઓ ઉઠાવવા છતાં એનો બોજ તેમના પર વરતાતો નહિ. તેઓ ભાગ્યે જ ગુસ્સે થતા. મુશ્કેલીમાં શાંત રહીને ઠંડી રીતે ગણતરી કરી તેનો ઉકેલ કાઢતા. ધારાશાસ્ત્રી તરીકે ધંધાકીય નૈતિકતા જાળવવાની બહુ ચીવટ રાખતા. કેસની રજૂઆતમાં એમના વિચારોની સ્પષ્ટતા ને સરળ ભાષા ધ્યાન ખેંચતી. કામદારોના કેસો તેઓ નિઃસ્વાર્થ ભાવે અને લગભગ માનદ રીતે ચલાવતા, ને જ્યાં વાજબી દરખાસ્તો હોય ત્યાં સમાધાન માટે પણ તૈયાર રહેતા.

વ્યવહારમાં આભિજાત્ય, જાહેર જીવનમાં પરિશુદ્ધ માનવતાવાદ, લોકશાહી પ્રત્યે બાંધછોડ વિનાનું સમર્પણ, કારકિર્દીમાં પુરુષાર્થ, અપક્ષ વિધાયક વલણ અને સ્પષ્ટ ચિંતન એ એમના વ્યક્તિત્વનાં આગવાં લક્ષણો હતાં. ભારતીય જનતાનો ઉદ્ધાર કેળવણી દ્વારા જ થઈ શકે તેમ તેઓ માનતા અને એથી કેળવણીકારો પ્રત્યે તેમને માન હતું. એમનાં બૌદ્ધિક વર્તુળોમાં કેળવણીકારો પણ હતા. સાહિત્ય, ચિત્રકળા અને ભારતીય તથા પશ્ચિમી સંગીતમાં પણ એમને રસ હતો. એમણે ક્યારેય દંભ સેવ્યો નહિ, તકવાદીપણાને ઉપાસ્યું નહિ, વિચારોનું સાતત્ય ખોયું નહિ. માનવમૂલ્યો માટે સદા ધબકતી એમની સક્રિય પ્રીતિ એમના વ્યક્તિત્વને ગુજરાત જ નહિ, દેશભરના સંદર્ભમાં અનેરો ઉઠાવ આપે છે.

'મિસા બિરાદરી'ના એમના સાથીઓ એમની સ્મૃતિમાં લોકશાહી, લોકકેળવણી અને વિચાર-સ્વાતંત્ર્યના મુદ્દા પર લખાણ આપનાર તંત્રી, પત્રકાર વગેરેને, યા લોકશાહી મૂલ્યોને મુખરિત કરે એવો ચુકાદો આપનાર ન્યાયાધીશને યા આવા મુદ્દાઓ પર કાનૂની લડાઈ આપનારા ધારાશાસ્ત્રીને દર વર્ષે યા બે વર્ષે પ્રાદેશિક યા દેશવ્યાપી વિસ્તારને આવરીને એક મૂલ્યવાન 'સ્વાતંત્ર્ય ઍવૉર્ડ' આપવા વિચારી રહ્યા છે. હજી તો આ વિચાર પ્રાથમિક તબક્કામાં છે, પરંતુ એને બળ આપવામાં 'દરૂ સાહેબ'-ને યોગ્ય એવી અંજલિ આપવા સાથે લોકશાહી, વિચારસ્વાતંત્ર્ય, સ્વતંત્ર ને નિષ્પક્ષ ન્યાય વગેરેનાં મૂલ્યો માટેના સંઘર્ષને પર્યાપ્ત પ્રમાણમાં પ્રકાશિત કરી શકાશે. (સંકલિત)

હૃદયરોગમાં આટલું કરો

રોગના દરદી તરીકે તમને જાહેર કરવામાં આવ્યા હોય કે હૃદય પહોળું પડી ગયું હોય તેવી કોઈ પણ હૃદયરોગના દરદની સ્થિતિમાં નીચેનો ઉકાળો તમને અનેક રીતે ફાયદો કરશે.

તજ તોલો ૧, એલચી તોલો ૧, સૂંઠ તોલા ૩, ગુલાબનાં ફૂલ તોલા ૩, અર્જુન છાલ તોલો ૧ – આ બધાંને ખોખરાં કરી એ મિશ્રણમાંથી ૦ા તોલો સવાર-સાંજ દૂધમાં ઉકાળીને પીઓ. આથી હૃદયની માંસપેશીઓનું સંકોચન થશે, રક્તમાંની અમ્લતા ઓછી થશે, હૃદયની સ્થિતિસ્થાપકતા વધશે અને હૃદય નિયમિત વ્યવસ્થિત બનશે. પચાસ વર્ષની ઉંમર પછી આવા કોઈ ભયમાંથી બચવા માટે પણ અવારનવાર આ ઉકાળો લેવાની ભલામણ છે. હૃદયનો થાક ઓછો થશે અને એક પ્રકારની માનસિક પ્રસન્નતા લાગશે. (નિરામય)

ગુજરાતમાં નૃત્યની સાધના

'નાનાયુક્તિ મનોહરા કિલ નટી લાસ્યોત્તમા ગુર્જરી'...પૌરાણિક કથાનુસાર દ્વારિકાના રાજા શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધે કામરૂપ આસામમાં આવેલ શોણિતપુર (તેજપુર)ના રાજા બાણાસુરની કન્યા ઉષાનું હરણ કરી તેની સાથે લગ્ન કર્યું હતું. ઉષા પાર્વતી પાસેથી લાસ્યનર્તન શીખી હતી: 'પાર્વતી ત્વનુશાસ્તિ સ્મ લાસ્યં બાણાત્મજામુષામ્'(સંગીત રત્નાકર અધ્યાય ૭) તેણે દ્વારિકામાં આવી તે નર્તન ત્યાંની ગોપકન્યાઓને શીખવ્યું હતું અને ત્યાંથી તે અન્ય પ્રદેશોમાં વિસ્તાર ને વિકાસ પામ્યું હતું એમ નાટ્યશાસ્ત્રના પ્રણેતા ભરતમુનિથી માંડી સંગીતરત્નાકરના કર્તા સારંગદેવ પછીના લોકો પણ કહે છે. મહાભારતના કાળથી તે છેક સોળમી સદીના શ્રીકંઠ કવિના સમય લગી સૌરાષ્ટ્ર લાસ્યનર્તન માટે વિખ્યાત હતું એવું અનુમાન કરી શકાય. ગુજરાતમાં નૃત્યની સાધના કેવી ઉચ્ચ પ્રકારની હશે તેનો નિર્દેશ આ ઉપરથી મળી રહે છે.

અન્ય પ્રદેશોની જેમ ગુજરાતની શાસ્ત્રીય નૃત્યપરંપરા કઈ હશે તે વિષે મહત્ત્વનું સંશોધન હજી હાથ ધરવું બાકી છે. પરંતુ આ સદીના બીજા ત્રીજા દાયકાથી નૃત્યો સમાજમાં ગૌરવભેર સ્થિર થયાં અને આજે તો શાસ્ત્રીય નૃત્યો આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રાચીન સંસ્કૃતિની ગૌરવગાથા ફેલાવી ચૂક્યાં છે. મણિપુરીમાં ઝવેરીબહેનો, કુ. સવિતાબહેન તથા નિર્મળાબહેન, ભરતનાટ્યમમાં ચંદ્રલેખા, સ્વ. શ્રીમતી અંજલિ મેઢ, સોનલ માનસિંઘ (પકવાસા), કથકલીમાં કનક રેળે, કુચીપુડીમાં મલ્લિકા સારાભાઈ, સ્મિતા શાસ્ત્રી, ઓડીસ્સીમાં સોનલ માનસિંઘ, મૈનકા ઠક્કર, કથકમાં સુનયના હઝારીલાલ વગેરે કળાકારોએ જીવનભરની નૃત્ય સાધનાથી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. જ્યારે કેરળનાં મૃણાલિની સારાભાઈએ અને મહારાષ્ટ્રમાંથી કુમુદિની લાખીઆએ ગુજરાતમાં કુલવધૂ રૂપે આવી ત્રણ દાયકાથી ગુજરાતને કર્મભૂમિ બનાવી અનુક્રમે ભરતનાટ્યમ્ અને કથકનો પાયો દૃઢ રીતે નાખ્યો છે. આપણાં નૃત્યોનો અધિકૃત ઇતિહાસ જ્યારે લખાશે ત્યારે પૂર્વસૂરિઓમાં નટરાજ વંશી–પ્રવીણા, યોગેન્દ્ર દેસાઈ, યોગેન્દ્ર પ્રિયદર્શી વગેરે કળાકારોની સેવાઓનું ખરું મૂલ્ય અંકાશે. આજે ગુજરાતનાં મુખ્ય શહેરોમાં તેમ જ સારાએ ભારતવર્ષમાં ગુર્જર કન્યાઓના પાય અને પાયલ મુખરિત થઈ ઊઠયાં છે! ને આપણા સાંસ્કૃતિક સામાજિક સમારંભો, ઉત્સવોમાં નૃત્યને ઉચિત સ્થાન મળી ચૂક્યું છે.

('સુધા'–નૃત્યવિશેષાંક) —ડૉ. સુનીલ કોઠારી

આદુ

આદુનો રસ તીખો છે, પણ એ પચે ત્યારે તેનો રસ મધુર થાય છે. તે કફ અને વાયુનો નાશ કરે છે. અપચાને લીધે આંતરડામાં કાચો આમ–ચીકણો પદાર્થ પેદા થાય છે. તેથી વાયુ પેદા થઈ આમવાત થાય છે. આને આદુનો રસ મટાડે છે. જમતી વખતે પહેલાં અર્ધો તોલો આદુનું કચુંબર લીંબુ નીચોવી ખાવાથી ખોરાક સારી રીતે પચે છે. અજીર્ણ થયું હોય ત્યારે એક તોલો (બે ચમચી) આદુના રસમાં એટલો જ લીંબુનો રસ મેળવી તેમાં થોડુંક સિંધવનું ચૂર્ણ નાખી તે રસ પીવાથી અજીર્ણ મટે છે. એક તોલા આદુના રસમાં એટલો જ કાંદાનો રસ મેળવી પીવાથી ઊલટી બંધ થાય છે. ઉધરસ, દમ અને સળેખમમાં એક તોલા આદુના રસમાં એટલું જ મધ મેળવી રોજ સવારમાં લેવું.

આદુ સુકાય એટલે તેની સૂંઠ થાય. સૂંઠ સારી તાકાત આપે છે. સૂંઠને ખાંડીને તેનો ભૂકો કરી તેમાં તેનાથી અર્ધ ભાગનાં ઘી ગોળ નાખી તેની લાડુડી રોજ સવારે ખાવાથી સારી તાકાત આવે છે. તેમાં મેથીનો લોટ પણ સમભાગે ઉમેરાય. પાવલી જેટલું સૂંઠનું ચૂર્ણ મોળી છાશમાં લેવાથી હરસમાં ફાયદો થાય છે.

(સ્વસ્થ માનવ) —ચંદુલાલ દવે

વડનું દૂધ

વડ આપણા ભારતનું એક ગંજાવર વિશાળ વૃક્ષ છે. એની છાલ ને દૂધને ઔષધમાં ઉપયોગમાં લેવામાં આવે છે. વડ, પીપળો, ઉંબરો, પીંપરી અને વેડસ (વેતસ-નેતર) એ પાંચની છાલને પંચવલ્કલ નામ આપવામાં આવ્યું છે.

વડની ડાખળી અથવા પાન યા કુંપળ તોડવાથી તેમાંથી જાડો શ્વેત દૂધના રંગ જેવો પ્રવાહી પદાર્થ નીકળે છે તે જ વડનું દૂધ. એ અતિ ઉપયોગી પુરવાર થયું છે. સવારમાં સૂર્યોદય પહેલાં આ દૂધનાં પાંચ-સાત ટીપાં દરરોજ એક મહિના સુધી પીવામાં આવે તો સ્વપ્નમાં થતો વીર્યસ્રાવ તદ્દન અટકી જાય છે. વળી એ પીળાશ પડતા લોહીને લાલચટક બનાવે છે. એનો ખાસ ગુણ પાચનશક્તિને ઉત્તેજિત કરવાનો છે. જો પાચનશક્તિ મંદ પડી ગઈ હોય તો દરરોજ વડના દૂધનાં પાંચ-સાત ટીપાં એક મહિના સુધી લેવાથી તે સતેજ થઈ જાય છે અને ભૂખ લાગવા માંડે છે. ડૉક્ટરો માંદા અને માયકાંગલા માણસોને શક્તિ આપવા વિલાયતી દવાના મોંઘાદાટ બાટલાઓની ભલામણ કરે છે એના કરતાં ઉપર જણાવેલા વડના દૂધનું પ્રમાણસર નિયમિત સેવન કરવામાં આવે તો દર્દ મટી જઈ શક્તિ આવે છે. વડના દૂધનાં પાંચ સાત ટીપાં રોટલા, રોટલી કે પતાસા પર પાડી તે વસ્તુઓ પણ સહેલાઈથી કોઈ પણ જાતની સૂગ વિના ખાઈ શકાય છે. ખાધા પછી ઊલટીથી નીકળી જતા અન્નને નીકળી જતું અટકાવવા આ વડનું દૂધ ઉપયોગી પુરવાર થયું છે. ઝરતા હરસમસામાં જ્યારે કેમેય કરી લોહી પડવું બંધ થતું નથી ત્યારે તેવા દરદીને દરરોજ વડના દૂધનાં છ ટીપાં આપવાથી લોહી નીકળતું ધીમે ધીમે બંધ પડી જાય છે. મરડાનો વ્યાધિ પણ આ દૂધના સેવનથી દૂર થઈ જાય છે. કુકર્મોથી બળહીન અને પાતળા પડી ગએલા વીર્યને સુધારવામાં આ દૂધ અગત્યનો ભાગ ભજવે છે. દમના રોગમાં આવતી ખાંસીને પણ આ દૂધ મટાડે છે. હાથપગની ચામડી ફાટે યા તેમાં ચીરા પડે ત્યાં વડનું દૂધ ચોપડવાથી ધીરે ધીરે આરામ થઈ જાય છે. જૂનાં ગૂમડાંને વડના દૂધની પટ્ટી મારવાથી જરૂર ફાયદો થાય છે. આંખો દુઃખે ત્યારે આંખ પર વડના દૂધનાં પોતાં મૂકવાથી ફાયદો થાય છે મોઢા પર થતા ખીલ પર વડનું દૂધ અને હળદરનું ચૂર્ણ મેળવીને મૂકવાથી ખીલ ધીમેધીમે નાબૂદ થાય છે. આમ સમગ્રપણે જોતાં વડનું દૂધ એક અકસીર નૈસર્ગિક ઔષધ પુરવાર થયું છે.

(વ્યાયામ) —ડાહ્યાભાઈ દેસાઈ

સૂરણ

સૂરણમાં બે જાત છે: મીઠી અને ખૂજલીવાળી. ખૂજલીવાળું સૂરણ ખાવાથી મોંમાં વવળાટ થાય છે અને મોં સૂજે છે. એ જાતના સૂરણનો કંદ લીસો હોય છે. મીઠી જાત ગુણવત્તામાં વધારે સારી છે અને એ વવળતી નથી. તેના ગરનો રંગ સફેદથી માંડી આછો ગુલાબી હોય છે. મીઠી જાત શાક માટે વપરાય છે. વવળાટવાળી જાત ઔષધિરૂપે વપરાય છે અને ઔષધિ તરીકે તે સારી ગણાય છે.

સૂરણનો કંદ એમ ને એમ કાચો ખાઈ શકાતો નથી, પણ તેનું શાક સ્વાદિષ્ટ અને રુચિકર થાય છે. સર્વ પ્રકારનાં કંદ--શાકોમાં સૂરણનું શાક સર્વોત્તમ છે. તેના શાકને ઘીનો વઘાર થાય છે. શાક ઉપરાંત તેની રોટલી, પૂરી. શીરો, ખીર વગેરે કરીને પણ ખવાય છે. કોઈ કોઈ સ્થળે તેનું અથાણું પણ થાય છે. તેનાં ફૂલ, કુમળાં પાન તથા દાંડાનું પણ શાક થાય છે. સૂરણને પાણીમાં ખૂબ ધોઈ ધીમા અગ્નિની આગે બાફી પછી ઘી કે તેલમાં તળીને તેમાં મરી-મીઠું વગેરે નાખીને ખાવાથી એ સ્વાદિષ્ટ લાગે છે અને શરીરને પુષ્ટ બનાવે છે. સૂરણ લાંબો વખત રહી શકે છે. સૂરણમાં પ્રોટીન, કેલ્શિયમ ફૉસ્ફરસ અને લોહ છે તેમ જ તેના સેવનથી વિટામિન 'એ' સારા પ્રમાણમાં મળે છે. સૂરણ અર્શ-મસાના રોગમાં ખૂબ ગુણકારી છે. તેના સેવનથી અર્શ–મસાની વેદના અને રક્તસ્રાવ થતો હોય તો તે મટે છે.

સૂરણ અગ્નિને પ્રદીપ્ત કરનાર, રુક્ષ, તૂરું, ખૂજલી કરનાર, ઝાડાને

રોકનાર. રુચિ ઉત્પન્ન કરનાર. હલકું અને કફ તથા અર્શને કાપનાર છે. મીઠું અથવા ધોળું સૂરણ તીખું, ઉષ્ણ, રુચિકર, અગ્નિદીપક, છેદક, લઘુ, રુક્ષ, તૂરું, મળને રોકનાર, વાયુનાશક, કફનાશક, પાચન પણ રક્તપિત્તનો પ્રકોપ કરનાર છે. ખૂજલીવાળું રાતું સૂરણ ઉધરસ, ઊલટી, ગોળો અને શૂળમાં ગુણકારી છે. તેમ જ એ કૃમિનાશક છે.

સર્વ પ્રકારનાં કંદશાકોમાં સૂરણ શ્રેષ્ઠ ગણાય છે; છતાં દાદર, કોઢ અને રક્તપિત્તના રોગીઓ માટે તે હિતકારી નથી. અશક્ત માણસ માટે બાફેલું સૂરણ પથ્ય હોવા છતાં તેનું વધુ પ્રમાણમાં સતત સેવન કરવાથી નુકસાન કરે છે. સૂરણના કંદને સૂકવીને તેનું ચૂર્ણ કરી, ઘીમાં શેકી સાકર નાખી ખાવાથી આમ મટે છે.

સૂરણના કંદને સૂકવી બનાવેલું ચૂર્ણ બત્રીસ તોલા, ચિત્રક સોળ તોલા, સૂંઠ ચાર તોલા અને મરી બે તોલા, એ સર્વનું ચૂર્ણ કરી તેનાથી બમણો ગોળ તેમાં નાખી મોટા બોર બોર જેવડી ગોળીઓ બનાવી ખાવાથી સર્વ પ્રકારના અર્શ–મસા મટે છે. —માધવ મો. ચૌધરી

આપણાં વૃત્તપત્રોનો ફેલાવો

ભારત સરકારની છેલ્લી ગણના પ્રમાણે ભારતનાં ટોચનાં વૃત્તપત્રોનો ફેલાવો આ પ્રમાણે છે :

આનંદ બાઝાર પત્રિકા (બંગાળી દૈનિક) ૨,૯૧,૧૨૯.

ઇંડિયન એક્સપ્રેસ (૧૦ સ્થળેથી નીકળતી આવૃત્તિઓ મળીને) કુલ ૪,૦૩,૯૨૧.

ટાઈમ્સ ઑવ ઇંડિયા (ત્રણ આવૃત્તિઓ મળીને) ૩,૪૬,૭૩૩.

મલયાલી મનોરમા (દૈનિક) ૩,૭૭,૪૪૪,

કુમુદમ્ (તામિલ અઠવાડિક. મદ્રાસ) ૪,૩૮,૬૨૧.

મલયાલી મનોરમા (અઠવાડિક, કોટ્ટાયમ્) ૩,૭૭,૬૨૫.

રીડર્સ ડાઇજેસ્ટ (અંગ્રેજી માસિક, મુંબાઇ) ૧,૯૫,૧૧૭.

મનોહર કહાનિયાં (હિંદી માસિક, અલ્લાહાબાદ) ૧,૯૪,૪૩૭.



જુલાઇ-ઑગસ્ટ માસનું આકાશદર્શન

ઉત્તર અને મધ્ય આકાશમાં પૂર્વાર્ધમાં (નકશામાં ડાબી તરફ) 'હંસ' અને 'ગરુડ' તારામંડળો ધ્યાન ખેંચે તેવાં અને પ્રેક્ષણીય છે. હંસ તારામંડળમાં 'હંસપુચ્છ' તારો એક મહાપ્રતાપી તારો ગણાય છે અને એટલે આપણે એને 'ગાધીતારક'નું નામ આપ્યું છે એ યથાર્થ છે. લગભગ બાણુંહજાર જેટલો તેજાંક ધરાવતો હંસપુચ્છ આપણાથી ૧૬૦૦ પ્ર. વ. દૂર છે. ખગોળશાસ્ત્રીઓનું માનવું છે કે આ તારાનું વાતાવરણ સ્પંદનો અનુભવી રહ્યું છે. હંસમુખ પણ આ મંડળનો એક તેજસ્વી તારો છે. સુવર્ણ અને નીલરંગી બે તારાઓની જોડથી બનેલો આ તારો સુંદર ગણાતા યુગ્મતારાઓમાં અગ્રસ્થાને છે. એની આસપાસનું આકાશ અનેક રીતે સમૃદ્ધ છે. હંસપુચ્છ અને હંસમુખ પાસે શ્યામ નિહારિકા હોવા ઉપરાંત આ મંડળનો વિસ્તાર અનેક સ્ફોટક તારાઓનો લીલાપ્રદેશ છે. હંસના વક્ષઃસ્થાને આવેલો તારો 'હંસવક્ષ' નામે જ ઓળખાય છે. દર સેકંડે ૭ કિલોમીટરના વેગે એ આપણી દિશામાં ધસી રહ્યો છે. હંસની સામે જ ઊડતા ગરુડ જેવું લાગતું એક તારામંડળ 'ગરુડ' નામે જ ઓળખાય છે. એમાં કાવડનાં બે પલ્લાંમાં માતાપિતાને બેસાડીને એમને યાત્રા કરાવતા શ્રવણ સમો તેજસ્વી તારો 'શ્રવણ' નામે ઓળખાય છે. આપણાથી ૧૬.૫ પ્ર. વ. દૂરનો આ શ્રવણ તારો સૂર્ય કરતાં દોઢ ગણો વ્યાસ અને દસ ગણું તેજ ધરાવે છે. પોતાની ધરી ઉપર એ એટલી તો ઝડપથી ફરે છે કે એના લીધે એનો વિષુવવૃત્તીય વ્યાસ ઘણો વધી ગએલો છે. જો આથી વધુ ઝડપે એ ફરે તો તૂટીને એ યુગ્મતારો બની જાય. જો કે અત્યારે પણ એને એક નાનકડો સાથીદાર તો છે જ. હંસ અને શૌરી તારામંડળની વચ્ચે 'વીણા' નામનું એક ટચૂકડું તારામંડળ છે જે તેમાંના 'અભિજિત' તારાને કારણે બહુ વિખ્યાત છે. અભિજિત એ દશરથનું એક નામ છે જેનાથી અજાણતાં શ્રવણનો વધ થઈ ગએલો. અહીં આકાશમાં શ્રવણ અને અભિજિતનાં સ્થાન જાણે એ કથાની યાદ જાળવી રહ્યાં છે. અભિજિત સૂર્ય કરતાં અઢી ગણા વ્યાસવાળો અને પચાસ ગણો તેજસ્વી તારો છે. આપણાથી એ ૨૬.૫ પ્ર. વ. દૂર છે.

—બિહારીલાલ ટાંક

આ માસ (જુલાઈ) ઇતિહાસમાં

તા. ૧/૧૯૦૯ સર કર્ઝન વાયલીનું ખૂન. રાષ્ટ્રીય ક્રાંતિના જુવાળ દરમિયાન હિંદમાં દેશભક્તો પર જે અમર્યાદ અત્યાચારો થવા લાગેલા તેનાથી પ્રેરાઇને ઇંગ્લૅન્ડમાં હિંદી ક્રાંતિકારીઓએ હિંદુસ્તાન માટેની બ્રિટિશ નીતિનું નિયમન કરતા સર કર્ઝન વાયલીનું ખૂન કરવાનું નક્કી કર્યું. ત્યાં, 'ઇંડિયા હાઉસ'માં 'અભિનવ ભારતી'ની સાપ્તાહિકસભાઓમાં ઇંગ્લૅન્ડ ભણવા ગએલા અનેક હિંદીઓ દેશને આઝાદ કરવાની પ્રેરણા પામતા. મદનલાલ ધીંગરા પણ એક એવો જ વિદ્યાર્થી હતો. અમૃતસરના એક શ્રીમંત પંજાબી ક્ષત્રિય કુટુંબનો મોજશીલ, મસ્તીખોર ને કુશાગ્ર બુદ્ધિવાળો એ વિદ્યાર્થી ટૂંક સમયમાં જ ક્રાંતિના રંગે રંગાઈ ગયો અને વાયલીના ખૂનનું કાર્ય તેને સોંપાયું.



ઈ. ૧૯૦૯ની ૧લી જુલાઇએ ઇન્ડિયન નૅશનલ એસોસીએશનના વાર્ષિક સમારંભમાં એને નિમંત્રણ મળેલું. ત્યાં વાર્તાવિનોદમાં તદ્દન સ્વસ્થ ને શાંત દેખાતો મદનલાલ વાયલીને એક બાજુ લઈ ગયો અને ધડાધડ ગોળીઓ છોડી એને ઠાર કર્યો ને પછી શાંતિથી હસતાંહસતાં એ તાબે થઈ ગયો. કોર્ટમાં એણે પોતાના પર અંગ્રેજોને કામ ચલાવવાના કોઈ પણ અધિકારનો ઇનકાર કરતાં પોતાને ફાંસીએ ચડાવવા માગણી કરી કે જેથી એના દેશબંધુઓની અંગ્રેજો સામેની વેરવૃત્તિ વધુ પ્રબળ બને. અને આભાર વ્યક્ત કરી ગર્વભેર મોતની સજા સ્વીકારી લઇને ૧૬મી ઑગસ્ટે હસતે મોંએ શહીદ થઈ ગયો.

તા. ૩/૧૯૩૬ હિંદુસ્તાનના પ્રાંતોમાં પ્રજાકીય શાસન દાખલ કરતા નવા બંધારણનો વાઈસરૉયનો ખરીતો બહાર પડયો. જે અનુસાર બીજા વર્ષે ૧લી એપ્રિલે કૉંગ્રેસે પ્રધાનપદ લીધાં.

તા. ૫/૧૭૮૧ સિંગાપોરના સ્થાપક સર સ્ટેમ્ફર્ડ રૅફલ્સનો જન્મ અને ૧૮૨૬માં આ જ તારીખે અવસાન. દૂર પૂર્વના ભાવિ બ્રિટિશ સંસ્થાનોમાં સિંગાપોરનું ભૌગોલિક ને લશ્કરી મહત્ત્વ સમજી એણે ત્યાં વહીવટ સ્થાપ્યો. બ્રિટિશ સામ્રાજ્યના ઇતિહાસનો એ સીમાસ્તંભ ગણાય છે.

તા. ૮/૧૯૫૪ ભારતની ગંજાવર નહેરયોજના 'ભાકરા-નાંગલ'નું પંડિત નેહરુએ ઉદ્‌ઘાટન કર્યું.

તા. ૧૪/૧૭૮૯ આપખુદ રાજા, જુલમી જમીનદારો ને અમીરો તથા ધર્મગુરુઓના અત્યાચારોથી ત્રાસેલી ફ્રેંચ પ્રજામાં લાંબા સમયથી ધૂંધવાઈ રહેલી આગ અંતે ભભૂકી અને જુલમગારીની ઈતરાજીનો ભોગ બનેલા સેંકડો લોકોને જ્યાં જેલકાયદે ગોંધી રાખવામાં આવતા એ દોજખ સમા બાસ્તિલના કિલ્લા પર વિરાટ લોકદળે હુમલો કરી અંદરના કેદીઓને મુક્ત કર્યા ને કિલ્લાને જમીનદોસ્ત કર્યો. રાજાશાહીનો અંત લાવીને 'સ્વતંત્રતા સમતા અને બંધુતા' સ્થાપવા માટેની ફ્રાંસની ઇતિહાસપ્રસિદ્ધ રાજક્રાંતિનો એ આરંભ હતો.

તા. ૧૫/૧૬૦૬ ચિત્રમાં છાયાપ્રકાશની આગવી માવજત અને રંગની અદ્‌ભુત સંવાદિતા માટે જગવિખ્યાત ડચ કલાકાર રેમ્બ્રાં હરમેન્ઝ વાન રૈનનો લાઈડન મુકામે જન્મ. આ જ રીતે પોતાની આગવી શૈલી વડે જગત ખ્યાતિ પામનાર કલાકાર વિન્સેન્ટ વાન ગોઘ પણ ઈ. ૧૮૯૦માં આ જ માસની ૨૯મી તારીખે જન્મેલો.

તા. ૨૨/૧૯૪૭ સ્વતંત્ર ભારતના રાષ્ટ્રધ્વજનું નિર્માણ. બંગભંગ સમયે જ્યારે આપણી રાષ્ટ્રીય ચેતનાએ લડતનું રૂપ લીધું ત્યારે સૌ પ્રથમ આપણા પોતાના એક ધ્વજનું નિર્માણ થયું, ને તે પછી સમયાનુસાર તેની રચનામાં ફેરફાર થતા રહી છેવટે કેસરી સફેદ તથા લીલા પટ્ટા અને મધ્યમાં રેંટિયાવાળો ધ્વજ રચાયો. આઝાદી પછી બંધારણ સભાએ તેમાં રેંટિયાને સ્થાને સમ્રાટ અશોકના સ્તંભ પરના ધર્મચક્રનું આલેખન મૂક્યું.

તા. ૨૮/૧૮૬૨ ઇજિપ્તની લોકમાતા અને દુનિયાની બીજા નંબરની લાંબામાં લાંબી નાઈલ નદીનું મૂળ શોધાયું. ઈશાન આફ્રિકાના સૂકા રેતાળ વિસ્તારમાં દર વર્ષે પૂરનાં પાણી સાથે ફળદ્રુપ કાંપ ખેંચી લાવતી આ નદીનું મૂળ શોધવા બે હજાર વર્ષ પૂર્વે ઇજિપ્ત પર રાજ કરતા રોમનોથી શરૂ કરીને અનેક પ્રયત્નો થતા રહેલા. છેલ્લે સ્કૉટલૅન્ડના જેમ્સ બ્રૂસે અનેક સાહસો ખેડી બ્લ્યુ નાઈલનું મૂળ શોધ્યા બાદ ૮૦ વર્ષે પછી જ્હૉન સ્પેક અને જેમ્સ ગ્રાંટે વિક્ટોરિયા ન્યાન્ઝા સરોવરની પ્રદક્ષિણા કરી એને ઉત્તરેથી 'વ્હાઈટ નાઈલ'નું મૂળ શોધી કાઢયું. આ સરોવરની શોધ પણ ઈ. ૧૮૫૮માં જ્હૉન હેનિંગે આ જ માસની ૩૦મી તારીખે કરી હતી.



'આંધળાને કાંઈક આપો' એવા પાટિયા સાથે ઊભેલો એક ભિખારી એટલો બધો નિમાણો ને નંખાઈ ગએલો લાગતો હતો કે તેને જોઇને એક બાઇએ પોતાની પર્સ કંફોળી તેમાંથી બે રૂપિયાની નોટ કાઢીને તેના હાથમાં મૂકી. એ જોઈ ભિખારી બોલ્યો 'બે રૂપિયાની નોટ અપશુકનિયાળ ગણાય છે. એક એક વાળી બે આપોને!' બાઇએ તરત પૂછયું 'તું આંધળો છે, તો કેમ જાણ્યું કે આ બે રૂપિયાળી નોટ છે?' પેલાએ કહ્યું: 'હું આંધળો નથી મારો જોડીદાર આંધળો છે. આજ તેનો રજાનો દિવસ હોવાથી તે સિનેમા જોવા ગયો છે, એટલે તેને બદલે હું ઊભો છું. બાકી હું તો બહેરો ને મૂગો છું.'

~

વકીલ (સાક્ષીને): તમે કહ્યું કે તમો અકસ્માતના સ્થળથી પાંત્રીસ ફૂટ દૂર હતા. વારુ, તમે કેટલે સુધી સ્પષ્ટ જોઈ શકો છો?

સાક્ષી: હું સવારે ઊઠું છું ત્યારે સૂર્યને જોઈ શકું છું, અને કહેવાય છે કે તે નવ કરોડ તેત્રીસ લાખ માઈલ દૂર છે.

~

બે મિત્રો ત્રીજાની ખુશનસીબીની વાતો કરતા હતા. એકે કહ્યું: 'તે આખર સુધી ભાગ્યશાળી રહ્યો.' 'એ કેવી રીતે?' બીજાએ પૂછયું.

'એ કાલુ માછલી ખાતાં ખાતાં સાથે તેનું મોતી પણ ગળી ગયો. એ કાઢવા માટે ઑપરેશન કરવું પડયું, અને એ મોતી વેચાયું તેમાંથી એના ઑપરેશન અને ઉત્તરક્રિયા બંનેનો ખર્ચ નીકળી રહ્યો.'



(જનસત્તામાં સ્વ. 'શિવ')

અનુષ્ટુપ

જન્મશું, જીવીશું, ભાવે મૃત્યુને ભેટશું કદા,
પરંતુ ભાવનાસૃષ્ટિ સેવશું જગતે સદા.


—દેશળજી પરમાર

સ્મિથ નામનો એક અમેરિકન બસમાં બેસીને રોજ કામે જતો. બસ-સ્ટૅન્ડ ઉપર આવ્યા પછી, બસ આવતાં સ્હેજે પાંચસાત મિનિટ તો નીકળી જ જાય. આટલો સમય પણ નકામો જવા દેવાને બદલે તેનો ઉપયોગ કરવાનું વિચારી એ દરરોજ ફૂલછોડનાં બી પોતાની સાથે લાવવા માંડયો. બસ સ્ટૉપની આજુ-બાજુની બધી જગા ખુલ્લી હતી. થોડા સમય-માં તો ત્યાં ફૂલોનો આખો બગીચો ઊભો થઈ ગયો અને આજે તે 'સ્મિથ-ગાર્ડન' નામે ઓળખાય છે.

અનેકાર્થી શબ્દ : ઝરમર = વરસાદની ફર-ફર; ધીમેધીમે વરસવું તે; સ્ત્રીની ડોકનું એક ઘરેણું; સ્ત્રીના પગનો એક અલંકાર; એક જાતનું બારીક કપડું.

ગણિતગમ્મત

૮ સિવાયના ૧ થી ૯ સુધીના બધા આંકડા અનુક્રમે લખીને, પછી તેમાંનો ગમે તે આંકડો પસંદ કરો. તેને નવે ગુણીને જે ગુણાકાર આવે તે વડે એ આખી રકમને ગુણવાથી ગુણાકાર તમે પસંદ કરેલા આંકડાઓનો જ આવશે. ધારો કે તમે ૧૨૩૪૫૬૭૯ એમાંથી ૭ પસંદ કર્યો. તેને નવે ગુણતાં ૬૩ થયાં. હવે ૧૨૩-૪૫૬૭૯ × ૬૩=૭૭૭૭૭૭૭૭૭.




કલાકણિકા : દુનિયાના લગભગ બધા જ દેશોમાં પક્ષી-પ્રાણીની સંયુક્ત દેહાકૃતિવાળાં વિચિત્ર પ્રાણીઓની કલ્પના પોષાતી રહી છે. ગરુડ, વાઘ અને હરણની મિશ્રિત દેહાકૃતિ-વાળા કાલ્પનિક પ્રાણીનું આ આલેખન ઈ. પૂર્વે ૪/૫મી સદીનું છે સાઇબીરિયાના પેઝીરિક મુકામેથી મળી આવેલા કોઈ લોકનાયકના શબના દેહ પર એ ત્રોફાએલું છે.

वित्ते त्यागः क्षमा शक्तौ
दुःखे दैन्य-विहीनता ।
निर्दम्भता सदाचारे
स्वभावोऽयं महात्मनाम् ॥

મહાપુરુષોમાં આ ગુણો સહજ રીતે જ હોય છે : ધન પ્રાપ્ત થતાં દાનની વૃત્તિ, શક્તિ આવતાં ક્ષમાશીલતા, દુ:ખ આવી પડતાં પણ દીનતા નહિ અને એમનાં આચારમાં આડંબર હોતો નથી.

કહેવતોના અર્થ : 'મુંબાઈમાં મોવાળો એ ઉમરાળામાં આડસર'—ઓછા દેવતવાળો મા-ણસ પોતાનાથી ઊતરતી કક્ષાનાં માણસો વચ્ચે શેખીથી મહત્તા માણે એ ઉપાલંભથી દર્શા-વાતી આ કહેવતના જેવી જ બીજી કહેવતો : 'ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન'. 'આંધળામાં કાણો રાજીઓ' વગેરે.

અંકસંદર્શ—આઠ : પદાર્થના આઠ સામાન્ય ધર્મ—પરિમેયતા, નિર્ભેદ્યતા, વિભાજ્યત્વ, અ-છિદ્રતા, સંકોચત્વ, સ્થિતિસ્થાપકત્વ, જડત્વ, અવિનાશિત્વ.



ટિકિટકથા : નોર્વેની આ ટિકિટ જો બહુ પરિચિત લાગે તો એ સ્વાભાવિક છે, કારણ છેક ૧૮૭૧માં ત્યાંની પ્રથમ ટિકિટ બહાર પડી ત્યારે તેના પર 'પોસ્ટ-હૉર્ન' વાળુ આ ડિઝા-ઈન છપાએલું તે જ પ્રમાણે યા નજીવા ફેર સાથે સતત વપરાતું રહ્યું છે. ગયા વર્ષે ૧૦૭ વર્ષ બાદ જુદી જુદી કિંમતની છ નવી ટિકિટો તેમાં ઉમેરાઈ. આ દીર્ઘ કાળ દરમિયાન રંગફેર, કા-ગળ ફેર તથા મુદ્રણની પદ્ધતિ બદલાતી રહી ખરી, પણ ડિઝાઈન લગભગ આ જ રહ્યું. આજે ત્યાંની લગભગ ૧૫૦ ટિકિટો અલગ તારવી શકાય છે, જેમાંની એક આછા લીલા રંગની આ ૧૮૭૪ની ટિકિટ દુષ્પ્રાપ્ય હોઈ સંગ્રાહકો-માં મૂલ્યવાન ગણાય છે.

હેતુ વિનાનું જીવન એ સુકાન વિનાના વહાણ જેવું છે.

દેશદેશના માનવીનું સરેરાશ આયુષ્ય


દેશ	પુરુષ	સ્ત્રી
ભારત	૪૧.૯	૪૦.૬
સ્વીડન	૭૨ ૧	૭૭ ૫
જાપાન	૭૧.૨	૭૬.૩
કૅનેડા	૬૯,૩	૭૬.૪
અમેરિકા	૬૮.૨	૭૫ ૯
રશિયા	૬૪ ૦	૭૪.૦
ચીન	૫૯.૯	૬૩.૩
કેન્યા	૪૬.૯	૫૧.૨

ભારતની સ્ત્રી આમ પુરુષ કરતાં સહેજ ઓછું આયુષ્ય ધરાવે છે ત્યારે કૅનેડામાં તો પુરુષ કરતાં સ્ત્રી સરેરાશ ૭ વર્ષ વધુ જીવે છે. ભારત કરતાં કીન્યા જેવા દેશના લોકોનું સરે-રાશ આયુષ્ય વધારે છે. (જન્મભૂમિ—પ્રવાસી)

સુકાઈને ચવડ તથા સખત થઈ ગએલા લીંબુને ફેંકી ન દેશો. થોડી વાર ગરમ પાણી-માં પલાળી રાખવાથી નરમ પડી જશે ને સ-હેલાઈથી રસ કાઢી શકાશે.

વૉશબઝીન અને ઈનૅમલનાં વાસણો કે ટબ ઊજળાં દૂધ જેવાં કરવા માટે મીઠું અને ટર્પેન્ટાઈન મેળવીને વાપરજો.

કમળા ઉપર ખૂબ શેરડી ખાવી ફાયદાકારક છે.



કૅલિફૉર્નિયાના પાલોમર પર્વત ઉપરના દૂર-બીનમાંથી ચંદ્રને જોઇએ તો એ માત્ર આઠ જ માઈલ દૂરથી દેખાય તેવો લાગે છે. આ દૂર-બીનના દર્પણકાચનો વ્યાસ બસો ઈંચ અને તેનું વજન સાડા ચોદ ટન જેટલું છે.



વૃક્ષોની વૃદ્ધિ આપણી સમૃદ્ધિ

ગામેગામે ગ્રામવન ઊભાં કરી તેનું જતન કરીએ



માહિતી-ગુજરાત-૭૭